30842

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

પાંચમી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ...... 66 ग / ९६ (V)

पञ्जिका संख्या ...... ३०८६२ (ल)

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

66 ग / ९६ (V)

३०८६२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૬ ગ
૯૬ (V)
૩૦૮-૬૨
(ગ)

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૧૫

વિદ્યાપીઠ વાચનમાળા

પાંચમી ચોપડી

[ગુજરાતી શાળાના પાંચમા યા અંગ્રેજી શાળાના પહેલા ધોરણ માટે]

CH... 1973
Initial ......

Shah Bhailalbhai Dahyabhai.
Book-Seller & Stationer,
NAVSARI.

स्टाक प्रमाणीकरण ११८४-११८२

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પુનર્મુદ્રણ, પ્રત ૧૪,૦૦૦
કુલ પ્રત ૮૪,૦૦૦

નવ આના   જૂન, ૧૯૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠે લગભગ તેની હસ્તીની શરૂઆતથી, ગુજરાતીના અભ્યાસને માટે સારી અને અને સુઘડ વાચનમાળા તૈયાર કરવાનો ઇરાદો સેવ્યો છે; અને તે અનુસાર આજ સુધીમાં કેટલીક ચોપડીઓ પ્રસિદ્ધ પણ કરી છે. તે બધું કામ તપાસીને, ઠીક લાગે તે સુધારવું વધારવું, અને આજે જે પસંદ કરવા જેવું ન લાગે તે રદ કરી નવેસર બીજું રચવું, એ કામ ઈ. સ. ૧૯૩૫ પછી વિદ્યાપીઠે ઉપાડ્યું છે. તે અનુસાર બાળપોથી તરીકે 'ચાલણગાડી'ની સુધારેલી વધારેલી નવી આવૃત્તિ બહાર પડી છે. અને ત્યાર પછીની ચાર ચોપડીઓનું કામ હાથ ઉપર છે, જે પૂરું કરી થોડાક માસ બાદ જનતા આગળ મૂકવાની આશા છે.

વાચનમાળાની ત્યાર પછીની ત્રણ ચોપડીઓ — પાંચમી, છઠ્ઠી અને સાતમી — તેમની પ્રત્યક્ષ જરૂર અમને વિનય મંદિરનાં પ્રથમ ત્રણ ધોરણોને માટે પણ લાગ્યા કરી છે. કેમ કે એ વર્ગોને માટે કરીને પ્રસિદ્ધ થયેલી, ઉપલબ્ધ ચોપડીઓ સર્વ રીતે સંતોષ આપી શકતી નથી.

બીજી તરફ સરકારે પોતાની આજ એક પેઢીથી પણ વધુ જૂની થયેલી વાચનમાળા છાપવાનું બંધ કર્યું, અને એનું સ્થાન આજ ખાલી જ છે. તેથી કુમાર મંદિરો કે સાત ધોરણની ગુજરાતી શાળાઓનાં છેલ્લાં ત્રણ ધોરણને માટે પણ યોગ્ય ચોપડીઓની જરૂર જણાય છે.

અને ઉપર જણાવેલાં ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ તથા હાઈ-સ્કૂલનાં પ્રથમ ત્રણ ધોરણના વિદ્યાર્થીઓની જરૂર ભિન્ન નથી. એમાં ફરક પડતો હોય તો એટલો જ કે, પાછળનાં ધોરણોમાં અંગ્રેજી શરૂ થવાથી, શિક્ષણમાં ગુજરાતી ગૌણ સ્થાને જાય છે, તેથી કરીને કદાચ વરસમાં કામ ઓછું થાય. પરંતુ બાળકની જરૂર, તેનાં વિકાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ઘડતર, અને જિજ્ઞાસા તથા કર્તૃત્વ વગેરે જોતાં, બેઉ પ્રકારનાં ત્રણ ધોરણો માટે સરખી જ વાચનમાળા જોઈએ.

શિક્ષણની આ જરૂર ઉપરાંત, જ્ઞાનવિજ્ઞાન અને સંસ્કારિતા તથા લોકજીવનની દૃષ્ટિએ પણ છેલ્લી પેઢીમાં આપણે ખૂબ વધ્યા છીએ. પ્રજાના જીવનનાં સર્વ અંગોનાં આદર્શ અને મહત્ત્વાકાંક્ષાઓમાં ભારે પલટો થયો છે તેથી કરીને, દરેક દાયકે એને અનુરૂપ વાચન-માળા ઘડાતી કે રૂપાંતરિત થતી રહે, તો તે ઇષ્ટ છે.

આ ખ્યાલો ઉપરથી વિદ્યાપીઠની પુસ્તક પ્રકાશન સમિતિએ ઠરાવ્યું કે, વિનય મંદિર યા હાઈસ્કૂલનાં પહેલાં ત્રણ, અથવા કુમાર મંદિર કે સાત ધોરણની ગુજરાતી શાળાનાં છેલ્લાં ત્રણ, એ ધોરણોને માટે, વાચનમાળાની પાંચમી, છઠ્ઠી અને સાતમી ચોપડીઓ પણ તૈયાર કરવામાં આવે. આ પાંચમી ચોપડી તે અનુસાર તૈયાર કરવામાં આવી છે, અને ત્યાર પછીની બે ચોપડીઓ થોડાક માસમાં પ્રસિદ્ધ કરવાની આશા છે.

વિજ્ઞાન, ભૂગોળ, ઇતિહાસ જેવા ખાસ વિષયો માટે અલગ પાઠ્યપુસ્તકો વપરાતાં હોવાથી, તેમને વિષેના પાઠોથી વાચનમાળાની જગા રોકવાની જરૂર હવે રહી નથી. એટલે આ ચોપડીમાં એ વિષયના ક્રમિક ભાગો રાખ્યા નથી.

પાનાંની સંખ્યા સામાન્ય જરૂર કરતાં કાંઈક વધારે છે, તે એ ઇરાદે કે તેથી કરીને શિક્ષકોને પસંદગીનું ક્ષેત્ર મળી રહે.

વિદ્યાર્થીઓને કોશ વાપરતાં આવડે એ ઇરાદે, ચોપડીમાંથી પસંદ કરેલા લગભગ ત્રણસોએક શબ્દો અંતે આપ્યા છે.

કાવ્ય નાગરીમાં છાપવાનો રિવાજ સરકારી વાચનમાળામાં ચાલતો તે જારી રાખ્યો છે, જેથી આપણાં બાળકો, વગર બોજો ભોગવ્યે, નાગરી લિપિનો પણ પરિચય કરી લઈ શકે. હવે હિંદુ-સ્તાનીનું શિક્ષણ પણ આ વર્ષોમાં શરૂ થાય છે, તેથી પણ નાગરીનો આ ઉપયોગ આવકારપાત્ર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારનું પુસ્તક તૈયાર કરવામાં અનેક લેખકોનાં લખાણોનો, સીધો કે આડકતરો ઉપયોગ કરવાનો તો હોય જ છે, અને એ સૌનાં નામ ગણાવવા બેસવું અશક્ય લેખાય. છતાં આ સ્થળે, સંસ્થા વતી તે સૌનો આભાર માનું છું. જે લેખકોએ પોતાનાં લખાણો આમાં લેવાની અમને પરવાનગી આપી છે તેમનો પણ સંસ્થા આભાર માને છે. બાકી રહ્યા આ ચોપડીનું કામ કરનારા, વિદ્યાપીઠને સ્વકીય સમજનારા કાર્યકર્તાઓ અને સેવકો, જેમણે મહેનત લઈને ઉપરની સામગ્રીમાંથી આ ચોપડીના પાઠો ઘડ્યા છે. તેઓ તો ઘરના જ હોઈ, એમનો આભાર માનવાનો હોય નહિ.

છેવટે વિનંતી કે, ગુજરાતના શિક્ષકો આ પુસ્તકને અપનાવે, અને તેને સુધારવા વધારવાને માટે પોતાની અનુભવસિદ્ધ સલાહ અને સૂચનાઓ આપી શિક્ષણના આ કાર્યને ઉત્તેજન આપે. એ જ.

તા. ૪–૩–'૪૧ — મગનભાઈ પ્ર. દેસાઈ
ગૂ૦ વિ૦ કાર્યાલય — મહામાત્ર

બીજી આવૃત્તિ

આ ચોપડીની પહેલી આવૃત્તિમાં થોડોક ફેરફાર કરી, તેને સરકારી પાઠ્યપુસ્તક સમિતિની મંજૂરી માટે મોકલી હતી. તેણે તેને મંજૂર રાખી છે, એટલે શાળાઓના ઉપયોગને સારુ આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગુજરાતની અંગ્રેજી શાળાઓ તથા સ્કૂલ બોર્ડો હવે એને અપનાવે એવી વિનંતી છે.

તા. ૧૬–૫–'૪૧ — મ. પ્ર. દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

(કવિતાના પાઠનું નામ નાગરી લિપિમાં દર્શાવ્યું છે.)

મુખચિત્ર ૨
૧. 'પહેલું સુખ તે જાતે નર્યા' . . . ૩
૨. ગિરિરાજ આબુ . . . ૭
૩. અદ્ભુત ત્યાગ . . . ૧૦
૪. नागदमन ૧૩
૫. 'કુતાબા-શિયોબા' . . . ૧૪
૬. सहाध्यायीओ ૧૯
૭. ગામડું એટલે ઉકરડો? . . ૨૧
૮. દયાળુ રાજકુમાર . . . ૨૩
૯. मीरांबाई . . . ૨૫
૧૦. બુદ્ધનો ગૃહત્યાગ . . . ૨૬
૧૧. रामवियोग . . . ૩૨
૧૨. અંગ્રેજ પ્રજાનો પ્રાચીન કાળ . . ૩૪
૧૩. ખુરાસાનનો બાદશાહ . . ૪૦
૧૪. उखाणां ૪૩
૧૫. અષો જરથુષ્ટ્ર અને જરથોસ્તીઓ ખંડ ૧-૩ . ૪૪
૧૬. પંડામર્કની પાઠશાળા . . . ૪૯
૧૭. रामबाण . . . ૫૪
૧૮. गुप्तसेवा ૫૪
૧૯. વાડીમાંનો ચરુ . . . ૫૫
૨૦. પુત્રવધૂઓની પરીક્ષા . . . ૬૦
૨૧. बंदी सिंहने . . . ૬૩
૨૨. काचवा काचबीनुं भजन . . . ૬૪
૨૩. વહાણવટાનાં સાહસ . . ૬૬
૨૪. વિલિયમ ટેલ . . . ૭૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫.	आ दिव्य अमारो देश !	૮૨
૨૬.	રૉબિન્સન ક્રૂઝોની આપવીતી ખંડ ૧–૬	૮૪
૨૭.	कातर अने सोय	૯૭
૨૮.	कबीरवड	૯૮
૨૯.	મધ્યમ	૧૦૧
૩૦.	क्षत्रिय अने ब्राह्मण	૧૦૯
૩૧.	भादरवानो भींडो	૧૧૦
૩૨.	નિયમિતતા અને સમયપાલન	૧૧૧
૩૩.	ફ્લૉરેન્સ નાઈટિંગેલ	૧૧૫
૩૪.	एक घा	૧૧૯
૩૫.	આપણાં અણગણ્યાં સહવાસીઓ	૧૨૦
૩૬.	જેલના દોસ્તો	૧૨૬
૩૭.	सागर	૧૨૯
૩૮.	કબીર અને નાનક ખંડ ૧–૩	૧૩૧
૩૯.	बार जणा	૧૩૮
૪૦.	પરોપકારી મનુષ્યો	૧૪૦
૪૧.	तलवारनो वारस	૧૪૪
૪૨.	દાદાનો શિષ્ય	૧૪૫
૪૩.	કુદરતનું હળ	૧૪૯
૪૪.	वेरण मींदडी	૧૫૩
૪૫.	હેલન કેલર ખંડ ૧–૨	૧૫૪
	શબ્દકોશ	૧૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચમી ચોપડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(પા. ૯) દેલવાડાનું મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

'પહેલું સુખ તે જાતે નર્યા'

આ દુનિયામાં આપણે જો કોઈ એકમાત્ર અને મોટામાં મોટી મૂડી લઈને અવતર્યા હોઈએ, તો તે આપણું શરીર છે. એક સંસ્કૃત વાક્ય છે કે, 'शरीरमाद्यं खलु धर्मसाधनम्'—ધર્મ, કર્મ કે કશો પણ પુરુષાર્થ શરીર વગર નહિ થઈ શકે; શરીર એ બધાનું પહેલું સાધન છે. તેથી જ ચતુર લોક કહી ગયા છે કે, 'પહેલું સુખ તે જાતે નર્યા.'

આ સંબંધમાં એક બીજી યાદ રાખવા જેવી વાત પ્રાચીન ગ્રીક લોકોએ કહી છે. તે એ છે કે, મનની શક્તિનો આધાર સંગીન શરીર-શક્તિ પર છે. જો શરીર સારું ન હોય તો મનની સંગીનતા મેળવવી મુશ્કેલ છે. શરીર અને મન એકમેકને મદદ કરે તો જ બેઉ સાજાંસમાં ચાલી શકે છે.

તેથી કરીને શરીર-મનનું આરોગ્ય દરેક માણસ માટે એક મહત્ત્વની વસ્તુ છે. પણ તે વિષે આપણે કેટલું ઓછું ધ્યાન આપીએ છીએ? દી૦ બ૦ અંબાલાલ સાકરલાલ દેસાઈ કરીને એક આપણા પ્રખ્યાત વિદ્વાન પુરુષ થઈ ગયા. તેમણે આ વિષે એક વ્યાખ્યાનમાં થોડી વાતો કહી છે, તે હવે સાંભળો :—

"જેમ રાજ્યના કાયદા હોય છે, તેમ શરીરના પણ કાયદા છે. ભજિયાં સારાં થયાં છે માટે વધારે ખાઈએ; પણ ભાઈઓ, પાચનના પણ કાયદા છે. જઠરનો એવો નિયમ છે કે, કોઈ ખોરાક ખાધા પછી તેને પચતાં છ કલાક થાય છે. તેથી ખાધા પછી છ કલાક સુધી બીજી વાર ન ખાવું જોઈએ. એક વાર દાળ ઓરી હોય અને તે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ધો કલાકે તરત બીજી તેમાં ઉમેરીએ, તો બેમાંથી એક પણ ચડે નહિ; તે પ્રમાણે કોઠાનું પણ છે.

શું ખાવું, કેટલું ખાવું, અને ક્યારે ખાવું તેના પણ નિયમ છે. એ નિયમો પાળવાથી માણસ નીરોગી રહી શકે છે અને લાંબું આયુષ્ય પણ ભોગવી શકે છે. જ્યારે આપણે નિયમ પ્રમાણે વર્તીએ છીએ, ત્યારે જ તેની ખૂબી માલૂમ પડે છે. નિયમસર જ, ભૂખ લાગે ત્યારે, ભૂખ જેટલું, અને ગુણકારી જ ખાવું જોઈએ. દેખ્યું એટલું ખાવું નહિ. લોકો આરિયાં અને એવી વસ્તુઓ રસ્તામાં ખાવા મંડી પડે છે, પણ ઈશ્વરી નિયમનો ભંગ થશે તો શિક્ષા થવાની જ.

બીજી વાત ચાવીને ખાવાની છે. કોઈ કહેશે કે શું અમે ચાવ્યા વગર ખાતા હોઈશું? હા, એમ જ છે. સોએ પંચોતેર ટકા બરાબર ચાવતા નથી. એક ગૃહસ્થ કહેતા હતા કે ભાત તે વળી ચવાતો હશે? પણ ભાઈ, એ મરી ગયો પણ અતિસારથી જ. ચાવવું એ તો એક વિદ્યા છે. આખો દાણો પેટમાં જાય તેથી નુકસાન થાય છે. રસ થઈને જાય તો જ તે લોહી સાથે એકરસ થાય; અને ચાવીએ તો જ થૂંકના પદાર્થ સાથે મળી રસ થાય. ચાવ્યા વગર ખાધેલું બરાબર પચતું જ નથી. વૈદ્યો કહે છે કે, દરેક કોળિયો ઓછામાં ઓછો ચાળીસ વાર ચાવવો જોઈએ.

શરીરના કાયદા પાળવાને કાંઈ આખું વૈદક ભણવું પડતું નથી. તાવ આવવો, માંદા પડવું, રોગી થવું કે નીરોગી રહેવું, એ મનુષ્યના પોતાના હાથમાં છે, એમ હું માનું છું. રોગનાં કારણો કેટલાંક આપણા પંડના આહાર-વિહારને વળગી રહ્યાં છે; કેટલાંક બહારનાં, એટલે કે હવાપાણીના વિકારને લીધે થાય છે. બહારનાં કારણો દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માટે સાર્વજનિક ઉપાયો લેવા પડે છે. તેવા ઇલાજ હાલ શહેરોમાં સુધરાઈખાતું લેવાનો પ્રયત્ન કરે છે. એવા ઇલાજ સર્વત્ર લેવાવા જોઈએ. પરંતુ તેવાં કારણો વિષે એક વાત યાદ રાખવાની છે તે એ કે, શરીરપ્રકૃતિ સુદૃઢ કરી હોય તો આગંતુક રોગ સામે આપણે સારી રીતે ટક્કર લઈ શકીએ છીએ. વળી દારૂ, ભાંગ, ગાંજો, તમાકુ, અફીણ વગેરે વ્યસનોથી દૂર રહેવાથી શરીર સારું રહી શકે છે.

શરીર સારું રાખવાને કસરતની દરેક જણને ખાસ જરૂર છે. સૃષ્ટિનો નિયમ જ છે કે મહેનત વગર રોટલો નથી. મનુષ્ય જેટલી મહેનત કરે છે તેટલું તે ખાઈ શકે છે. કાં શ્રીમંત, કાં ગરીબ, કાં રાય, કાં રંક, જેટલી મહેનત કરે તેટલી જ તેને ભૂખ લાગે, અને જેટલી ભૂખ લાગે તેટલું જ તે ખાઈ શકે. કસરત કરશો તેટલું જ પચાવશો, અને પચાવશો એટલું જ તમારું છે. ઘરમાં કોઠીઓ ભરેલી હશે, પણ તમે મહેનત કરશો એટલું જ ખાઈ શકશો. બધી મહેનત સરખી છે. ટોપલો ઉપાડો તો ગેરઆબરૂ અને ગોળ ઉપાડો તો સારું એમ હોય નહિ. મારા બાપના કાકા ગોરધનકાકા અલીણેથી અમદાવાદ સુખડી ને લોટો લઈ ચાલતા આવતા અને કામ પરવારી સાંજના વાળુ વખતે અલીણે જતા. અત્યારે આપણું ધોરણ બે માઈલને શુમારે છે. અસલના લોકોમાં તો લાડુ પણ ડઝનથી ઓછા ન ખાય એવા ઘણાય હતા. એ આપણા ઘરડાઓએ તો ધાડો પાછી વાળી છે, ને આપણે તો ભય હોય તો પોલીસ-પાર્ટી માગીએ છીએ!

શરીર સુદૃઢ કરવાને બ્રહ્મચર્ય સૌ કરતાં ઉત્તમ ઉપાય છે, એ આપણા પૂર્વજોએ અભ્યાસ કરીને સિદ્ધ કરી આપ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને હાલ અનુભવ કરવાથી સિદ્ધ થાય છે. ખોરાકથ કે કસરતથી શરીર સુદૃઢ થાય તે કરતાં બ્રહ્મચર્યથી વધા સુદૃઢ થાય છે. વિદ્યાર્થી પૂરેપૂરું ભણી રહે ત્યાં સુધી તે તેણે બ્રહ્મચર્યનું યોગ્ય રીતે પાલન કરવું જ જોઈએ. તેથ જ વિદ્યાભ્યાસના સમયને બ્રહ્મચર્યાશ્રમ કહ્યો છે.

સ્વચ્છતા એ પણ શરીરનીતિનો એક અગત્યનો ભા છે. બાહ્ય શૌચ એટલે બહારની ચોખ્ખાઈના નિયમો એટલ જ માટે આપણા ધર્મમાં દાખલ કરવામાં આવેલા છે કે, કાં નહિ તો ધર્મને નિમિત્તે એ નિયમોનું બરાબર પાલન થાય.

હું એક બીજી અનુભવસિદ્ધ સલાહ આપીશ, તે સ વિદ્યાર્થીઓએ ગ્રહણ કરવા જેવી છે. સ્નાન કર્યા પછ દરેક બાળક અને બાલિકાએ સૂર્યને નમસ્કાર કરવાની ટે પાડવી. જેઓ ધર્મમાં માને તેમણે તેમ માનવું અને માને તેમણે કસરત થશે એમ માની એ કરવું. આ કસર કરવામાં કશો બાધ આવે એમ નથી."

સ્વાધ્યાય

૧. શરીર સારું રાખવાને માટે કયા કયા નિયમો પાળવા આ પાઠમાં કહ્યું છે તે જોઈ કાઢો; તે વિષે તમે પોતે કેટલું પાળ છો તેનો વિચાર કરો; આગળ વધવા ઠરાવ કરો.

૨. વ્યસન એટલે શું? તમારા ઘરમાં, ગામમાં કયાં કય વ્યસનો છે તે તપાસજો, અને તેનાં ફળ નિહાળીને વ્યસનનાં ખરા પરિણામો વિષે જાતે ખાતરી કરજો.

૩. સ્વ૦ અંબાલાલ સાકરલાલ દેસાઈ (ઈ. સ. ૧૮૪૪–૧૯૧૪ જાતે બ્રહ્મક્ષત્રિય હતા. બ્રહ્મક્ષત્રિયોનું મૂળ વતન ખેડા જિલ્લામ અલીણા ગામ, ત્યાંથી તેમના વડવાઓ અમદાવાદમાં આવીને વસેલા

૪. સ્વ૦ અંબાલાલનું આ વ્યાખ્યાન મોઢે કરો અને છટાબે તે બોલતાં શીખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિરિરાજ આબુ



'વિશ્વામિત્રે પાવાગઢ ઉપર કાલિકા સ્થાપ્યાં; વસિષ્ઠે આબુને અપનાવ્યો; ભૃગુઋષિએ ભૃગુક્ષેત્રને પાવન કર્યું; અને ગિરનારની ગુફાઓમાં ગુરુ દત્તાત્રેયે વાસ કર્યો. આમ ગુજરાતમાં આર્યોની સાથે આર્ય ઋષિઓ આવ્યા અને તેમણે આર્ય સંસ્કૃતિનો પ્રચાર કર્યો.'

ગિરિરાજ આબુનું નામ મહાભારત અને વિષ્ણુપુરાણ જેવા પ્રાચીન ગ્રંથોમાં આવે છે. ગુજરાતનું એ એક પુરાણ-પ્રસિદ્ધ પવિત્ર સ્થાન છે. અનેક ઋષિમુનિઓ તેની ગુફાઓમાં વસતા અને તપ સમાધિમાં પોતાનો સમય ગાળતા. સંસ્કૃતમાં આ પર્વતનું નામ 'અર્બુદ' છે; આજનું 'આબુ' નામ તે શબ્દ પરથી પડ્યું છે. આને વિષે હિંદુ ધર્મગ્રંથોમાં એક મજાની વાત છે તે જાણવા જેવી છે.

પ્રાચીન કાળમાં આ સ્થાનમાં ગૌતમ કરીને એક ઋષિ રહેતા હતા. તેમને ઉત્તંક નામે એક શિષ્ય હતો. તેનો વિદ્યાભ્યાસ પૂરો થયો, એટલે તે ગુરુજી પાસે રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવા ગયો. ગુરુજીને નમન કરીને તે બોલ્યો : “ મહારાજ, મારો અભ્યાસ પૂરો થયો છે; આપ ગુરુદક્ષિણા માગો.”

ગુરુજી : ‘ બેટા, તારું કલ્યાણ થાઓ. ગુરુદક્ષિણા તો શી હોય ! પણ આ તારાં ગુરુપત્ની કુંડળની ઇચ્છા કરે છે.’

ઉત્તંક ગુરુપત્ની માટે કુંડળ લેવા ગયો. તે લઈને આશ્રમ તરફ પાછા આવતાં, રસ્તામાં એક સુંદર ઉપવનમાં એણે વિસામો કર્યો. તેને ભૂખ લાગી હતી, એટલે બે કુંડળને જમીન ઉપર મૂકી તે પાસેના ફળઝાડ પર ફળ લેવા ચડ્યો. ફળ લઈને નીચે આવે છે, ત્યાં જમીન પર કુંડળ ન મળે ! પાસે એક સર્પનો રાફડો હતો. ઉત્તંકે વિચાર્યું, ‘ માનો ન માનો પણ એ સુંદર કુંડળો જોઈને આ રાફડા-વાસી નાગ લોભાયો હશે; તેમને લઈને તે પોતાના પાતાળ-દેશમાં ઊતરી ગયો છે !’ એટલે ઉત્તંકે રાફડો ખોદી પાતાળ તોડ્યું અને પાતાળના રાજા પાસે તે પહોંચ્યો. મંત્રની શક્તિવાળા, પ્રતાપી ને વિદ્યાસંપન્ન ઉત્તંકને જોઈને પાતાળ-રાજાએ કહ્યું, ‘ હે વીર, તારાં કુંડળથી લોભાઈને એક નાગ તે ચોરી લાવ્યો છે. તે આ રહ્યાં, લે; અને અમને માફ કર.’

કુંડળ લઈને ઉત્તંક આશ્રમે પહોંચ્યો અને ગુરુદક્ષિણા ચૂકવી પોતાને ઘેર ગયો.

રાફડાની એ જગા પાસે વસિષ્ઠ ઋષિનો આશ્રમ હતો. ઉત્તંકે પાતાળ ફોડ્યું હતું, તેથી ત્યાં એક મોટી કરાડ થઈને ઊંડી ખીણ પડી ગઈ હતી. વસિષ્ઠની ગાય નંદિની એક દહાડો ત્યાં ચરતી હતી. ઓચિંતી એ કરાડની ધાર ઉપર તે આવી ગઈ અને ખીણમાં ગબડી પડી. આથી ઋષિ બહુ દુઃખી થયા. તેમણે સરસ્વતી દેવીને પ્રાર્થના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી, 'હે દેવી, મારી નંદિનીને ઉગારો.' સરસ્વતી દેવીએ પ્રસન્ન થઈને નંદિનીના આંચળમાંથી દૂધની ધારાઓ વહેવડાવી. તેનાથી ખીણ ભરાઈ ગઈ ને નંદિની એ દૂધિયા તલાવ પર તરતી તરતી બહાર આવી.

વસિષ્ઠે વિચાર્યું, 'આ કંદરા તો રોજની પીડા કહેવાય. તેનો કાંઈક કાયમી ઉપાય કરવો જોઈએ.' તે પરથી તેમણે નગાધિરાજ હિમાલયને પ્રાર્થના કરી કે, 'આવી મોટી કંદરા તો આપ જ બૂરી શકો; અમને સહાય કરો.' હિમાલયે તે પ્રાર્થના સાંભળી અને પોતાના પુત્ર નંદિવર્ધનને આજ્ઞા કરી કે, 'જાઓ, જઈને ઋષિનું દુઃખ ટાળો.'

નંદિવર્ધન અર્બુદ નામે નાગદેવ ઉપર સવારી કરી ઋષિ પાસે આવ્યો અને પોતે ઋષિના આશ્રમ પાસે જ વસ્યો. એમ એ સ્થાને અર્બુદ-વાહન હિમાલય-પુત્રે વાસ કર્યો, અને ખીણને સ્થાને હિમાલય-સુત થયો. એ જોઈને ઋષિ પ્રસન્ન થયા; તેમણે નાગદેવ અર્બુદને વર આપ્યો, 'હે અર્બુદ, હું તારા પર પ્રસન્ન થયો છું. આ સ્થાન અનંત કાળ સુધી, તારા પરથી અર્બુદ ગિરિને નામે ઓળખાશે.'

ત્યારથી એ સ્થાન એક તીર્થ બન્યું છે. તેનાં શિખરો પર શૈવ, જૈન વગેરે ધર્મીઓએ પોતાનાં મંદિરો બંધાવ્યાં છે. ગુજરાતના બે સુપ્રસિદ્ધ પ્રધાનો, વસ્તુપાળ અને તેજપાળે આ આબુગિરિને જ યોગ્ય સ્થાન માની, તેની ઉપર દેલવાડાનાં રમણીય મંદિરો બંધાવ્યાં. ગુજરાતની ઉત્તરમાં 'રક્ષા કરતી બેઠેલી અંબામાત' પણ એના જ એક શિખર પર વાસ કરે છે. ગુજરાતી બાળકે આ પ્રાચીન રમણીય સ્થાનની યાત્રા કરી તે જાતે જોવું જોઈએ. ગુજરાતના પૂર્વજોના ધર્મ અને પુણ્યની ધજા સમા એ ગિરિને આપણાં વંદન હજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. હિંદનો નકશો દોરો. હિમાલય અને આબુનાં સ્થાન તેમાં બતાવો. તમારા ગામથી આબુ જવાનો રેલ-રસ્તો પણ દોરો.

૨. પડોશમાં કે ગામમાં જો કોઈ આબુ કે અંબાજી ગયું હોય, તો તેની પાસેથી મુસાફરીનું વર્ણન સાંભળો. શાળાની રજાઓમાં આબુને પ્રવાસે પણ જઈ શકાય.

૩. ઉત્તંકના જમાનામાં ભણવાની શાળા કેવી હતી તે ખ્યાલમાં આવી? પહેલા પાઠમાં બ્રહ્મચર્યાશ્રમની વાત છે તે યાદ કરો.

૩

અદ્ભુત ત્યાગ

મહંમદ પેગંબર સાહેબના મરણ પછી થોડાં જ વરસમાં આરબો અને રૂમીઓ વચ્ચે એક જંગી લડાઈ થઈ હતી. આ લડાઈમાં બેઉ બાજૂના અનેક યોદ્ધાઓ મરી ગયા અને કેટલા બધા જખમી થયા. જૂના જમાનામાં યુદ્ધનો એક નિયમ હતો કે, દરરોજ રાત પડે એટલે યુદ્ધ બંધ રહે. એટલે બધું સૈન્ય આરામ કરી શકે.

એક દહાડો રાતે, આ પ્રમાણે જ્યારે યુદ્ધ બંધ હતું ત્યારે, એક આરબ એક હાથમાં ફાનસ અને બીજામાં પાણીનો ચંબુ લઈને રણભૂમિ તરફ જતો હતો. તેના કાકાનો દીકરો આરબ પક્ષમાં લડવા ગયો હતો. પરંતુ રાતે તે પાછો ન આવ્યો, એટલે આ તેનો ભાઈ ફાનસ લઈને તેની તપાસ કરવા નીકળી પડ્યો હતો. તેણે એવો વિચાર કર્યો હતો કે, જો ભાઈની લાશ મળશે તો હું તેને દફનાવીશ અને જો તે જખમી થઈને પડ્યો હશે તો તેની સારવાર કરીશ. ભાઈ જો જીવતો હોય તો તરત તેને કદાચ પાણી પીવું હોય એમ વિચારીને, એ આરબે સાથે એક ચંબુ ભરીને પાણી લીધું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણમેદાન પર અનેક ઘાયલ અને મરેલા સિપાહીઓ પડ્યા હતા. ઘાયલ થયેલા સિપાહીઓ દુઃખથી તરફડતા હતા. કોઈને છાતીમાં તો કોઈને પેટમાં, કોઈને પગમાં તો કોઈને હાથમાં, તો કોઈને વળી પેઢામાં કે પીઠમાં, માથે કે ગળામાં, અનેક રીતના, તીર અને તરવારના ઘા થયા હતા.

મોઢાં જોતા જોતા પેલો આરબ, સારે નસીબે, છેવટે પોતાના ભાઈને ખોળી શક્યો. તેના જખમોમાંથી લોહી વહ્યા કરતું હતું. બેહાલ થઈને, ભૂમિ પર ચત્તાપાટ તે પડ્યો હતો. કંઠે શોષ પડતો હતો તેથી 'પાણી, પાણી!' એમ મોંમાંથી બોલતો હતો. તેના જીવવાની ભાગ્યે જ આશા પડતી હતી.

ભાઈ પાસે આવીને, પેલા આરબે તરત ફાનસ બાજૂ પર મૂકી દીધું, અને ઘૂંટણિયે પડીને તેના મોંમાં પાણી રેડવા માટે તૈયાર થયો. પાસે પોતાના ભાઈને જોઈને જખમી આરબની આંખો પ્રેમનાં આંસુથી ચળકવા લાગી. પાણી પીવા તેણે મોં પહોળું કર્યું; પણ ભાઈ પાણી રેડવા જાય છે ત્યાં જ બીજા કોકનો અવાજ સંભળાયો, 'પાણી, પાણી!' જખમી આરબે ધીમેથી કહ્યું, 'ભાઈ, પેલાને પહેલું પાઈ આવ; પછી હું પીશ.'

આરબ હાથમાં ચંબુ તથા ફાનસ લઈને તે અવાજની દિશા તરફ દોડ્યો. કોણ પાણી માગતું હતું તે ખોળી કાઢીને તેની પાસે તે જઈ પહોંચ્યો. જઈને જુએ છે તો તે માગનાર એક મહાન સરદાર હતો. એવાને પણ પાણી પાવાનો પોતાને લહાવો મળ્યો, તેથી અલ્લાને મનમાં દુવા દેતો તે નીચો નમી પાણી પાવા જતો હતો, ત્યાં ત્રીજેથી અવાજ સંભળાયો, 'પાણી, પાણી!' સરદારની અંતઘડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજીક હતી. છતાં, 'ત્યાં. . . . ત્યાં. . . .' એમ ભાંગ્યુંતૂટ્યું બોલી તથા નિશાની કરી, એણે પેલા આરબને સૂચવ્યું કે, તેને પહેલું પાણી પાઈ આવો.

પેલો આરબ પાછો ફાનસ લઈને આ ત્રીજા તરસ્યાને પાણી પાવા દોડ્યો. 'પાણી, પાણી' કરતો ભાઈ તો મનમાંથી ખસતો નથી; પેલા સરદારની પાણીની જરૂર તો હમણાં જ નજરે જોઈ; એટલે પવનવેગે દોડી આ ત્રીજાને પાઈને ઝટ પાછો આવું, એમ કરીને તે ઊપડ્યો. પહોંચે છે ત્યાં તો તે સિપાહીએ છેલ્લો શ્વાસ લીધો, એની આંખો મીંચાઈ ગઈ—તે મરણ પામ્યો. એ જોઈને હવે તે પેલા તરસ્યા આરબ સરદાર પાસે પાછો દોડ્યો. ત્યાં જઈને જુએ છે તો તેની પણ આંખ મીંચાઈ ગઈ છે: પાણી વગર જ તે મરણ પામ્યો હતો! હવે તે ઊંચે જીવે ભાઈના ભણી દોડ્યો. ત્યાં જઈને જોયું તો તેનીય આંખો બંધ છે, નાડી અટકી ગઈ છે; તેને પણ હવે પાણીની જરૂર રહી નથી! આમ એ ત્રણે જણમાંથી કોઈ પાણી ન પામ્યું. પેલા આરબના ભાઈએ તથા સરદારે, બીજાને ખાતર, હોઠે આવેલું પાણી પાછું વાળ્યું! કેવો વિરલ અદ્ભુત ત્યાગ!

સ્વાધ્યાય

૧. આજે યુદ્ધમાં એવો નિયમ છે કે રાતે તે બંધ પડે? આજના યુદ્ધના પ્રકાર વિષે માહિતી મેળવજો.

૨. આવા જ ત્યાગની બીજી કોઈ વાત તમે જાણતા હો તો કહો. આ વાત તો તમે તમારા નાના ભાઈ કે બહેનને જરૂર કહેજો.

૩. મહંમદ પેગંબર સાહેબ તે કોણ?

૪. જગતના નકશામાં અરબસ્તાનનો મુલક જુઓ. સાતમા સૈકા પછી તેની ભારે ચડતી થઈ હતી, તેની વાત શિક્ષક પાસેથી જાણો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

નાગદમન

[ગોકુળ પાસે યમુના નદીમાં એક મોટા ધરામાં કાળીનાગ રહેતો હતો. તે એવો ઝેરી હતો કે ધરાનું પાણી પણ ઝેર ઝેર થઈ ગયું હતું. આ તો ત્રાસ જ કહેવાય, કેમ કે ગોવાળિયા અને તેમની ગાયો ત્યાંથી પાણી પીએ તો મરી જાય! તેથી શ્રીકૃષ્ણે કાળીનાગને ધરામાંથી કાઢવા મનસૂબા કર્યા, અને ધરામાં કૂદી પડચા. નાગ તે વખતે ઊંઘી ગયો છે; તેની નાગણ, નાગથી બચવું હોય તો, બાળક કૃષ્ણને નાસી જવાનું કહે છે; ત્યાંથી આગળની વાત નરસિંહ મહેતાના આ સુંદર કાવ્યમાં છે, તે હવે ગાતા જાઓ ને જાણો.]

जळकमळ छांडी जाने बाळा, स्वामी अमारो जागशे;
जागशे तने मारशे, मने बाळहत्या लागशे. जळ० १

कहे रे बाळक, तुं मारग भूल्यो ? के तारा वेरीए वळावियो ?
निश्चे तारो काळ ज खूटचो; अहींयां ते शीद आवियो ? जळ० २

नथी नागण, हुं मारग भूल्यो, नथी मारा वेरीए वळावियो;
मथुरा नगरीमां जूगटुं रमतां, नागनुं शीश हुं हारियो. जळ० ३

रंगे रूडो, रूपे पूरो, दीसंतो कोडीलो कोडामणो;
तारी माताए केटला जनम्या, तेमां तुं अळखामणो ? जळ० ४

मारी माताए बेउ जनम्या, तेमां हुं नटवर नानडो;
जगाड तारा नागने, मारुं नाम कृष्ण कहानडो. जळ० ५

लाख सवानो मारो हार आपुं, आपुं रे तुजने दोरियो;
एटलुं मारा नागथी छानुं, आपुं तुजने चोरीओ. जळ० ६

शुं करुं नागण, हार तारो ? शुं करुं तारो दोरियो ?
शाने काजे नागण, तारे करवी घरमां चोरीओ ? जळ० ७

चरण चांपी, मूछ मरडी, नागणे नाग जगावियो;
ऊठोने बळवंत, कोई बारणे बाळक आवियो. जळ० ८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बेउ बळिया बाथे वळगिया, कृष्णे काळीनाग नाथियो;
सहस्र फेणा फूंफवे, जेम गगन गाजे हाथियो. जळ० ९
नागण सौ विलाप करे जे, नागने बहु दुःख आपशे;
मथुरा नगरीमां लई जशे, पछी नागनुं शीश कापशे. जळ० १०
बेउ कर जोडीने वीनवे, स्वामी, मूको अमारा कंथने;
अमे अपराधी कांई न समज्यां, न ओळख्या भगवंतने. जळ० ११
थाळ भरीने नागणी सर्वे, मोतीडे श्रीकृष्णने वधावियो;
नरसैंयाना नाथ पासेथी, नागणे नाग छोडावियो. जळ० १२

સ્વાધ્યાય

૧. નરસિંહ મહેતા આપણી ભાષાના આદિકવિ ગણાય છે. એમને વિષે તમારે જાણવું જોઈએ. ઘેર માતાપિતા કે મોટા ભાઈને પૂછજો. શિક્ષક તો કહેશે જ, નહિ તો એમને પણ પૂછજો.

૨. શ્રીકૃષ્ણની કથાઓ શ્રીમદ્ ભાગવતમાં આવે છે.

૩. આ કથામાં આવતાં સ્થાનો નકશામાં જુઓ.

૫

‘કુતાબા—શિયોબા’

એક ભારે ભુલકણો જાપાની છોકરો હતો. ભુલકણો તો એવો કે પોતાનું નામ સુધ્ધાં ભૂલી જાય! તેથી તેની મા એની જોડે એક નોકર જ હમેશ રાખતી. એટલે કોઈ તેનું નામઠામ કે કાંઈ પૂછે ને છોકરાને તે યાદ ન હોય, તો પેલો જોડેનો નોકર તે કહી શકે.

બીજી રીતે છોકરો બહુ સારો હતો. તેની માએ તેને ખૂબ લાડ લડાવીને ઉછેર્યો હતો, અને ખાઈપીને તે હૃષ્ટપુષ્ટ થયો હતો. તેનું ભરાવદાર અને સુડોળ શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ સૌ કોઈ રાજી થતું. તેનું મન પણ એવું જ ચોખ્ખું અને નિખાલસ હતું. જૂઠું બોલવું, કોઈને છેતરવું, એવું કશું અપલક્ષણ એનામાં નહોતું. પણ એક વાતે તે અધૂરો હતો: એની યાદદાસ્ત સારી નહોતી; કશી પણ વાત—પોતાનું નામ સુધ્ધાં!—કલાક પછી તે વીસરી જતો!

તે નાનો હતો એવામાં તેની મા મરી ગઈ. મા સિવાય બીજો કોઈ એને આધાર હતો નહિ. એટલે છોકરાએ વિચાર કર્યો, લાવને ત્યારે ગુરુને ઘેર રહેવા જાઉં. એવો વિચાર કરીને તે એક ગુરુને ત્યાં ગયો અને પ્રણામ કરીને તેમની સામે ઊભો.

ગુરુ: કેમ આવ્યો, છોકરા?

છોકરો: આપનો શિષ્ય થવું છે.

ગુરુ: તારું નામ શું?

છોકરો માથું ખંજવાળવા લાગ્યો: તે નામ ભૂલી ગયો હતો! 'મહારાજ, મને યાદ નથી. રજા આપો તો મારા ગામમાં જઈને પૂછી આવું.'

ગુરુ: ઠીક; જા; પૂછીને જલદી આવ.

છોકરો ગુરુઘરથી ગામ જવા ઊપડ્યો. ત્યાં જઈને તેના જૂના પડોશીને નામ પૂછીને નીકળ્યો. પણ ગુરુઘેર પહોંચતા સુધીમાં પાછો એ તો વીસરી ગયો! અને વીસરી ગયાની ખબરે તેને ન રહી! તે ગુરુ પાસે આવી પહોંચ્યો.

ગુરુ: કેમ બેટા, નામ પૂછી આવ્યો?

છોકરો: હા મહારાજ; પણ રસ્તામાં જ પાછો ભૂલી ગયો. હવે તો કૃપા કરીને એમ જ કરો કે, આપ જ મારું નવું નામ પાડો. અને મારી આપને પ્રાર્થના છે કે, મારાં બે નામ પાડો, જેથી એક ભૂલી જાઉં તોપણ બીજું કામ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ: ઠીક બેટા, તારું એક નામ 'કુતાબા' અને બીજું 'શિયોબા' પાડું છું. હવે તે બરાબર યાદ રાખજે.

છોકરો: મહારાજ, એક બીજી કૃપા ન કરો? આપ મારાં બે નામ આ મારા ઉપરણાને બે છેડે ન લખી આપો? હું ભૂલી જાઉં તો ગમે તે એક છેડે જોઈ લઈશ.

ગુરુ: ઠીક યુક્તિ છે. લાવ લખી આપું.

એમ કહીને ગુરુજીએ, પાસે શાહીનો ખડિયો ને કલમ હતાં તે લઈ, બે નામ એના ઉપરણાને છેડે લખી આપ્યાં.

'કુતાબા' અને 'શિયોબા' જાપાની ભાષાના શબ્દો છે. પહેલાનો અર્થ થાય છે, 'પૂરતું છે', 'બહુ થયું', 'બસ'; બીજાનો અર્થ થાય છે, 'વધારેની શી જરૂર?' —'વધારે જરૂરનું નથી.'

નામ મળ્યાં એટલે પુતાબાએ તો એમનું લાગલાગટ રટણ જ કરવાનું રાખ્યું, કેમ કે રખેને ભૂલી જવાય! એટલે સવાર, બપોર, સાંજ, જ્યારે જુઓ ત્યારે, આ નવો વિદ્યાર્થી એક જ પાઠ ગોખતો હોય —'પુતાબા–શિયોબા', 'કુતાબા–શિયોબા'. ફરવા જાય કે રમવા જાય, ખાતો હોય કે પીતો હોય, એ તો એક જ વાતનું રટણ કર્યા કરે: 'કુતાબા–શિયોબા', 'કુતાબા–શિયોબા'. એક વાર એણે એક મોટો સુંદર પર્વત જોયો, તેથી તેને આનંદાશ્ચર્ય થયું, અને એ બોલી ઊઠ્યો, 'કુતાબા–શિયોબા', 'કુતાબા–શિયોબા'. કોઈ જંગલી જનાવર કે બીક લાગે એવું કાંઈ જુએ, ત્યારે પણ એ જ ઉદ્‌ગાર કાઢે, 'કુતાબા–શિયોબા'! આ ઉદ્‌ગાર એને તો બધી જ જગાએ કામ લાગે! એક વાર તેણે મીઠાઈ વહેંચાતી જોઈ; આનંદથી તે કૂદવા લાગ્યો; ને સાથે શું બોલતો હશે? 'કુતાબા–શિયોબા', 'કુતાબા–શિયોબા'!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દહાડો એ પ્રવાસે નીકળ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં એક નદી આવી. જાપાનમાં દરેક નદી આગળ તે નદીનું નામ, ક્યાંથી તે પાર કરી શકાશે તે જગા, તેની ઊંડાઈ, વગેરે માહિતી આપતાં પાટિયાં રાખવામાં આવે છે. કુતાબાએ નદીનું પાટિયું વાંચી જોયું. પાણી બહુ ઊંડું છે એવું નહોતું લખ્યું. એટલે 'કુતાબા–શિયોબા' એવું ગોખતો ગોખતો એ તો નદીમાં ઊતર્યો. આગલે દિવસે વરસાદ થયેલો તેથી નદીમાં પાણી વધ્યું હતું, તે આ ભુલકણા ભાઈસાહેબે ન જોયું. થોડે જ જતાં નદીમાં એક ખાડા જેવું આવ્યું ત્યાં ભાઈનો પગ લપસ્યો, અને તેની સાથે ઊંડા પાણીમાં પહોંચી ગયા! વરસાદથી નદીમાં બેએક માથોડાં પાણી થઈ ગયું હતું. કુતાબા એકદમ હાથપગ વીંઝવા લાગ્યો અને ગમે તેમ કરીને સામે પાર તરી ગયો. પણ જીવ બચાવવાની ધાંટીમાં પોતાના નામનો મંત્ર જપવાનું રહી ગયું હતું. એટલે તે બહાર આવ્યો ત્યારે એને નામ યાદ નહિ! હવે શું કરવું? ઉપરણું જોઈ એને થયું કે, શી ફિકર છે? ઉપરણા પર લખ્યું જ છે ને! પણ ભીના ઉપરણાનો છેડો લઈને જુએ છે તો નામ ન મળે! બીજો છેડો જોયો; ત્યાં પણ નામ ન મળે! પાણીમાં પલળવાથી કાચી શાહી વડે લખેલું નામ ધોવાઈ ગયું હતું.

કુતાબાએ વિચાર કર્યો, 'અરે, આની પર નામ હતું તે ક્યાં ગયું? નદીમાં ઊતર્યો ત્યારે હતું ને આ પાર આવું છું તો નામ ન મળે! નક્કી આ નદી મારાં બેઉ નામ ચોરી ગઈ.' અને નદી ભણી ડોળા કાઢીને તે કહેવા લાગ્યો, 'ચોરીને ક્યાં લઈ જવાની છે? હમણાં તારે તળિયેથી ખોળી કાઢું છું.' એમ કહીને એણે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની વાંસની ટોપી ભરી ભરીને નદી ઉલેચવા માંડી! ખાલી કરી નાંખે એટલે નામ તળિયે પડચાં જ હશે ને!

આ નદીમાં મોતી પાકતાં હતાં. એક માણસે તે કાઢવાનો ઇજારો રાખ્યો હતો. તે ઇજારદારનો ચોકીદાર કાંઠા પર એક ટેકરો હતો ત્યાં ચોકી કરતો ઊભો હતો. તેણે કુતાબાને નદીમાં ઊભો ઊભો પાણી ઉલેચતો જોયો. એટલે લાગલો જ તેણે નીચે આવી કુતાબાને પકડચો: 'ચોર, શું કરે છે? નદી અમારી છે. તું શેનો મોતી કાઢે છે?'

કુતાબા: શું કહ્યું? નદી તારી છે?

ચોકીદાર: હા હા; અમારી છે. અમારા શેઠે એનાં મોતીનો ઇજારો રાખ્યો છે.

કુતાબા: 'એમ! ત્યારે તો તું જ મારાં નામનો ચોર છે. નદી પાર કરતો હતો ત્યાં તારી નદીએ આ મારા ઉપરણા પર નામ હતાં તે ચોરી લીધાં, ને વળી મને ચોર કહે છે? ચોર કોટવાળને દંડે એવું તું તો કરે છે. લાવ મારાં નામ.' એમ બોલીને લાગલું જ કુતાબાએ પેલા ચોકીદારનું ગળું પકડચું અને ગરજ્યો, 'નામ આપીશ તો જ છોડીશ, નહિ તો મર્યો જાણ.'

ગળું દબાતાં ચોકીદારના તો હોશકોશ ઊડી ગયા. લઠ્ઠ કુતાબાને જોઈ તે તો ડરી જ ગયો, અને એનાથી બોલાઈ ગયું, 'કુતાબા–શિયોબા'—'બહુ થયું; હવે વધારેની જરૂર નથી.'

'કુતાબા–શિયોબા' શબ્દ સાંભળતાંવેંત કુતાબાને પોતાનું નામ મળી ગયું. અને 'કેવું આપી દીધું? આવ્યો'તો મને ચોર કહેવા!' એમ કહી તેનું ગળું છોડી દીધું, અને 'કુતાબા–શિયોબા', 'કુતાબા–શિયોબા' રટતો રટતો તે પોતાને પંથે આગળ ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાધ્યાયીઓ

[શ્રીકૃષ્ણ અને બળરામ દ્વારકાના ક્ષત્રિય અને સુદામા પોરબંદરના બ્રાહ્મણ. નાનપણમાં ત્રણે ઉજ્જનમાં સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણતા—એટલે કે તેઓ સહાધ્યાયીઓ હતા. ભણીને ઘેર ગયા પછી કૃષ્ણ દ્વારકાના રાજા થયા, ગરીબ સુદામા પોતાના જ્ઞાનમાં મસ્ત રહેતા. એક વાર તે કૃષ્ણને મળવા દ્વારકા ગયા. પોતાના સહાધ્યાયીને મળતાં કૃષ્ણના આનંદનો પાર ન રહ્યો. તેમણે ભારે ઠાઠથી અને પૂરા પ્રેમથી તેમની મહેમાનગીરી કરી. દોસ્તો ઘણે દહાડે મળે ત્યારે શું કરે? પોતાની જૂની વાતો કરે અને તે ફરી ફરીને પ્રેમરસ પીયા જ કરે. એ પ્રમાણે, હવે આ બે દોસ્તો વાત કરે છે:]

पछी शामळियो बोलिया, तने सांभरे रे ?
हा जी, नानपणानी पेर, मने केम वीसरे रे ? १

आपण बे महिना पासे रह्या, तने सांभरे रे ?
हा जी, सांदीपनि ऋषिने घेर, मने केम वीसरे रे ? २

अन्नभिक्षा मागी लावता, तने सांभरे रे ?
हा जी, जमता त्रणे भ्रात, मने केम वीसरे रे ? ३

आपण सूता एक साथरे, तने सांभरे रे ?
सुखदुःखनी करता वात, मने केम वीसरे रे ? ४

पाछली रातना जागता, तने सांभरे रे ?
हा जी, करवा वेदनी धून, मने केम वीसरे रे ? ५

गुरु आपणा गामे गया, तने सांभरे रे ?
हा जी, जाचवा कोईक मुन्य, मने केम वीसरे रे ? ६

काम दीधुं गोराणीए, तने सांभरे रे ?
कह्युं लई आवोने काष्ठ, मने केम वीसरे रे ? ७

शरीर आपणां ऊकळ्यां, तने सांभरे रे ?
हा जी, माथे तप्यो अरिष्ट, मने केम वीसरे रे ? ८

स्कंधे कुहाडा धर्या, तने सांभरे रे ?
घणुं दूर गया, रणछोड, मने केम वीसरे रे ? ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
गुरुकुल
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आपणे वाद वद्या त्रणे बांधवा, तने सांभरे रे ?
हा जी, फाड्युं मोटुं खोड, मने केम वीसरे रे ? १०
त्रणे भारा बांध्या दोरडे, तने सांभरे रे ?
हा जी, आव्या बारे मेह, मने केम वीसरे रे ? ११
शीतळ वायु वायो घणो, तने सांभरे रे ?
टाढे थरथर ध्रूजे देह, मने केम वीसरे रे ? १२
नदीए पूर आव्युं घणुं, तने सांभरे रे ?
घन वरस्यो मुशळधार, मने केम वीसरे रे ? १३
एके दिशा सूझी नहि, तने सांभरे रे ?
थया वीज तणा चमकार, मने केम वीसरे रे ? १४
गुरुजी गोतवा नीसर्या, तने सांभरे रे ?
कह्युं स्त्रीने, कीधो तें केर, मने केम वीसरे रे ? १५
आपणने हृदयाशुं चांपिया, तने सांभरे रे ?
पछी तेडीने आव्या घेर, मने केम वीसरे रे ? १६

* * *

गुरुदक्षिणामां मागियुं, तने सांभरे रे ?
हा जी, मृत्यु पाम्यो जे कुमार, मने केम वीसरे रे ? १७

* * *

पुत्र गोराणीने आपियो, तने सांभरे रे ?
हा जी, पछे थया विदाय, मने केम वीसरे रे ? १८
आपणे ते दिनथी जुदा पड्या, तने सांभरे रे ?
हा जी, फरीने मळिया आज, मने केम वीसरे रे ? १९
हुं तुज पासे विद्या भण्यो, तने सांभरे रे ?
मने मोटो कर्यो, महाराज, मने केम वीसरे रे ? २०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
गुरुकुल कांगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. પ્રેમાનંદ આપણી ભાષાના કદાચ સૌથી મોટા કવિ. ભાષાનું ગૌરવ વધારનાર એ મહાન કવિએ 'સુદામાચરિત' લખ્યું છે. ઉપરની કડીઓ એમાંથી લીધી છે. નરસિંહ મહેતાએ પણ સુદામાચરિત લખ્યું છે. એઉ તમે સમજી શકશો. પુસ્તકાલયમાંથી મેળવીને વાંચજો.

૨. કૃષ્ણ-સુદામાની શાળા પરથી તમને કોની શાળા યાદ આવે છે? આગુના પાઠની ઉત્તંકની શાળા યાદ કરો. હવે તમને જૂના આશ્રમોની શિક્ષણ-પદ્ધતિનો વધારે ખ્યાલ આવવો જોઈએ.

૩. એ પદ્ધતિમાં ઉદ્યોગનું મહત્ત્વ કેવું હતું તે વિચારો. રાય રંક સૌ સાથે ભણતા અને મહેનત-મજૂરી કરતા.

૭

ગામડું એટલે ઉકરડો?

મિ૦ કર્ટિસ કરીને એક અંગ્રેજ આપણા દેશની સ્થિતિ જોવા ઈ. સ. ૧૯૧૮માં મુસાફરી કરતો હતો. આપણા દેશનાં ગામડાં જોઈને તેણે કહ્યું, 'બીજા દેશોનાં ગામડાંની સરખામણીમાં હિંદનાં ગામડાં કેમ જાણે ઉકરડા ઉપર ન બંધાયાં હોય, એમ મને લાગ્યું.' આપણાં ગામડાં પર આ એક અતિ કડવી ટીકા ગણાય; તેથી તે આપણને ન ગમે એ સમજી શકાય એમ છે. પણ તેમાં તથ્ય નથી એમ કોઈ કહી શકે?

આપણે ગમે તે ગામડાની પાસે જઈશું, તો તેનો ઉકરડો સૌથી પહેલો આપણી નજરે પડશે, અને તે ઉકરડો ઘણે ભાગે ઊંચી જમીન પર હશે. ગામમાં જઈને જોઈશું, તો બહાર કરતાં અંદરની સ્થિતિમાં બહુ ફેર નહિ લાગે. ત્યાં પણ રસ્તામાં ધૂળ અને છાણ તથા ગંદકી દેખાશે. ગમે ત્યારે બાળકો રસ્તાઓ અને શેરીઓમાં ઝાડે ફરતાં હશે. લઘુશંકા તો મોટેરાં પણ ગમે ત્યાં કરતાં હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચરાના ઢગ રસ્તાની બેઉ બાજૂ થયા કરતા હશે. જો કે, ગ્રામવ્યવસ્થાને સારુ કોઈ જવાબદાર હોય જ નહિ અજાણ્યો મુસાફર આ દશા જુએ, તો તે ઉકરડા વચ્ચે અને ગામડાની વસ્તીના ભાગ વચ્ચે ભેદ નહિ જોઈ શકે અરું જોતાં, ઝાઝો ભેદ છે પણ નહિ.

આ રીતે ગંદકી કરવાની અને રાખવાની ટેવ ગ તેટલી પ્રાચીન હોય, છતાં તે કુટેવ છે અને તે કાઢવી જોઈએ. રસ્તા, આંગણાં, ઘર, નદીનાળાં, કૂવા વગેરે બધ લોકના સામાન્ય વપરાશની—સાર્વજનિક જગાઓ બગાડવી જોઈએ, એ જાતની સૂચનાઓ હિંદુ ધર્મશાસ્ત્રોમાં કુરાને-શરીફ, બાઈબલ વગેરેમાં આપેલી જોવામાં આવે છે પણ અત્યારે તો તેમનો અનાદર જ થતો લાગે છે. એટલે સુધી કે, તીર્થક્ષેત્રોમાં પણ ગંદકી સારી પેઠે હોય છે હરિદ્વારમાં ગંગાના તટને બગાડતાં હજારો સ્ત્રીપુરુષો ત જોઈ શકો. જ્યાં માણસોને બેસવાનું હોય ત્યાં જ યાત્રાળુએ મળત્યાગ કરે! પોતાનાં મોઢાં વગેરે ગંગામાં ધુએ અને પાછાં ત્યાંથી જ પાણી ભરે!

ઘણાં ગામડાંમાં એક જ તળાવ હોય છે. તેમાં ઢો પાણી પીએ છે; અને માણસ પણ તેમાં જ નહાય ધુવે છે, વાસણ ઊટકે છે, અને તે જ પાણી પીવામાં પણ લે છે! આ કેવી ગંદી ટેવ કહેવાય!

આવી બધી કુટેવોથી હવા બગડે છે, પાણી બગડે છે પછી કોલેરા, ટાઇફૉઇડ વગેરે ચેપી રોગો થાય એમાં શું આશ્ચર્ય? કોલેરા રોગની ઉત્પત્તિ જ ગંદા પાણીમાંથી થાય છે. ટાઇફૉઇડને વિષે પણ ઘણે ભાગે એમ જ કહી શકાય લગભગ પોણો સો ટકા રોગો આપણી ગંદી ટેવોને લીધે થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એમ કહેવામાં કશું વધારે-પડતું નથી. એટલે, એ ગંદી ટેવો જો આપણે સુધારીએ, તો એ બધા રોગો થતા તો આપોઆપ અટકી જાય. અને એમાં આપણને પાઈનું ખર્ચ પણ નથી. ઊલટું, કુટેવો સુધરે એ ફાયદો થાય, અને આપણાં ગામડાં પર કર્ટિસસાહેબે જે મહેણું માર્યું છે તે ટળે.

સ્વાધ્યાય

૧. શહેરના વિદ્યાર્થી શહેરની પોળોની ગંદકી વિષે વિચાર કરે: તે કેવી રીતે થાય છે. શાળાની ગંદકીનો વિચાર સૌ કરે.

૨. ગ્રામ-સફાઈનું કામ તમારા ગામમાં શરૂ થયું છે? નિશાળના મોટા વિદ્યાર્થીઓ જરૂર એ કામ ઉપાડે.

૩. કઈ કઈ રીતે આપણે બેદરકાર રહીને ગંદકી કરીએ છીએ તે સમજી લો ને ન સમજતાંને સમજાવો. તે સમજાવવા નાનકડી જાહેરખબર લખો.

૮

દયાળુ રાજકુમાર

ચાલુક્ય રાજા પહેલા ભીમદેવના (ઈ. સ. ૧૦૨૨-૧૦૬૪) સમયમાં, એક વખત ગુજરાતમાં વરસાદ નહિ પડવાથી દુકાળ પડ્યો, અને લોકો રાજાનો કર આપી શક્યા નહિ. જે લોકો પાસે માલમિલકત હતી એવા લોકોને રાજસેવકો પાટણમાં લઈ આવ્યા અને તેમને ભીમદેવ આગળ રજૂ કર્યા. રાજકુમાર મૂળરાજના દિલમાં આ લોકોનો કકળાટ સાંભળીને દયા ઉત્પન્ન થઈ અને તેની આંખમાં આંસુ આવી ગયાં.

પછી મૂળરાજે પોતાની ઘોડા ખેલવાની કળાથી રાજાને ઘણો જ પ્રસન્ન કર્યો. રાજાએ વર માગવા કહ્યું ત્યારે મૂળરાજે કહ્યું, 'આ બધા દ્રવ્ય-ભંડારો તો મારે વર્જ્ય છે. પણ તમે મારી માગેલી વસ્તુ આપી શકશો કે કેમ, એ વિષે શંકા રહે છે, તેથી માગતાં સંકોચ થાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉપરથી રાજાએ વર માગવાનો ઘણો આગ્રહ કર્યો, ત્યારે કુમારે માગ્યું કે, 'આ સર્વે લોકોનું મહેસૂલ લેવું છોડી દો.'

આ વચનો સાંભળી રાજાની આંખમાંથી આનંદનાં આંસુ આવી ગયાં; કુમારની માગણી સ્વીકારી સૌ ખેડૂતોને તેણે છોડી મૂક્યા, અને બીજો વર માગવા કુમારને કહ્યું. પણ કુમાર નિર્લોભી અને માની હોવાથી, બીજું કાંઈ ન માગતાં પોતાને સ્થાને જઈ બેઠો. બંધનમુક્ત થયેલા લોકો મૂળરાજની સ્તુતિ કરતા, ખુશ થઈ પોતપોતાને ઘેર ગયા.

પણ આ બનાવને ત્રીજે જ દિવસે રાજકુમારનું અકસ્માત્ મરણ નીપજ્યું. ભોળા લોકો કહેવા લાગ્યા કે મીઠી નજરથી મૂળરાજના પ્રાણ ગયા. પુત્રમરણના શોકસમુદ્રમાં રાજા સહિત સમગ્ર લોક નિમગ્ન થઈ ગયા. જ્ઞાની લોકોએ ધીમે ધીમે તેમનો શોક નિવારણ કર્યો. બીજે વર્ષે વરસાદ સારો થવાથી પુષ્કળ અન્ન પાક્યું. સૌ લોક બમણો કર લઈ રાજા પાસે ગયા. રાજાએ તે લેવાની ના પાડી, એટલે લોકોએ બહુ આગ્રહ કર્યો. આ પ્રેમકલહનો નિર્ણય કરવાનું વૃદ્ધોની સભાને સોંપાયું. સભાના લોકોએ બેઉ વર્ષનું મહેસૂલ રાજાએ લેવું એવો ઠરાવ જાહેર કર્યો. પરંતુ રાજાએ એ દ્રવ્યને બીજા ઉપયોગમાં ન લેતાં તેમાંથી મૂળરાજના કલ્યાણને અર્થે ત્રિપુરુષપ્રાસાદ નામનું દેવાલય બંધાવ્યું.

રાજા, પ્રજા અને કુમાર ત્રણે ધન્ય જ ને!

સ્વાધ્યાય

૧. રાજાને ધન્યવાદ શું કામ? પ્રજાને શું કામ? અને કુમારને શું કામ? સૌથી વધારેમાં વધારે ધન્યવાદને લાયક કોણ?

૨. આજ સરકાર તરફથી થતી મહેસૂલ-માફીના નિયમો જાણો.

૩. ચાલુક્ય રાજાઓ વિષે તમે ભણ્યા છો? નહિ તો ગુજરાતના ઇતિહાસની એકાદ સારી ચોપડીમાંથી એ વાંચજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

મીરાંબાઈ

गोविंदो प्राण अमारो रे, मने जग लाग्यो खारो रे;
मने मारो रामजी भावे रे, बीजो मारी नजरे नावे रे. ध्रुव०
मीरांबाईना महेलमां रे, हरि संतननो वास;
कपटीथी हरि दूर वसे, मारा संतन केरी पास. गोविंदो० १
राणोजी कागळ मोकले रे, दो राणी मीरांने हाथ;
' साधुनी संगत छोडी दो, तमे वसोने अमारे साथ. ' गो० २
मीरांबाई कागळ मोकले रे, देजो राणाजीने हाथ;
' राजपाट तमे छोडी राणाजी, वसो साधुने साथ. ' गो० ३
विषनो प्यालो राणे मोकल्यो रे, देजो मीरांने हाथ;
अमृत जाणी मीरां पी गयां, जेने सहाय श्री विश्वनो नाथ. गो० ४
सांढवाळा सांढ शणगारजे रे, जावुं सो सो रे कोश;
राणाजीना देशमां मारे जळ रे पीवानो दोष. गो० ५
डाबो मेल्यो मेवाड रे, मीरां गई पश्चिममांय;
सरव छोडी मीरां नीसर्यां, जेनुं मायामां मनडुं न कांय. गो० ६
सासु अमारी सुषुमणा रे, ससरो प्रेम संतोष;
जेठ जगजीवन जगतमां मारो, नावलियो निर्दोष. गो० ७
चूंदडी ओढुं त्यारे रंग चूए रे, रंगबेरंगी होय;
ओढुं हुं काळो कांबळो, दूजो दाघ न लागे कोय. गो० ८
मीरां हरिनी लाडणी रे, रहेती संत हजूर;
साधु संघाते स्नेह घणो, पेला कपटीथी दिल दूर. गो० ९

મીરાંબાઈ (૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. આ કાવ્ય કોનું લખેલું છે? પાઠ નીચે જુઓ.

૨. કવિનું નામ લખી પ્રશ્નાર્થક ચિહ્‌ન શું કામ કર્યું હશે? કેટલાક કહે છે કે, આ કાવ્ય મીરાંબાઈએ નહિ પણ એમના નામે બીજા કોઈકે લખ્યું છે. તેથી શંકા બતાવવા એ ચિહ્‌ન મૂક્યું છે.

૩. મીરાંબાઈની કથાનો મુખ્ય ભાગ આ કાવ્યમાંથી ત[મે] જાણશો. તે સોળમા સૈકાના પહેલા અર્ધ ભાગમાં થઈ ગયાં.

૧૦

બુદ્ધનો ગૃહત્યાગ

હિમાલયની તળેટીમાં ઈસવી સન પૂર્વે છઠ્ઠા સૈકામ[ાં] કેટલાંક પ્રજાસત્તાક રાજ્યો આવેલાં હતાં. તેમાં શાક[્ય] નામનાં ક્ષત્રિયોનું એક પ્રજાસત્તાક રાજ્ય હતું. કોસલ દેશન[ા] રાજાએ ધીમે ધીમે તેની સત્તા ઓછી કરી દીધી હત[ી] અને તેને પોતાનું ખંડિયું રાજ્ય બનાવી દીધું હતું. શાક્યોન[ા] રાજ્યમાં બધા શાક્યો રાજા કહેવાતા, અને તેમનો અધ્યક[્ષ] મહારાજા કહેવાતો. શાક્યોની રાજધાનીનું નામ કપિલ[-] વસ્તુ હતું.

કપિલવસ્તુમાં શુદ્ધોદન નામે શાક્ય રાજા રહેતો હતો. તેને ત્યાં પુત્રનો જન્મ થયો ત્યારે એવું ભવિષ્ય ભાખવામ[ાં] આવ્યું હતું કે, જો તે ગૃહસ્થાશ્રમી થશે તો ચક્રવર્તી રાજ[ા] થશે, અને જો તે સંન્યાસી થશે તો બુદ્ધ થઈને જગતન[ું] અજ્ઞાન દૂર કરશે. તે પુત્રનું નામ સિદ્ધાર્થ પાડવામાં આવ્યું[.]

રાજાએ નાનપણથી જ તે કુમારને ભોગવિલાસમ[ાં] ઉછેરવા માંડ્યો, જેથી તેને સંન્યાસી થવાનું મન જ ન થાય[.] તેને જોઈતી સર્વ વસ્તુઓ તેને તેના ઘરમાં જ પૂર[ી] પાડવામાં આવતી હતી, જેથી તેને બહાર જવાનું જ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે. મોટો થયા બાદ, તેનું યશોધરા નામની રાજકુમારી સાથે લગ્ન કરવામાં આવ્યું.

૨૯ વર્ષની ઉંમર થતાં, એક વખત સિદ્ધાર્થ કુમારને રાજધાની જોવાનું અને નગર બહારના બગીચામાં ફરવા જવાનું મન થયું. તેથી રથમાં બેસી તે પોતાના સારથિ સાથે નીકળ્યો.

રસ્તામાં, ઘડપણથી વાંકો વળી ગયેલો એક માણસ સિદ્ધાર્થના જોવામાં આવ્યો. તેને જોઈ તેણે સારથિને પૂછ્યું: 'પેલું સામે જે પ્રાણી જાય છે, તે મનુષ્ય છે કે કોણ છે? એના વાળ આવા ધોળા કેમ છે? તેને દાંત નથી કે શું? તેની આંખો આવી ઊંડી કેમ ઊતરી ગઈ છે? તથા તે પીઠેથી વાંકો કેમ વળી ગયો છે? અને ચાલતી વખતે આટલો ધ્રૂજે છે કેમ?'

સારથિએ કહ્યું: 'હે કુમાર! એ બીજું કોઈ પ્રાણી નથી, પરંતુ માણસ જ છે. વૃદ્ધાવસ્થાને લીધે તેની આવી દશા થઈ છે. જ્યારે તે તરુણ હતો, ત્યારે તેના વાળ આપના જેવા જ કાળા હતા, તથા તેણે રણસંગ્રામમાં તેમ જ મલ્લયુદ્ધોમાં ઘણા યોદ્ધાઓનો પરાભવ કર્યો હતો. વૃદ્ધાવસ્થામાં સઘળાં મનુષ્યોની આવી જ દશા થાય છે.'

આ સાંભળી સિદ્ધાર્થની બગીચો જોવા જવાની ઇચ્છા મંદ પડી ગઈ. તેણે સારથિને કહ્યું: 'તું રથ પાછો વાળ; મને હવે ઉદ્યાનક્રીડાની હોંશ રહી નથી.'

ઘેર જઈને સિદ્ધાર્થ કુમાર મહેલને એક ખૂણે એકલો જ બેઠો. તેને વિચાર આવવા લાગ્યો કે, 'જો અંતે મારા જુવાન શરીરની વૃદ્ધાવસ્થાને લીધે પેલાના જેવી જ દુર્દશા થવાની હોય, તો અત્યારે આ જુવાનીનો મદ કરવો શા કામનો?' ત્યાર બાદ રાજમહેલનાં સર્વ સુખો ઉપરથી તેનું મન ઊઠી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા વખત પછી ફરી એક વાર સિદ્ધાર્થ કુમાર ઉદ્યાનમાં જવા માટે રથમાં બેસીને નીકળ્યો. આ વખતે રસ્તામાં એક રોગી માણસ તેને સામો મળ્યો. તેને જોઇ કુમારે સારથિને પૂછ્યું: 'ભાઈ! આ માણસ વળી કોણ છે? પેલા વૃદ્ધની પેઠે તેના વાળ ધોળા થયા નથી, કે તેના દાંત પણ પડચા નથી. છતાં આ તો તેના કરતાં પણ અધિક અશક્ત દેખાય છે!'

સારથિએ કહ્યું: 'કુમાર! એ માણસને વ્યાધિ થયેલા છે. તેથી તે વૃદ્ધના કરતાં પણ વધુ અશક્ત દેખાય છે. જુવાન શરીર પણ, વ્યાધિના પંજામાં સપડાતાં, આવું છિન્ન-ભિન્ન થઈ જાય છે.'

તે દિવસે પણ સિદ્ધાર્થ કુમારે માર્ગમાંથી જ રથ પાછો ફેરવાવ્યો. રાજમહેલનાં સર્વ સુખો તેને મન હવે પહેલાં કરતાં પણ ખારાં થઈ ગયાં.

થોડા વખત બાદ તે ફરીથી એક વાર રથમાં બેસીને નીકળ્યો. તે વખતે એક જગાએ મડદું સુવાડેલું તેના જોવામાં આવ્યું. તેની આજુબાજુ કેટલાક માણસો રડતા રડતા તેને માટે ઠાઠડી તૈયાર કરતા હતા. સિદ્ધાર્થે સારથિને પૂછ્યું: 'આ માણસ આમ આંખો મીંચી, લાકડાની પેઠે જડ થઈને, કેમ પડચો છે? તથા આ બધા માણસો રડતા રડતા આ શું તૈયાર કરે છે?'

સારથિએ કહ્યું: 'આ માણસ મરી ગયો છે; હવે તે ફરીથી આંખ ઉઘાડી શકશે નહિ, કે હાલી-ચાલી શકશે નહિ. તેનું શરીર હવે થોડા વખત બાદ સડી જશે તથા ગંધાવા લાગશે. તેથી આ માણસો ઠાઠડી તૈયાર કરી, તેના ઉપર એને બાંધીને સ્મશાનમાં લઈ જશે અને તેને બાળી કે દાટી દેશે. દરેક માણસને એક વાર એ પ્રમાણે મરવાનું જ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને તો કુમાર બહુ જ વિચારમાં પડી ગયો, અને તેણે રથ ઘર તરફ પાછો ફેરવાવ્યો. કુમારને વિચાર આવવા લાગ્યો કે, અંતે જો વ્યાધિથી રિબાઈને કે વૃદ્ધાવસ્થામાં સપડાઈને, માણસે આ પ્રમાણે જ મરી જવાનું છે, તો પછી સુખ માટેના આ બધા પ્રયત્નો તથા તેને માટેના આ બધા કજિયાઓ શા કામના છે? આ બધાં સુખ છેવટે તો માણસને વ્યાધિ, વૃદ્ધાવસ્થા કે મૃત્યુના મોંમાંથી બચાવી શકવાનાં નથી; તો પછી તે સુખોમાં બંધાઈ રહી, પરવશપણે વ્યાધિ-જરા-મૃત્યુના સુખમાં સપડાઈને નાશ પામવું, એમાં શી માણસાઈ છે? માણસે તો આ દુઃખમાળામાંથી નીકળી એવું સુખ પ્રાપ્ત કરવા મથવું જોઈએ કે જેનો કશાથી નાશ જ ન થાય.

થોડા વખત બાદ કુમાર ફરીથી ઉદ્યાને જવા નીકળ્યો. આ વખતે રસ્તામાં, ભગવાં વસ્ત્ર પહેરી, ઝાડની નીચે બેઠેલા એક સાધુને તેણે જોયો. તેને જોઈ સિદ્ધાર્થે સારથિને પૂછ્યું: 'આ માણસ કોણ છે? તથા તેણે આવાં વસ્ત્ર કેમ પહેર્યાં છે?' સારથિએ કહ્યું: 'કુમાર! એ માણસ ઘરબાર છોડીને સાધુ થયો છે. જગતનાં સૌ સુખો ઉપર તેને વૈરાગ્ય આવ્યો છે, તેથી તેમનો ત્યાગ કરી તે સાચું મોક્ષસુખ પ્રાપ્ત કરવા માટે આ પ્રમાણે સંન્યાસી બન્યો છે. ઘણા વિચારવંત મનુષ્યો, સંસારનાં સુખોમાં બંધાઈ રહેવાને બદલે, સાચું સુખ શોધવાને અર્થે, આ પ્રમાણે સાધુ થાય છે.'

આ સાંભળી સિદ્ધાર્થ કુમારને અંતરમાં વિચાર સ્ફુર્યો: 'હું પણ આ પ્રમાણે આ બધાં તુચ્છ સુખોમાં બંધાઈ રહેવાને બદલે, સાચું નિર્ભય સુખ શોધવા માટે સાધુ થાઉં, તો કેવું સારું?' એમ વિચાર કરતો કરતો સિદ્ધાર્થ કુમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને મહેલ પાછો ફર્યો. ત્યાં જ તેને સમાચાર મળ્યા કે, તેની પત્ની યશોધરાએ પુત્રને જન્મ આપ્યો છે. એ સાંભળી સિદ્ધાર્થ મોટેથી બોલી ઊઠ્યો, 'આ તો બંધન આવ્યું; આ તો રાહુ પેદા થયો.'



સિદ્ધાર્થના પિતાએ પૌત્રજન્મને કારણે નગરમાં મોટો ઉત્સવ કરાવ્યો. પરંતુ સિદ્ધાર્થને વિચાર આવવા લાગ્યો કે, 'પુત્રજન્મ થયો એને માટે રાજાજી મોટો ઉત્સવ કરે છે; પણ તે પુત્ર તેમ જ આપણે સૌ નાશવંત છીએ, એ વાત તેઓ ભૂલી જાય છે, એ કેવી દુઃખની વાત છે! આ બધાં સુખોનું પરિણામ અંતે દુઃખમાં જ આવે છે. મારે તો એવું શાશ્વત સુખ શોધવું છે, જેથી મને તેમ જ આ મારાં સગાંસંબંધી તથા આખી મનુષ્યજાતિને ફરી દુઃખી થવાપણું ન રહે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો વિચાર કરી, તે જ રાત્રે, ઉત્સવની ધમાલમાં બધાં થાકીને ઊંઘી જાય ત્યારે મહેલ છોડીને નીકળી જવાનો સિદ્ધાર્થે વિચાર કર્યો. રાત્રે જતા પહેલાં પોતાના નવા જન્મેલાં પુત્રનું મોં જોવાનો વિચાર કુમારના મનમાં વારંવાર આવવા લાગ્યો; અને તે યશોધરાના ઓરડા સુધી ગયો પણ ખરો. પરંતુ યશોધરાનો હાથ બાળક ઉપર હોવાથી પુત્રનું મોં જોઈ શકાયું નહિ. યશોધરાનો હાથ ખસેડવા જતાં કદાચ તે જાગી ઊઠે અને પછી પોતાનું જવાનું બંધ રહે એ બીકે, છેવટે પુત્રનું મોં જોયા વિના જ સિદ્ધાર્થ કુમારે ઘર છોડ્યું.

માનવજાતિનાં દુઃખનો ઉપાય શોધવાને રાજકુમાર સિદ્ધાર્થે કરેલો એ ગૃહત્યાગ 'મહાભિનિષ્ક્રમણ' નામે ઓળખાય છે. એમ તો અનેકે પોતાના દુઃખની નિવૃત્તિ અર્થે કે સુખની શોધને અર્થે ગૃહત્યાગ કર્યો હશે; પરંતુ સિદ્ધાર્થ કુમારના આ ગૃહત્યાગે અનેક સ્ત્રીપુરુષનાં હૃદય જેટલાં હલાવી મૂકયાં છે, તેટલાં બીજા કોઈના ગૃહત્યાગે હલાવી મૂકયાં નથી. તેથી તેને મળેલું 'મહાભિનિષ્ક્રમણ' નામ યોગ્ય જ છે. જગતભરના કેટલાય મહાકવિઓએ તે પ્રસંગની આસપાસ કથા અને કલ્પનાની ગૂંથણી કરીને તેની અદ્‌ભુતતા ગાઈ છે, અને હજુય ગાયે જાય છે.

ગૃહત્યાગ બાદ સિદ્ધાર્થે શું શું કર્યું તથા અંતે કેવી રીતે તેમણે 'બોધિ' એટલે કે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તે 'બુદ્ધ' બન્યા, તેની કથા પણ તેટલી જ રસિક છે. મોટા થઈને તે કથા પણ જરૂર વાંચજો.

સ્વાધ્યાય

૧. સિદ્ધાર્થ શું કામ ઘર છોડીને ચાલ્યા ગયા?

૨. આજ જગતમાં બૌદ્ધધર્મ કયાં કયાં ચાલે છે? હિંદમાં બૌદ્ધ તીર્થો કયાં કયાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામવિયોગ

[રાજા દશરથે કૈકેયીને વરદાન આપ્યું હતું. કૈકેયીએ રામનો ચં
વર્ષ વનવાસ માગ્યો, એટલે લક્ષ્મણ અને સીતા સાથે રામ રથમાં બેસી
વનમાં જવા નીકળ્યા. રાજા દશરથનો સારથિ અને મંત્રી કે પ્રધા
સુમંત, તેને રામે રાજ્યની હદ બહાર પહોંચીને રથ સાથે પાછો રવા
કર્યો. એટલે તે ખાલી રથે અયોધ્યા તરફ આવે છે. ત્યારે તેની અ
નગરીની દશા કેવી છે તે કવિ ગિરિધર વર્ણવે છે :]

[રાગ વેરાડી]

सुमंत संचर्यो रे, मार्गे करतो जाय रुदन;
रथ हांकी वळ्यो रे, पस्ताय छे अति घणुं निज मन. १
अरे हुं अभागियो रे, वनमां मूकीने आव्यो राम;
मुने जननीए जन्म्यो वृथा रे, करवा आवुं निर्दय काम. २
देखशे रथ राम विना रे, पामशे मातपिता घणुं दुःख;
ज्यारे मने पूछशे रे, त्यारे हुं शुं देखाडीश मुख ! ३
सुमंत एम शोचतो रे, रोई रोई रातां थयां लोचन;
अश्रु झूरे घणुं रे, पग पाछा पडे दुर्बळ तन. ४
अवधपुर आवियुं रे, दीठी नगरी प्रेत समान;
लोक सहु रुदन करे रे, जे ज्यां ते त्यां मूकी भान. ५
ज्यारे राम वन गया रे, पुर मांहे पडी हडताळ;
देह ज्यम प्राण विना रे, त्यम थई अवधपुरी ते काळ. ६
प्रधान त्यां परवर्यो रे, पुरमां ढांकी पोतानुं मुख;
केकईने आंगणे रे, रथ छोडयो, थयुं अति घणुं दुःख. ७
मंदिरमां मंत्री गयो रे, ज्यां छे दशरथ भूप सुजाण;
सहु साथ वींटी वळ्यो रे, रायना कंठे आव्या छे प्राण. ८
सुमंते त्यां जई रे, कीधो रायजीने परणाम;
भूपति बोलिया रे, 'सुमंत, क्यां मूकी आव्यो राम ! ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्मण जानकी रे, प्राणवल्लभ मारो रघुवीर;
मारुं सरवस धन गयुं रे, हवे हुं क्यम करी राखुं धीर! १०
सुमंत, तें शुं कर्युं रे, रामने शीद मूकी आव्यो वन?
मंदिर मारुं उज्जड थयुं रे, कोणे फोडयां मारां लोचन? ११
हुं अंधनी लाकडी रे, रामने चोरी गयुं कोण आज?
देवे दुःख दीधुं घणुं रे, में शां कर्यां हशे कूडां काज? १२
मने मूकी क्यां गया रे? आवो मारा राम कुंवर सुकुमार.
मारी आज्ञा कोण पाळशे रे? कोण चलावशे राजव्हेवार? १३
वैदेही क्यां गई रे, सुंदर चंपककळी-सुकुमार?
आवो मारी मावडी रे, में तुंने दीधुं दुःख अपार. १४
हवे मुख नथी देखतो रे, लाडकवाया लक्ष्मण वीर;
आवो डाह्या दीकरा रे, मारुं तनमनधन रघुवीर. १५
हे विधि, तें शुं कर्युं रे? लूंटी लीधुं देखाडीने सुख;
आवुं कोने थाय नहि रे, हा हा दैवे दीधुं घणुं दुःख! १६
बाळक बाळपणे रे, में पापीए काढयां वन;
सुमंत साचुं कहे रे, क्यां मूकी आव्यो प्राणजीवन? १७
क्यां लगी संग कर्यो रे? क्यांथी तुं पाछो आव्यो घेर?
रामे त्यां शुं कर्युं रे? ते मांडी कहे मुजने पेर.' १८
सुमंत थयो गळगळो रे, नेत्र सजळ थई बोल्यो वाण:
'महाराज, में घणुं कह्युं रे, पण पाछा न वळया पुरुष पुराण. १९
शृंगवेर सुधी गयो रे, त्रण दिवस लगी रह्या निराहार;
मने पाछो वाळियो रे, गुह्यके उतार्या गंगा पार. २०
दक्षिण दिशा भणी रे, गंगा ऊतरीने गया राम;
तमने घणा करी रे, रघुपतिए कह्या छे प्रणाम.' २१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुणी एवुं भूपति रे, रूं रूं लाग्यो हुताशन;
गाढे स्वर थकी रे, राये कीधुं शोक-रुदन. २२
कंठ मळी गयो रे, अंग पछाडे अवनीमांय;
रामविजोगनो रे, अंगे अग्नि लाग्यो त्यांय. २३
आरत नादथी रे, पोकार्युं राये रामनुं नाम;
देह मूकी दशरथे रे, प्राण गया कहेतां हे राम. २४

[वलण]

राम राम रघुवीर कहेतां त्यज्या भूपे प्राण रे;
हाहाकार हवो तदा, सहु रुदन करे निर्वाण रे. २५

સ્વાધ્યાય

૧. કવિ ગિરિધર (ઈ. સ. ૧૭૮૭-૧૮૫૨). રામાયણ અં
કૃષ્ણચરિત એ બે એના જાણીતા કાવ્યગ્રંથો છે. રસ પડે તો એ
એમાંથી સરસ પ્રસંગો વાંચજો. કવિની સરળ ભાષા તમને ગમશે

૨. પોતાના જવાથી દશરથને આટલું બધું લાગી આવ્યું હોવ
છતાં, રામ વનમાં શું કામ ગયા એ ખબર છે?

૧૨

અંગ્રેજ પ્રજાનો પ્રાચીન કાળ

અંગ્રેજો આપણા દેશમાં એકચક્રે રાજ્ય કરે છે અને
વળી તેમની ચતુરાઈ બધી વાતમાં બેહદ છે. તેથી એવ
લોકનો ઇતિહાસ આપણે ખસૂસ જાણવો જ જોઈએ. અ
પાઠમાં તમને એ પ્રજાના પ્રાચીન કાળ વિષે થોડુંક કહું છું

પહેલાં તો તમે યાદ રાખજો કે, અંગ્રેજ લોકનાં ઉદય
અને વૃદ્ધિ પાછલાં સાતસેં વરસમાં જ છે. તે પહેલાં આ ટાપુન
(એટલે ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ અને વેલ્સ, અથવા ગ્રેટ બ્રિટનની
હકીકત જાણવા જોગ એટલી જ છે કે, કેટલીક જંગલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોળીઓ અહીંયાં ઊતરી પડી, અને પાછલીને મારી-છૂંદી પોતે ત્યાં વસી. એ વખતે આ ભૂમિ ઉપર જુલમ અને ખૂનરેજી જ ચાલી રહ્યાં હતાં. પણ પાછળથી ધીમે ધીમે એ હાડવેર ઓછું થતું ગયું, અને તેઓને એકબીજા સાથે સંસાર-વ્યવહાર બંધાયો. એ પ્રમાણે એકબીજા સાથે સેળભેળ થઈને એક નવી કોમ ઉત્પન્ન થઈ, તેનું જ નામ અંગ્રેજ. આ નામ પહેલવહેલું ઈસવી સનના ૧૩મા સૈકામાં પડ્યું.

અંગ્રેજ પ્રજા ચાર જાતના લોક મળ્યાથી થયેલી છે — બ્રિટન, સૅકસન, ડેન અને નૉર્મન. અંગ્રેજ લોકના લોહીમાં ઘણો અંશ સૅકસન અથવા ઍન્ગ્લો-સૅકસન લોકનો જ છે; તોપણ એમાં સૌથી જૂની જાત બ્રિટનની હતી.

આ બ્રિટન લોક ક્યાંથી અને ક્યારે અહીંયાં આવેલા, તેની કાંઈ ખબર નથી. ઈ. સ. પૂર્વે પહેલા સૈકાના મધ્યમાં રોમન લોકોએ (તે વખતે બ્રિટાનિયા કહેવાતા એ લોકના ટાપુ ઉપર) ચડાઈ કરી, ત્યારથી તેઓ બરાબર દુનિયાની જાણમાં આવ્યા. તે વેળા આ ટાપુની હાલત આ પ્રમાણે માલૂમ પડી હતી: જ્યાં જુઓ ત્યાં મોટાં મોટાં જંગલો અને શિકારી જાનવરો. માણસની વસ્તી કાંઈક છૂટી છૂટી હતી, પણ તેનાં રૂપ પેલાં જાનવરોથી પણ બિહામણાં હતાં. તાબૂતના વાઘની પેઠે શરીરને લીલાં પીળાં રંગી, હાથમાં તીર ને કામઠાં લઈ, તેઓ જાનવરોની પછાડી જંગલમાં દોડ્યા કરતા. કાંઈ હાથ આવે તો ખાય, નહિ તો ભૂખે મરે; અને રાત પડે ત્યારે પર્વતોની ગુફામાં કે ઝાડ પર પડી રહે. ઘર કે બાર કાંઈ તેઓ બાંધી જાણતા નહિ. લૂગડાંલત્તાં પણ પહેરવાનું તેમને ભાન નહોતું. ટાઢ વાય તો ચામડાં ઓઢે ને નહિ તો નવસ્ત્રા જ ફરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણ ભાગના દરિયાકિનારા ઉપરના લોકો છેક આ વનચર અવસ્થામાં નહોતા. તેઓ ઝૂંપડાં બાંધી રહેત અને થોડીઘણી ખેતી પણ કરી જાણતા. બગલમાં ઘાલી લઈ જવાય એવી ચામડાની નાની હોડી પણ તેઓ બનાવત તેઓના ગોર ડ્રુઈડ કરીને હતા, તે કાંઈક વધારે સમજણ હતા. તે માણસનાં બલિદાન આપતા.

આ સમે રોમન લોક દુનિયામાં (એટલે યુરોપમાં સૌથી બળવાન, સુધરેલા અને પ્રતાપી હતા. જ્યાં ત્ય એમનું જ રાજ્ય ફેલાયેલું હતું. પણ લોભને થોભ હોત નથી. બીજા મુલકને જીતીને પરવાર્યા ત્યારે તેઓએ અ કંગાળ ટાપુ પણ દાઢમાં ઘાલ્યો. પહેલવહેલી ચડાઈ રોમન જગપ્રસિદ્ધ સેનાપતિ જુલિયસ સીઝરે ઈ. સ. પૂર્વે ૫૫ મ કરી. એ થોડીક જીત કરીને ગયો ત્યાર પછી સો વર્ષ સુધી તો કોઈએ બ્રિટનોનું નામ લીધું નહિ અને તેઓ પહેલાંના જેવા જ સ્વતંત્ર રહ્યા. પણ પછીથી રોમન લો તેમની પછાડી ખાઈપીને મંડ્યા, અને ઈસવી સનનું પહે સૈકું પૂરું થતાં સુધીમાં તેમણે દેશનો કબજો કરી લીધો તોપણ ઉત્તર તરફનો સ્કૉટલૅન્ડનો ભાગ તો જીતી શકાયો નહિ

સ્વતંત્રતા ગઈ, પણ બીજી રીતે આ ટાપુને રોમન હાથમાં જવાથી ઘણા ફાયદા થયા. રોમન લોકો ત્ય આવીને વસવા લાગ્યા અને તેની સાથે વિદ્યાકલાઓ આવી હવે ખેતી દેશમાં ધમધોકાર ચાલી અને ગામો વસવ લાગ્યાં, શહેરો બંધાયાં અને હુન્નર દાખલ થયા. અ વેળા યૉર્ક શહેરમાં રાજધાની હતી, અને લંડન શહે પહેલવહેલું વસ્યું. દેશમાં જવા આવવાને માટે ચાર મોટ રાજમાર્ગો બંધાયા. દરેક શહેરની સુધરાઈની વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે હાલ ઈંગ્લેન્ડમાં ચાલે છે, તેનો પાયો આ વખતે જ નંખાયો હતો. એ રીતે રોમનું રાજ્ય ૩૦૦ વરસ સુધી ચાલ્યું એટલામાં આ મુલકનો દેખાવ છેક બદલાઈ ગયો અને તે ઘણા સુધારા પર આવ્યો.

આટલું છતાં પણ એક મોટો ગેરફાયદો એવો થયો હતો કે, તેણે સઘળા ફાયદા ઉપર પાણી ફેરવ્યું. રોમન રાજ્યની તજવીજ એવી હતી કે, તાબેના લોકમાંથી ક્ષત્રીવટ જાય અને વાણિયાઈ આવે. તેથી બ્રિટન લોક ધંધા-રોજગારમાં તો આબાદ થયા, પણ પોતાનું સઘળું શૂરાતન ખોઈ બેઠા. કોઈ પણ પ્રજામાં શૌર્ય એ કેવી અમૂલ્ય વસ્તુ છે તે, બ્રિટનોના હવે શા હાલ થયા, તે ઉપરથી તમને માલૂમ પડશે. તેઓની દોલત લૂંટાઈ, મુલક પારકે હાથ ગયો, અને તેઓની જડમૂળ પણ જગતમાંથી ઊખડી ગઈ.

કદાપિ તમે કહેશો કે, રોમનું રાજ્ય હતું તો તેણે આપડા બ્રિટનોનું રક્ષણ કેમ ન કર્યું? પણ બાપડું રોમ જ મરવા પડ્યું હતું, તો તે બીજાને શી મદદ કરી શકે? ચડતી ને પડતી એ સઘળાને છે. તેમ જ રોમને પણ થયું. ઘણી આબાદીથી રોમના લોકો એશઆરામમાં ગરક થઈ ગયા, કુસંપ વધ્યો, રાજ્યનું બધું તંત્ર સડી ગયું, અને તે વેળા દૈવયોગે તેમના રાજ્ય પર ચારે તરફથી જંગલી લોકનાં ટોળાં ધસી આવ્યાં. ઈસવી સનના ચોથા સેંકડાથી દસમા સેંકડા સુધી, આખા યુરોપની ઉત્તરમાં માણસોનું કીડિયારું જ, કોણ જાણે ક્યાંથી ઊભરાયું હતું! અને ત્યાં નહિ સમાવાથી તેઓ ફળદ્રુપ દક્ષિણ અને પશ્ચિમ ભાગના સઘળા દેશો ઉપર તૂટી પડતા હતા. એ લોકે આવીને યુરોપનાં સઘળાં રાજ્યોને તોડી પાડ્યાં, જૂના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારાને નાબૂદ કર્યો, અને આખા ખંડમાં જંગલીપણ અંધારું પાથરીને જગતનો જમાનો જ બદલી નાંખ્યો.

આવા લોકના હુમલા છેક રોમ સુધી જ્યારે આવ લાગ્યા, ત્યારે બ્રિટનમાંથી સઘળું લશ્કર પોતાના બચા માટે પાછું બોલાવી લેવાની રોમને જરૂર પડી. (ઈ. ૪૧૦). બ્રિટનોને આ રીતે પાછી સ્વતંત્રતા મળી, પ તેઓ તો તેથી રડવા અને કકળવા લાગ્યા. એ લોક સઘળા લડાયક ગુણ નાશ પામ્યા હતા, અને તેથી ઉત્તર લૂંટારુઓની સામા પોતાના જાન કે માલ બચાવવા જરા પણ શક્તિ તેઓમાં રહી નહોતી. જે લોક પૂ રોમ જેવાની સાથે પણ આથડતાં ડર્યા નહોતા, તે ધા ડાકુઓની સામા પણ પોતાનો બચાવ કરી શક્યા નહિ રોમે જતી વેળા હથિયારો પાછાં આપ્યાં હતાં અને કવાય પણ શીખવવાની મહેનત કરી હતી; પણ જાતની હિંમ વિના બાપડાં હથિયારો શું કરે?

આ ગભરાટના વખતમાં બ્રિટનોએ જર્મનીમાં (ઈ. સ. ૪૪૯) બે સરદારોને પોતાની મદદે બોલાવ્ય તેમણે આવીને ઉત્તરના સ્કોટ લૂંટારુઓનું દુઃખ તો તુ ટાળ્યું; પણ આ તો બકરી કાઢતાં ઊંટ પેઠા જેવું થ આ જર્મન લોકે લૂંટારુઓને તો કાઢ્યા, પણ એ લોક હવે કાઢે કોણ? તેઓ પાછા ગયા જ નહિ અને કેટલે મુલક પચાવી પડ્યા. એમને સહેજમાં રાજ્ય મળ્યું વાત સાંભળી, જર્મનીમાંથી બીજાં ટોળાં એક પછી આવવા જ લાગ્યાં. હવે બ્રિટનોની પૂરી કમબખ્તી આ આ જંગલી પરદેશીઓ મહાદુષ્ટ, લોભી અને તમોગુ હતા. તેઓ હવે બ્રિટનોનું સર્વસ્વ હરીને તેઓનું નિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કરવા તરફ મંડયા. બ્રિટનોમાંથી જે વતન છોડીને નાઠું તે જ બચ્યું, અને આખો દેશ એ પરદેશીઓથી જ વસ્યો. આમ ઈંગ્લૅન્ડમાંથી બ્રિટન લોકની જડ મૂળથી ઊખડી ગઈ, એમાં આશરે ૧૫૦ વર્ષ વીત્યાં.

જર્મનીથી આવનારી આ જાતમાં પહેલી ઍન્ગલ જાત હતી. તેણે ટાપુનો જે ફળવંત ભાગ કબજે કર્યો તેનું નામ હવેથી ઈંગ્લૅન્ડ, એટલે ઍન્ગલ લોકની ભૂમિ, એવું પડયું. પાછળથી આવનારી જર્મન ટુકડીઓમાં સૅક્સન લોક આગળ-પડતા હતા. તેમાંથી એગ્બર્ટ કરીને એક રાજા થયો, તેણે બધા લોકોને જીતીને ઈ. સ. ૮૨૭ માં ઈંગ્લૅન્ડનું એક રાજ્ય સ્થાપ્યું, અને ત્યારથી ત્યાંના લોક ઍન્ગ્લો-સૅક્સન નામથી ઓળખાવા લાગ્યા. આમ રોમનોના ગયા બાદ આશરે ૪૦૦ વર્ષે ઈંગ્લૅન્ડનું એક રાજ્ય સ્થપાયું.

ત્યાર બાદ પણ બહારની પ્રજાઓ તો ચડી આવી, જેવી કે સ્વીડન ડેન્માર્કના ડેન લોક અને ફ્રાન્સના નૉર્મન્ડી પ્રાંતમાંથી નૉર્મન લોક. પરંતુ આ અગાઉ દેશમાં વ્યવસ્થા ઊપજી હતી, અને આ પ્રજાઓ જોડે લડી કરીને તે પોતાના દેશને ૧૧મા સૈકા સુધીમાં બરોબર ગોઠવી શકી હતી. આ ડેન અને નૉર્મન પ્રજાના આગમનનો ઇતિહાસ પણ આકર્ષક છે. તે વખતે થયેલા મહાન આલ્ફ્રેડ અને કેન્યૂટ જેવા જબરા રાજાઓને આજ પણ અંગ્રેજ પ્રજા યાદ કરે છે. એ ઇતિહાસ તમારે આગળ ઉપર વાંચવો જોઈએ.

સ્વાધ્યાય

સ્વ. નવલરામ પંડિત (ઈ. સ. ૧૮૩૬-૧૮૮૮) આપણા એક સાક્ષર અને ઉત્તમ કોટિના શિક્ષક હતા. તેમણે 'અંગ્રેજ પ્રજાનો ઇતિહાસ' લખ્યો છે. થોડો ફેરફાર કરી, આ પાઠ તેમાંથી લીધો છે. એ ઇતિહાસ એવો સરળ છે કે તમને વાંચવો ગમશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

ખુરાસાનનો બાદશાહ

ઈરાન દેશમાં ખુરાસાન નામનો એક પ્રાંત છે. તેના એક બાદશાહ વિષે, ૧૩મા સૈકામાં થઈ ગયેલા શેખ સાદી કરીને એક પ્રખ્યાત ફારસી લેખકે, પોતાના 'ગુલિસ્તાન' (એટલે 'ફૂલવાડી') નામે જાણીતા ગ્રંથમાં, એક બહુ જ બોધક કથા લખી છે.

ખુરાસાનના બાદશાહને એક જીવલેણ દર્દ લાગુ પડ્યું હતું. એણે બહુ બહુ દવાઓ કરી, પણ કાંઈ ફાયદો થયો નહિ. છેવટે દૂર દૂરના દેશોમાંથી કેટલાક હકીમોને બોલાવવામાં આવ્યા. એમણે દીર્ઘ ચિકિત્સા પછી એકમતે કહ્યું: 'જહાંપનાહ! આપ નામદાર બહુ મોડા પડ્યા છો. વેળાસર અમને બોલાવ્યા હોત, તો કાંઈ ઉપાય થાત. હવે તો દર્દ ઘર કરીને બેઠું છે, એટલે શું કરીએ? એમ છતાં હજી એક છેવટનો ઉપાય અમને સૂઝે છે. પણ તે સાત દિવસની અંદર જ કરી દેવો જોઈએ. ખુદા ખેર કરે તો કદાચ એથી આપ નામદારની જિંદગી બચે.'

'તો વાર ન કરો, ઝટ કહી નાખો. બાદશાહ સલામતની સલામતી ખાતર આકાશ પાતાળ એક કરવાં પડે તો તેમ કરવા પણ સેવક તૈયાર છે,' વજીરે કહ્યું.

'તો સાંભળો. અમે કહીએ તેવા વર્ણનનો, બરાબર અઢાર વર્ષનો કોઈ છોકરો મળે, ને તેનું કાળજું કાઢીને અમને પાંચ દિવસની અંદર અપાય, તો એમાંથી અમે દવા બનાવી આપીએ,' હકીમોએ કહ્યું.

હુકમ પર હુકમ છૂટ્યા ને ત્રણ જ દહાડાની અંદર રાજ્યના ખૂણેખૂણાની ઝડતી લેવાઈ ગઈ ને ખબર આવ્યા કે, ફલાણા ગામના ફલાણા કોળીને ઘેર એક એવો છોકરો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત એ છોકરાનાં માબાપ પાસે બાદશાહના માણસો પહોંચી ગયા ને ધનની લાલચ આપી માબાપ પાસેથી એ છોકરાને પડાવી લાવ્યા. વડા કાજીએ હુકમ કાઢ્યો કે, એ છોકરાનો વધ કરવો; બાદશાહ સલામતની જિંદગી ખાતર કોઈ પણ ગુલામનો તો શું, પણ રૈયતનો પણ જાન લેવો પડે તો લેવો, એ હલાલ છે.

જોતજોતામાં છોકરાને વધસ્તંભ આગળ હાજર કરવામાં આવ્યો. તેને નાગી તલવાર લઈને ઊભેલા જલ્લાદે કહ્યું: 'તારા ખુદાને યાદ કરી લે.' છોકરાએ આકાશ તરફ આંખો માંડીને જરા હસતે હસતે કાંઈ ગણગણવા માંડ્યું.

'અલ્યા! આ હાલતમાં તને હસવા જેવું શું જણાય છે?' બાદશાહે આશ્ચર્યથી પૂછ્યું.

'જહાંપનાહ! ઈશ્વર સિવાય હવે મારું કોઈ બેલી નથી. છોકરાંને માબાપ તરફથી લાડની ઉમેદ હોય છે; પ્રજાને વડા કાજી બધી ફરિયાદો દૂર કરશે એવી આશા હોય છે, ને રાજપિતા તો ન્યાય જ કરશે એવો વિશ્વાસ હોય છે. હવે જ્યારે દુન્યવી ફાની ફાયદાને ખાતર મને માબાપે વેચી દીધો છે, કાજીએ મારા શિરચ્છેદનો હુકમ કાઢ્યો છે, ને આપ નામદારે મારા મોતમાં જ આપની જિંદગીની સલામતી શોધવાનો નિશ્ચય કર્યો છે, ત્યારે આ દુનિયા પર હું હસું નહિ તો શું કરું? રક્ષક જ ભક્ષક થાય—વાડ જ ચીભડાં ગળવા માંડે, ત્યાં કોને ફરિયાદ કરવી?'

આ બોલ સાંભળીને બાદશાહ ગળગળો થઈ ગયો ને આંસુથી ઊભરાતી આંખે ઊઠીને વધસ્તંભની પાસે ગયો ને બોલ્યો: 'આવા નિર્દોષના જાન લેવા કરતાં હું મરી જાઉં એ જ બહેતર છે.' એમ કહીને બાદશાહે એ બાળકને બાથમાં ઘાલ્યો ને માથે તથા આંખે મીઠડાં લીધાં. પોતાને જ હાથે તેના બંધ છોડી નાખી બાદશાહે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાત ભાતની ભેટો આપીને તેના પિતાને ત્યાં મોકલી આપ્યો.

એમ કહેવાય છે કે, મોટા મોટા વૈદો ને હકીમોથી બાદશાહનું જે દર્દ નહોતું મટતું, તે ત્યાર બાદ થોડા જ વખતમાં કોઈ ફકીરની ચપટીથી મટી ગયું.

સ્વાધ્યાય

૧. આ બાળકને માથે જેવી વીતી તેવી જ શુનઃશેપ નામના એક બાળકને વીતી હતી. તેની વાત ઋગ્વેદ જેટલી પ્રાચીન છે. એ વાત તમારા શિક્ષકને પૂછજો.

૨. બાળક મરણ-ઘડીએ હસ્યો શું કામ?

૩. રાજાએ કેમ તેને છોડી મૂક્યો?

૧૪

ઉખાણાં

૧

भात भातना रंग, लीलो पीळो के रातो;
लोह लकड वृक्ष वेल, राव रंक दुर्बळ मातो;
कनक कथीर मणि रत्न, मेरु मोटम तुछ तरणां;
जीवजंतु पशु पक्षी, सिंह नर हस्ती हरणां;
वळी जड चेतन नर नारीओ, लायक जन लेखी लियो;
शामळ कहे, चेतो चतुर नर, एक रंग सौनो कियो.

(પડછાયો)

२

चतुर नर तुं चेत, एक अचरत में दीठुं;
सुंदर रूप स्वरूप, अधिक अमृतथी मीठुं;
काया उपर हाड, हाड पर वाळ भणीजे;
वाळ उपर छे रुधिर, सुगुण तेना ज गणीजे;
खरी ते उपर तो खाल छे, खाल उपर वाळ ज नथी;
वळी मुखमांथी अमृत झरे, शामळ कहे कहो कथी.

(કેરી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

કવિ શામળ ભટ્ટ (ઈ. સ. ૧૬૧૪–૧૭૩૦)ના છપ્પા અને ઉખાણાં આપણા લોકમાં બહુ ફેલાયેલાં છે. સાદી ભાષામાં ને મજા પડે એવી રીતથી તે ગમત ભેગો બોધ આપી શકે છે. અને બુદ્ધિચાતુર્ય તથા વિનોદ ભરેલાં ઉખાણાં તો તમને બહુ જ ગમે. આ બે તેના નમૂના છે. જુઓ કે રોજ જોવાતા પડછાયા પરથી ને વરસોવરસ ખવાતી કેરી પરથી એમણે શી શી મજાની કલ્પનાઓ કરી કાઢી છે!

૧૫

અષો જરથુષ્ટ્ર અને જરથોસ્તીઓ

૧

પારસીઓને સૌ કોઈ ઓળખે છે. તેઓ ગુજરાત અને મુંબઈમાં મોટે ભાગે વસે છે અને ગુજરાતીને તેમણે પોતાની માતૃભાષા તરીકે સ્વીકારી છે. પરંતુ મૂળ તેઓ અહીંના નથી તે તેમના નામ પરથીય તમે જોઈ શકશો. પારસી શબ્દ સંસ્કૃત ‘ પારસ ’ પરથી બન્યો છે. હાલમાં જેને આપણે ઈરાન દેશ કહીએ છીએ, તેને સંસ્કૃતમાં ‘ પારસ ’ દેશ કહે છે. તે મુલકના વતની તે પારસી. તે દેશને ફારસી ભાષામાં ‘ ફારસ ’ કે ‘ ફાર્સ ’ કહે છે, અને સંસ્કૃત ‘ પારસ ’ શબ્દ તેનું રૂપાંતર છે. ઈસવી સનના સાતમા સૈકામાં મુસલમાન ધર્મ ત્યાં ફેલાવા લાગ્યો, એટલે પોતાના ધર્મની રક્ષા ખાતર તેમણે પોતાનું મૂળ વતન ઈરાન છોડ્યું, અને પોતાના પવિત્ર આતશને સાથે લઈને, ત્યાંથી હિજરત કરીને આપણા દેશમાં ગુજરાતના સંજાણ બંદરે તેઓ ઊતર્યાં. ત્યારથી તેઓ હિંદને પોતાનો દેશ કરીને રહ્યા છે.

પારસીઓને ‘ જરથોસ્તી ભાઈઓ ’ પણ કહેવામાં આવે છે, એ કદાચ તમે નહિ જાણતા હો. આપણે ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું કે, 'પારસી' નામ તેમના મૂળ-વતન પારસ દેશ પરથી પડયું છે; આ 'જરથોસ્તી' નામ તેમના આદિ ધર્મસંસ્થાપક, જરથુષ્ટ્ર પરથી છે. તે નામ તેમનો ધર્મ સૂચવે છે. તેમના ધર્મને સામાન્ય રીતે પારસી ધર્મ કહેવામાં આવે છે; પરંતુ તેના કરતાં ચોકસ શબ્દ વાપરવો હોય, તો આપણે તેને જરથોસ્તી ધર્મ કહેવો જોઈએ. જેમ ખ્રિસ્ત ઉપરથી તેમનો અનુયાયી ખ્રિસ્તી કહેવાય છે, તેમ જરથોસ્ત અથવા જરથુષ્ટ્ર ઉપરથી તેમનો અનુયાયી જરથોસ્તી કહેવાય છે. જરથુષ્ટ્રનો શબ્દાર્થ 'ઘરડા કે પીળા રંગના ઉષ્ટ્ર એટલે ઊંટનો માલિક' એવો બતાવવામાં આવે છે. તેમના જીવન તથા આદર્શની પવિત્રતાને લીધે તે સામાન્ય રીતે 'અષો' એટલે પવિત્ર જરથુષ્ટ્ર કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અષો જરથુષ્ટ્ર ઈરાનના વતની હતા. તેમનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો તે બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે. પરંતુ એમનો જીવનકાળ ઈ. સ. પૂ. ૬૬૦ થી ૫૮૩ સુધીનો હતો, એમ એક વિદ્વાન કહે છે. અને તે વિદ્વાન તેમનું જન્મસ્થાન પશ્ચિમ ઈરાનમાં ઉરુમિયાહ નામના સરોવર પાસે, રય નામના એક ગામમાં બતાવે છે. તેમના પિતાનું નામ પૌરુશસ્પ અને માતાનું નામ દૂગદો હતું. તેમનું કુલ કે ગોત્ર સ્પીતમ કહેવાતું હતું. તેથી કેટલીક વાર તેમને પ્રાચીન ઈરાનમાં જરથુષ્ટ્ર સ્પીતમ કે માત્ર સ્પીતમ પણ કહેતા.

બાળક જરથુષ્ટ્રને સાતમું વર્ષ બેસતાં, તેમના પિતાએ એક ડાહ્યા અને વિદ્વાન ગુરુની પાસે એમને ભણવા મૂક્યા. એમની મૂળ પ્રતિભાને લઈને તે આ ગુરુની કેળવણીને ઉત્તમ રીતે અપનાવી શક્યા. પંદર વર્ષના તે થયા ત્યારે તેમણે કસ્તી ધારણ કરી. કસ્તી પહેરવાથી પવિત્ર ધાર્મિક જીવનમાં પ્રવેશ કર્યો એમ મનાતું હતું. જેમ બ્રાહ્મણોમાં જનોઈ પહેરવાનો રિવાજ છે, તથા જનોઈ પહેરનાર નવો જન્મ પામ્યો એમ ગણાય છે, તેમ જ આ કસ્તી પહેરવાનો ચાલ પ્રાચીન ઈરાની આર્યોમાં પણ હતો, અને કસ્તી એ ધર્મજીવનમાં પ્રવેશ કર્યાનું ચિહ્ન મનાતી. તમને ખબર હશે કે, આજ પણ પારસીઓ એક ધર્મચિહ્ન તરીકે સદરા ઉપર કસ્તી પહેરે છે.

પોતાની યુવાન ઉંમરે જરથુષ્ટ્ર કેવા સમજણા અને વિચારવંત બન્યા હતા, તે એક પ્રસંગ પરથી સરસ સમજાય છે. જરથુષ્ટ્ર ૧૫ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ પોતાની મિલકત પોતાના દીકરાઓને વહેંચી આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરથુષ્ટ્રે બાપીકી પૂંજીમાંથી માત્ર કંદોરો જ લીધો. કંદોરાની પેઠે કસ્તી કમરે બંધાય છે; એટલે એમણે માત્ર કંદોરો લઈને એમ સૂચવ્યું કે, પોતે ધર્મને નામે કસ્તી બાંધીને હવે જે કમર કસી છે, તેટલો વારસો તેમને ઓછો નથી. આવી ધર્મજાગૃતિવાળા તે હતા.

૧૫ થી ૨૦ વર્ષની ઉંમરના સમયનો એક બીજો પ્રસંગ પણ જાણવા મળે છે. એક વર્ષ દુકાળ પડ્યો હતો, તેથી ઢોર તથા ગરીબ લોક ભૂખે મરતાં હતાં. તે વખતે પોતાની પાસેનું ઘાસ આપી તથા અનાજ મેળવવા મહેનત કરી તેમણે લોકને રાહત આપી અને બીજાને પણ તેમ કરવાને પ્રેર્યા. એક બીજો પ્રસંગ એના કરતાં વધારે કરુણ છે. એક વાર રસ્તે જતાં એક કૂતરીને ભૂખે ટળવળતી જોઈ, તેને માટે ખાવાનું લેવા તે દોડ્યા. પણ તે પાછા આવ્યા ત્યાર સુધીમાં એ બિચારીએ પ્રાણ છોડ્યા હતા. સ્વભાવે તે આવા દયાળુ અને પરોપકારી હતા.

પરંતુ, તેમના હૃદયની ઊંડી ભૂખ તો બીજી હતી. તેમને જગત અને જીવનનું ખરું રહસ્ય શું હશે તે જાણવું હતું. એને સારુ એકાંતમાં ધ્યાન અને ચિંતન કરવું જોઈએ. તે કરવાને માટે જરથુષ્ટ્રે એક પહાડ પર એકાંતવાસ કર્યો. લગભગ દશેક વર્ષ એમાં ગાળ્યાં. આમ ત્રીસ વરસના તે થયા ત્યારે તેમને જ્ઞાન થયું. પારસી ધર્મગ્રંથો કહે છે કે, એકાંતવાસને અંતે જરથુષ્ટ્રને અહુરમઝ્દ કે ઈશ્વરનાં દર્શન થયાં અને પ્રભુએ શ્રીમુખે તેમને સત્યધર્મનો બોધ કર્યો. આમ જ્ઞાન મેળવીને એકાંતમાંથી તે પાછા આવ્યા.

હવે તેમણે પોતાને મળેલા જ્ઞાનનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. તેને સારુ તે આખા ઈરાન દેશમાં બધે ફરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા. લગભગ ૧૦ વર્ષ સુધી તે આમ ફર્યા, પણ કોઈએ એમનું સાંભળ્યું નહિ. આવી નિષ્ફળતાની નિરાશામાં પણ જરથુષ્ટ્ર પાછા ન પડ્યા. આ વસમાં વર્ષોમાં, એમના હૃદય પર અસુરો પણ ચડી આવતા. દુનિયાના રાજની લાલચ આપી તેઓ એમને મળેલા સત્યથી ડગાવવા મથતા. પણ એ બધી લાલચોને તેમણે સત્ય આગળ તુચ્છ ગણી કાઢી; અને અહુરમઝ્દે એમને દર્શન દઈને જે સંદેશ આપ્યો એ જ ખરો છે એમ વિચારી, પોતે પર્વતની પેઠે અડગ રહ્યા અને એનો જ પ્રચાર કરવા લાગ્યા.

દસે વરસે પહેલો શિષ્ય મળ્યો તે એમનો એક પિત્રાઈ હતો. ત્યાર પછી બે વર્ષે, એટલે કે અષો જરથુષ્ટ્રના ૪૨મા વર્ષે, બલ્ખનો શાહ ગુસ્તાસ્પ જરથોસ્તી થયો. તેની સાથે રાજકુટુંબનાં માણસો અને દરબારીઓ પણ જરથોસ્તી બનવા લાગ્યાં. આથી ઈરાનમાં નવો ધર્મ ઝપાટાબંધ ફેલાવા લાગ્યો. એમ ૧૫–૧૭ વર્ષ ચાલ્યા બાદ, તુરાનના શાહ અર્જાસ્પનો વિરોધ જાગ્યો. તેણે ગુસ્તાસ્પને કહેણ મોકલ્યું કે, 'નવો ધર્મ તું છોડ, નહિ તો તારા દેશ ઉપર હુમલો કરીશ.' ગુસ્તાસ્પ એમ ઓછો જ ધર્મ છોડે? એટલે અર્જાસ્પ તેના મુલક પર ચડી આવ્યો. જરથોસ્તીઓને માટે હવે ધર્મયુદ્ધ લડવાનો સમય આવ્યો. ગુસ્તાસ્પનો દીકરો અસ્પંદિયાર એક જબરો યોદ્ધો હતો. એણે અર્જાસ્પને હરાવીને નસાડી મૂક્યો. વીસેક વર્ષ બાદ ફરી પાછો અર્જાસ્પ ચડી આવ્યો. આ વેળાએ તેનું લશ્કર લડતું લડતું બલ્ખ શહેર સુધી આવી પહોંચ્યું અને શહેરમાં દાખલ થયું. ઈરાનનો રાષ્ટ્રકવિ ફિરદોસી કહે છે કે, તે વખતે ૮૦ જેટલા મોબેદો સાથે અષો જરથુષ્ટ્ર બલ્ખના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રખ્યાત આતશબહેરામમાં પૂજાપાઠ કરતા હતા. તુરાનીએ ત્યાં પહોંચ્યા; મોબેદોને ઠાર કરી એમના જ લોહીથી એમના પવિત્ર અગ્નિને તેમણે ઠાર્યો ! અને કારમામાં કારમું કામ તો એ કર્યું કે, એક તુરાનીએ અષો જરથુષ્ટ્રનું પણ ખૂન કર્યું.

આમ ઈરાનના એ પેગંબર ૭૭ વર્ષની વૃદ્ધ વયે ધર્મને ખાતર શહીદ થયા.

૩

એમનો ઉપદેશ આજ સુધી આપણા દેશમાં પારસીએ પાળે છે. જગતમાં એક પરમ શક્તિ અહુરમઝ્દ કે ઈશ્વર છે. એ સૌને પેદા કરે છે, પોષે છે, અને સંહારે છે. જગતમાં જે કળિયુગની કે સેતાનની પાપી શક્તિ જણાય છે, તેને પારસી ધર્મમાં અહ્રિમાન કહે છે. પવિત્ર, મહેનતુ અને નીતિમય જીવન ગાળી અહ્રિમાનને હરાવવો જોઈએ અને અહુરમઝ્દનું શરણું લેવું જોઈએ. ટૂંકમાં અષો જરથુષ્ટ્રનો ઉપદેશ આવો છે.

કેટલાક લોકો એમ સમજતા લાગે છે કે, જરથોસ્તીએ આતશ-પરસ્ત એટલે કે અગ્નિપૂજક છે. તેઓ પોતાની અગિયારીમાં અગ્નિની પૂજા કરે છે એ સાચું; પરંતુ તેઓ અગ્નિને જ પૂજનારા છે એમ નથી. એમ તો તેઓ પૃથ્વી, જળ, વગેરે બધાં પંચભૂતોને નમન કરે છે. એમને મન આ બધાં ઈશ્વર કે અહુરમઝ્દનાં ચિહ્ન છે; પણ એ ઈશ્વર નથી. આ વિષે એક મજેદાર વાર્તા છે.

ઈરાનના એક ગામમાં એક જરથોસ્તી છોકરાને એક મુસલમાને આતશ-પરસ્ત કહ્યો. આ છોકરાને તેથી બહુ ખોટું લાગ્યું. એને એ શબ્દ એક ગાળ સમાન લાગ્યો. તેણે કહ્યું, 'તું બેવકૂફ છે. કવિ ફિરદોસીએ શું કહ્યું છે તે તને ખબર છે?' અને પાસે એક વૃદ્ધ માણસ બેઠો હતો તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષી પૂછી કે, 'ફિરદોસીએ એવું નથી કહ્યું કે જરથોસ્તીઓ અગ્નિપૂજક નથી, પણ એક ખુદા અહુરમઝ્દને પૂજનારા છે?'

ડોસાએ કહ્યું, 'હા, ખરી વાત છે. ફિરદોસી એમ જ કહે છે.'

જાણવા જેવી ગમત એ છે કે, સાક્ષી દેનારો ડોસો પોતે ફિરદોસી જ હતો, એ પેલા બાળકને ખબર નહોતી!

સ્વાધ્યાય

૧. જો તમારી જોડે પારસી વિદ્યાર્થી ભણતો હોય, તો તેની પાસેથી તેની અગિયારીની, કસ્તીની વગેરે વાતો જાણો.

૨. ફિરદોસી ઈરાનનો મહાન કવિ થઈ ગયો. તે મુસલમાન હતો. 'શાહનામું' એ એનો પ્રખ્યાત ગ્રંથ છે. એમાં એણે ઈરાનનો જૂનો ઇતિહાસ આપ્યો છે. આ જાણ્યા પછી હવે કહો કે, એની સાક્ષી પેલો છોકરો આપે છે તે કેવી ગણાય?

૩. એશિયાનો નકશો લઈ ઈરાન જુઓ. ગુજરાતમાં સંજાણ જુઓ. કેટલી લાંબી દરિયાઈ મુસાફરી ત્યારે પારસીઓએ કરેલી તેનો ખ્યાલ કરો. આજે ઈરાન જવું હોય તો કઈ રીતે જવાય?

૧૬

ષંડામર્કની પાઠશાળા

પાત્રો: રાક્ષસ-બાળકો, પ્રહ્‌લાદ અને ગુરુ.
સ્થળ: ષંડામર્કની પાઠશાળા.

ગુરુ ષંડામર્ક—બાળકો, સાંભળો. આજે તમને નવી વિદ્યા શીખવું છું: 'દાનવપતિ મહારાજ હિરણ્યકશિપુ એ આપણા રાજા છે.' શું કહ્યું?

બાળકો—હિરણ્યકશિપુ આપણા રાજા.

પ્રહ્‌લાદ—ગુરુજી, નારદ મુનિ તો કહેતા હતા કે આખા જગતનો રાજા રામ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ—(ડોળા કાઢીને) કુમાર, વચ્ચે ન બોલાય. બોલો, આપણો રાજા હિરણ્યકશિપુ.

બાળકો—હા જી, આપણો રાજા હિરણ્યકશિપુ.

ગુરુ—મહારાજ હિરણ્યકશિપુ આજ્ઞા કરે તે આપણો ધર્મ.

બાળકો—જી હા, હિરણ્યકશિપુની આજ્ઞા તે આપણો ધર્મ.

પ્રહ્‌લાદ—પિતાજી તો મને રામનામ ન લેવાની આજ્ઞા કરે, તે પણ ધર્મ?

ગુરુ—હાસ્તો. કુમાર, એ જ ધર્મ; એમાં શંકા કરવી એ જ અધર્મ. પણ તમારે વચમાં આવું અણઘટતું ન બોલવું જોઈએ.

બાળકો, યાદ રહ્યું કે? રાજા હિરણ્યકશિપુની આજ્ઞા તે આપણો ધર્મ.

બાળકો—હાજી, રાજા હિરણ્યકશિપુની આજ્ઞા તે આપણો ધર્મ.

ગુરુ—શાબાશ, ઠીક યાદ કર્યું. હવે બીજું સાંભળો. રાજા હિરણ્યકશિપુના શત્રુઓ તે આપણા શત્રુઓ.

બાળકો—રાજા હિરણ્યકશિપુના શત્રુઓ તે આપણા શત્રુઓ.

પ્રહ્‌લાદ—ગુરુજી, આપ ના કહો છો છતાં બોલ્યા વિના નથી રહેવાતું. પિતાજી તો દેવોને અને રામને પણ શત્રુ ગણે છે, તે પણ આપણા શત્રુ?

ગુરુ—હા હા, દેવો પણ શત્રુ અને રામ પણ શત્રુ; એક વાર નહિ પણ હજાર વાર શત્રુ. આટલી ઉંમરે તો બાળકે ગુરુનું વચન માની લેવું જોઈએ. કાચા બીજની પેઠે કાચી બુદ્ધિથી કામ ન લઈ શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન રાખો, બાળકો. જો મહારાજ હિરણ્યકશિપુના રાજ્યમાં રહેવું હોય, તો તેના શત્રુ તે આપણા શત્રુ.

બાળકો — શત્રુ શત્રુ, રાજાના શત્રુ તે આપણા શત્રુ.

પ્રહ્‌લાદ — ગુરુજી, પિતાજીના રાજ્યમાં ન રહીએ તો એમ ન માનવું પડે ને?

ગુરુ — કુમાર, તમને આવી અવળી બુદ્ધિ કેમ સૂઝે છે? તમને ખબર નથી કે, ત્રણે લોકમાં જેમ હવા વિના કોઈ પણ સ્થાન ખાલી નથી, તેમ હિરણ્યકશિપુની સત્તા વગર કોઈ સ્થાન ખાલી નથી? એ સત્તાની બહાર આ દેહની સાથે જવું શક્ય જ નથી.

પ્રહ્‌લાદ — ત્યારે દેહને જતો કરી દઈએ, પણ રામને કાંઈ શત્રુ કહેવાશે?

ગુરુ — જુઓ વત્સ પ્રહ્‌લાદ, તમે બાળક છો. આવું બોલો છો તે પિતાજી સાંભળે તો કેટલા કોપે?

પ્રહ્‌લાદ — ગુરુજી, ફૂલનો હાર ચડાવતાં કોઈ કોપે તેનું શું કરાય? રામનામ લેતાં કોપે તેનેય શું કરાય?

ગુરુ — બેટા, આમ ગાંડા શું થાઓ છો? ગુરુનું માન તમારે ન રાખવું જોઈએ?

પ્રહ્‌લાદ — ગુરુદેવનું માન ભાંગું તો મારું માથું ભાંગો. પણ ગુરુદેવનો આવો રામવિરોધી પાઠ શી રીતે માનું?

ગુરુ — પ્રહ્‌લાદ, જુઓ. હજુ તો ઘણું સારું ભણવાનું આવવાનું છે. તમારે માટે એક સુંદર મહેલ રાજાજીને કહીને ચણાવીશું. તમારે માટે હાથી, ઘોડા, દાસદાસી, જે માગશો તે મહારાજ પાસેથી અપાવીશ. કહો, કોઈ દિવસ રામનું નામ નહિ લઉં.

પ્રહ્‌લાદ — એમ કહું તો મારી જીભ કપાય. મહેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં શું રામનું મૂલ ઓછું? હાથીઘોડા કરતાં પ્રાણીમાત્રના સરજનહારનું મૂલ ઓછું?

ગુરુ — પ્રહ્‌લાદ, પ્રહ્‌લાદ, હવે હદ આવી. તમે પોતે તો મરવાના છો અને સાથે ગુરુને મરાવવાના છો! હવે જો આ તમારી હઠ નહિ છોડો, તો મહારાજ પાસે લઈ જઈશ.

છોકરાઓ, આજનો પાઠ બરોબર યાદ કરજો. જરા બહાર જઈને આવું છું.

(ગુરુજી જાય છે, બાળકો ગોખે છે.)

પ્રહ્‌લાદ — દોસ્તો, આવું બધું શું ગોખ્યા કરો છો?

એક બાળક — ગોખીએ નહિ તો ગુરુ ચામડી ચીરી નાંખે ને!

બીજો બાળક — ભાઈ, તમે તો રાજાના કુંવર એટલે તમને ન મારે. અમને તો જીવતા ન રહેવા દે.

પ્રહ્‌લાદ — પણ ભાઈઓ, જરા મારી વાત તો સાંભળો. પછી ગોખ્યા કરજો.

ત્રીજો બાળક — અલ્યા ઓ, સાંભળો સાંભળો કુંવરની વાત. આ ગોખવાનું તો બારે માસનું લાગ્યું છે.

ચોથો બાળક — બળ્યું એ ગોખવાનું. સમજાય નહિ કંઈ ને ઠાલું ગોખ ગોખ કરવું! કુમાર, તમે જ વાતો કરો.

પ્રહ્‌લાદ — બોલો ત્યારે ભાઈઓ, આપણે મોટા કે આપણા બાપ મોટા?

બાળકો — (ખડખડ હસી પડીને) આપણા બાપ મોટા વળી! આવું તે કેવું પૂછ્યું, પ્રહ્‌લાદજી?

પ્રહ્‌લાદ — ઠીક ત્યારે બીજું પૂછું. રાજા મોટા કે રાજાના રાજા મોટા?

પહેલો બાળક — અલ્યા, કુમાર તો બહુ સરસ પૂછે છે હોં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો બાળક — ગુરુ તો આવું કોઈ દિવસ પૂછે જ નહિ.

ત્રીજો બાળક — આપણે તો પ્રહ્લાદને જ ગુરુ કરો. કેમ ખરું ને?

બધા — હા હા, પ્રહ્લાદ જ આપણા ગુરુ, પ્રહ્લાદ જ આપણા ગુરુ. (હસે છે.)

પ્રહ્લાદ — સાંભળો સાંભળો. હવે જુઓ, બરાબર જવાબ દેજો. પિતાજી આપણા રાજા છે. પણ રાજાના રાજા રામ છે. બોલો ત્યારે કોણ મોટું? પિતાજી કે રામ?

બાળકો — તો તો રામ જ મોટા.

પ્રહ્લાદ — તેથી જ, ભાઈઓ, મને ગુરુનો પાઠ ગમતો નથી અને રામનું ભજન ગમે છે.

બાળકો — ત્યારે તો, કુમાર, અમને પણ તમારા રામનું ભજન શીખવો.

પ્રહ્લાદ — શીખવું છે? પણ જોજો, ગુરુ તમને મારશે.

બાળકો — ભલે મારે, ભલે મારે.

ચોથો બાળક — આમ પણ ક્યાં ઓછા મારે છે?

પહેલો બાળક — આ જુઓ ને, આખે ડિલે ચકામાંનાં ચિતરામણ! તમે ત્યારે ભજન શીખવો.

બાળકો — ગવડાવો, ભજન ગવડાવો. જે થવાનું હશે તે થશે.

(પ્રહ્લાદ, રામધૂન ગવડાવે છે — બાળકો ઝીલે છે.)

સ્વાધ્યાય

૧. શ્રી. જુગતરામ દવેએ લખેલા 'પ્રહ્લાદ નાટક'માંથી આ પાઠ છે. તે નાટક હજી છપાયું નથી, તેથી આખું તો તમને અત્યારે વાંચવા ને ભજવવા ન મળી શકે. આ ભાગ ભજવશો તો મજા પડશે.

૨. હિરણ્યકશિપુ અને પ્રહ્લાદની આખી વાત તમારાં માતપિતા કે શિક્ષક પાસે સાંભળજો.

૩. પ્રહ્લાદને ગુરુજી શું કામ વઢે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

રામબાણ

रामबाण वाग्यां रे होय ते जाणे.
ओल्या मूरख मनमां शुं माणे ? — टेक.

ध्रुवने वाग्यां, प्रह्लादने वाग्यां, ठरी बेठा ठेकाणे;
गर्भवासमां शुकदेवजीने वाग्यां, वेद-वचन परमाणे. राम०
मोरध्वज राजानां मन हरि लेवा, वहालो पधार्या ते ठामे,
काशीए जईने करवत मेलाव्यां, पुत्र पत्नी बेउ ताणे. राम०
बाई मीरां उपर क्रोध करीने, राणो खडग लई ताणे,
झेरना प्याला गिरिधरलाले, अमृत कर्या एवे टाणे. राम०
नरसिंह महेतानी हूंडी शिकारी, खेप करी खरे टाणे;
अनेक भक्तो एणे उगार्या, धनो भगत उर आणे. राम०

સ્વાધ્યાય

રામબાણથી ઘવાયેલાંનાં ઉદાહરણો કવિ કહે છે તે બધાંની વા
તમને આવડવી જોઈએ.

૧૮

ગુપ્ત સેવા

[શિખરિણી]

प्रकाशे ना आवे तरुवर तणां मूळ, पण ए
रहीने एकांते अवनितल ओथे, हरखथी
समर्पे सेवा, ने तरु विकसतुं फूलफळथी
यशस्वी मूळोनी कदर करतुं हा ! कवण ए ?

પૂજાલાલ

સ્વાધ્યાય

મૂળ જેવી ગુપ્ત સેવાનો કોઈ બીજો દાખલો ખોળી કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

વાડીમાંનો ચરુ

નાથુ કરીને એક ગરીબ ખેડૂત હતો. તેને વારસામાં મળેલી બાપીકી ફળઝાડની વાડી હતી, પણ તેમાંથી બહુ કાંઈ મળતું નહિ. તેથી નાથુને સંતોષ થતો નહિ ને હમેશ તે દુઃખી રહેતો. એક દહાડો આવી દુઃખી દશામાં ખિન્ન થઈ લમણે હાથ દઈને તે બેઠો હતો, તે વખતે તેને વિચાર આવ્યો, 'કહે છે કે પેલા છગનને રૂપિયાનો ચરુ દાટેલો જડયો! તો હું જ શું એવો કમનસીબ કે મારું એવું ભાગ્ય નહિ? મારે ચરુની શોધ કરવી જોઈએ.' બીજે દિવસે એ તો પાસેનાં જૂનાં ખંડેરોના ખૂણા અને એવી બીજી અવાવરુ એકાંત જગાઓમાં કોદાળી લઈને ભમવા લાગ્યો. સવારથી સાંજ સુધી બીજું કાંઈ કામ જ ન કરે! મળતર વગરનો આ ધંધો મહિનાઓ સુધી ચાલ્યો. એક દહાડો એની સ્ત્રી કહે, 'તમે ક્યાં સુધી આમ કર્યા કરશો? એમ ખામુખા ખોળ્યે તે કદી ચરુ મળતા હશે? મળવાના હોય તો એ તો એની મેળે મળે.'

એક દિવસ સવારે નાથુ અને એની સ્ત્રી નાસ્તો કરતાં હતાં. આજ નાથુના મોં પર આનંદ જણાતો હતો. નાથુ એની સ્ત્રીને કહે, 'હવે જગા મળી ગઈ. હવે તો નક્કી ચરુ મળ્યો જાણ.'

સ્ત્રી—ખરેખર! ક્યાંથી? ક્યાંથી?

નાથુ—એમ જ માન કે હવે હાથવેંત છે. વાત એમ છે કે, કાલે રાતે મને સ્વપ્નું આવ્યું કે, આપણી વાડીના એક ઝાડના મૂળમાં દટાયેલો તે પડ્યો છે. આ નાસ્તો કરીને ખોદી લાવું એટલી જ વાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝટ ઝટ નાસ્તો કરી લઈ નાથુ અને એની સ્ત્રી હાથમાં પાવડો ને કોદાળી લઈને વાડીમાં પહોંચ્યાં. સ્ત્રી પૂછે, 'કયા ઝાડના મૂળમાં?'

નાથુ માથું ખંજવાળતો આભો બનીને ઊભો રહ્યો. ઝાડો સામે તાકી રહીને તે ગણગણ્યો, 'કોણ જાણે!'

સ્ત્રી અધીરી થઈને તાડૂકી, 'પણ સ્વપ્નામાં કયું ઝાડ હતું? ધ્યાન દઈને જોવાનું ભાન હતું કે નહિ?'

નાથુ—બરોબર જોયું હતું. સ્વપ્નામાં તો સ્પષ્ટ ઝાડ દેખાતું હતું. પણ એવાં તો આપણી વાડીમાં બધાં દેખાય છે!

નાથુ ને તેની સ્ત્રી થોડી વાર તો વિચારમાં પડી ગયાં: જાણે કે હાથ આવેલો ચરુ ગયો! પછી નાથુ કહે, "પણ વાંધો નહિ. હું એમ ઓછો હારું એવો છું! ઝાડે ઝાડે ખોદી વળું; પછી એ ચરુ ક્યાં ઢંકાઈ રહેવાનો હતો. 'हिंमते मरदा तो मददे खुदा.'"

વાડીનાં એંસી–સો ઝાડ ક્યારે ખોદાય અને ક્યારે એ હાથવેંત આવેલો ચરુ જડે! આ વિચારથી સ્ત્રી નાસીપાસ થઈ. પણ નાથુએ તો કોદાળી લઈ ખોદકામના શ્રીગણેશ કર્યા. સ્ત્રી નિસાસાભેર એટલું જ બોલી, 'અરે, પણ જોજો મૂળ ન કાપો; નહિ તો ઝાડેય જશે.'

નાથુ—ઊંહ! મોટાં ઝાડ ન જોયાં હોય તો! મારા બાપાના જમાનામાં તો ઝાડ દીઠ કોથળો ફળ ઊતરતાં. આજ તો બધાં થઈનેય એટલાં નથી ઊતરતાં. એવાં ઝાડ તો ગયાં તોય શું ને રહ્યાં તોય શું? એ તો હવે ઈંધણાં જોગ જ રહ્યાં છે.

સ્ત્રી—સસરાજીના જમાનામાં કોથળો ઊતરતો, તો ક્યાં ત્યારની એમની માથાકૂટ અને જતન, અને ક્યાં તમારા અહીંથી તહીં ચરુ શોધવાના ભટકણવેડા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથુ—ના રે ના! એમ નથી. આપણી પેઠે આ ઝાડ પણ હવે ઘરડાં થયાં છે.

અને એમ કહીને એ તો કામે લાગ્યો. પહેલે દહાડે તો રાત સુધીમાં ચરુ ન દેખાયો. થાકીને લોથ થઈ રાતે તે ઘેર ગયો. સવારે ખાઈપીને પાછો ખોદવા મંડ્યો. રસ્તે આવતા જતા લોક જોવા લાગ્યા કે, નાથુએ આ શું માંડ્યું છે! કોઈ કોઈ તો ઊભા રહીને પૂછે, 'એલ્યા નાથુ, આ શી ખોદાખોદ માંડી છે?' નાથુ તો એક જ ધ્યાન રાખી ખોદ્યા જ કરે, ને ન કાંઈ બોલે કે ચાલે. પછી, કોઈ કોઈ તો ઊભા રહી એનું ટીખળ કરવા લાગ્યા ને એને કાંકરાયે મારવા લાગ્યા. આથી એક દહાડો નાથુનો મિજાજ ગયો ને કોદાળી લઈ મારવા દોડ્યો. ત્યારથી એની સામે આવી મશ્કરી કરવાનું તો બંધ થઈ ગયું. પણ ગામમાં સૌ કોઈ બોલે, 'નાથુ ગાંડો થઈ ગયો છે.'

કેટલાંક અઠવાડિયાં બાદ બધું ખોદકામ પૂરું થયું: વાડીના દરેક ઝાડનાં મૂળિયાં નાથુએ જોઈ કાઢ્યાં. આખી વાડી ખાડા ખાડા અને મટોડાના ટેકરા ટેકરા થઈ ગઈ. પણ પેલા ચરુનો પત્તો ન લાગ્યો! એટલે પાછો એ તો નસીબને ગાળ દેતો દુઃખી અને ખિન્ન ચહેરે પહેલાં પેઠે ફરવા લાગ્યો. રસ્તે મળતા લોકો તેને હસવા લાગ્યા. તેમણે એની વાડીનું નામ પાડ્યું 'મૂર્ખાની વાડી'. નાથુને થયું, "આ તો 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ' જેવા મારા ઘાટ થયા: ચરુ તો ન મળ્યો તો ન મળ્યો, પણ હવે તો ગામમાં રહેવું ભારે પડે છે!" એટલે એક દહાડો નાથુ એની સ્ત્રીને કહે, 'સાંભળ્યું કે? આપણે તો આ ગામ છોડીને બીજે ક્યાંક જતાં રહીએ. આ લોકથી તો હું કાયર થઈ ગયો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી સ્ત્રી ગળગળી થઈ ગઈ: 'એ તે કેવી રી
અને! જે ઘરમાં ને જે ગામમાં આપણો આખો જનમા
ગયો ને ઘરડાં થવા આવ્યાં, તે છોડી બીજે કેમ જવાય
ત્યાં રહેવાનું ગમે પણ કેમ? સુખેદુઃખે દહાડા એ
કાઢીશું. લોક ક્યાં સુધી બોલ્યા કરશે? એમનેય બી
ધંધો જડશે કે નહિ? પણ તમારે એ ખાડા તો પૂરી દે
જોઈએ, એટલે બોલવાનું એંધાણ તો ન રહે!'

નાથુ—એ કરવા તો મારા હાથ કે પગમાં હ
જરાકે જોર નથી. ખોદતી વેળા તો મનમાં એમ હતું
આ ઘડીએ ચરુ આવ્યો, આ ટચકો પડ્યો ને ચરુ જડ્યો
પણ પૂરવાનું તો મારાથી કેમે કર્યું નહિ બને.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ આખી ઉનાળાની મોસમમાં મહિનાઓ સુધી, ખોદાઈને તળે ઉપર થયેલી એ જમીને વા અને તાપ ખાધાં. અને ત્યાં સુધી લોકો એ 'મૂર્ખાની વાડી'ને ન ભૂલ્યા. પછી નાથુને થયું, 'કાંઈ નહિ તો ખાડા તો પૂરું જ, જેથી મૂર્ખાનો ઉખાણો તો ટળે.' થોડા દહાડામાં એણે આખી વાડી સરખી કરી દીધી. એટલે લોકો પણ એનું નામ ભૂલવા લાગ્યા.

બીજી વસંત ઋતુ આવી. એક દહાડો નાથુ સ્ત્રીને કહે, 'અરે, આ વર્ષે આપણી વાડીમાં તે કાંઈ મોર બેઠો છે! આવો મોર તો મેં મારા જનમારામાં પણ નથી જોયો.'

મોર ખરીને મરવા આવ્યા. કાળે કરીને ફળ થયાં. દર ઝાડે એને ઠલોઠલ કોથળો ભરીને ફળ ઊતર્યાં. અને પછી પણ ઓછુંવત્તું એમ જ વરસોવરસ ચાલ્યું. વરસોથી બાઝી ગયેલી જમીન તળે ઉપર થઈને તાપ ખાધાથી નવી થઈ હતી. નાથુનો ચરુ ભરાવામાં એ જ બાકી હતું. તે છતાં, ખરેખર, નાથુને ઝાડના મૂળમાંથી ચરુ જડી ગયો! હવે નાથુ ખિન્ન નથી રહેતો; હવે એની વાડી એક ઉદ્યમી ખેડૂતની વાડી તરીકે પંકાય છે. હવે નાથુને નસીબ નથી નડતું, કેમ કે જમીને એને સાચો ચરુ દેખાડ્યો છે.

સ્વાધ્યાય

૧. તમારા ગામમાં ફળની વાડી હોય તો ત્યાં પર્યટને જજો. વાડીવાળાને પૂછજો કે, તે અવારનવાર જમીન ખોદે છે? શું કામ?

૨. પછી નાથુને ચરુ જડ્યો? જડ્યો તો ક્યાંથી જડ્યો? એમાંથી શું મળ્યું?

૩. લોકો નાથુને હસતા હતા શું કામ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રવધૂઓની પરીક્ષા

ભગવાન મહાવીર અને બુદ્ધના જમાનાની આ વા[illegible] છે. રાજગૃહ નગરમાં ધન્ય નામે શેઠ રહેતો હતો. તે બ[illegible] સમૃદ્ધિમાન તથા બુદ્ધિમાન હતો. તેને ધનપાળ, ધનદે[illegible] ધનગોપ અને ધનરક્ષિત નામે ચાર પુત્રો હતા. તે ચ[illegible] પુત્રોને અનુક્રમે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિ[illegible] નામે ચાર સ્ત્રીઓ હતી.

એક વખત ધન્ય શેઠને વિચાર આવ્યો કે, ‘હું મા[illegible] કુટુંબના કામકાજમાં વડેરો છું, સૌને સલાહ આપું છું તથા સૌ મને પૂછીને જ કામ કરે છે. પરંતુ હું દેશાંત[illegible] ગયો હોઉં, વ્યાધિગ્રસ્ત થયો હોઉં, કે મરી ગયો હો[illegible] ત્યારે મારા કુટુંબનો આધાર કોણ થાય, એ હું જાણ[illegible] નથી. માટે મારે તે નક્કી કરી લેવું જોઈએ.’

આમ વિચારી, તેણે પોતાની ચારે પુત્રવધૂઓ[illegible] પરીક્ષા કરવા માટે, બીજે દિવસે પુષ્કળ ખાન-પાન તૈયા[illegible] કરાવ્યું, અને તે પુત્રવધૂઓનાં સર્વ સગાંને જમવા તેડાવ્[illegible] જમણ થઈ રહ્યા બાદ, બધાંની સમક્ષ તેણે પોતાની એ[illegible] એક પુત્રવધૂને બોલાવી, અને તે દરેકને ડાંગરના પાંચ પાં[illegible] દાણા આપીને કહ્યું, ‘હે પુત્રીઓ! તમે આ દાણ[illegible] સાચવજો, અને હું ફરી માગું ત્યારે મને પાછા આપજો[illegible]

મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાએ તે પાંચ દાણા લીધા અ[illegible] ‘સસરાજીના ઘરમાં ડાંગરના ઘણાય કોઠારો ભર્યા છે[illegible] એટલે તે પાછા માગશે ત્યારે કોઠારમાંથી લાવીને આ[illegible] દઈશ,’ એમ વિચારીને, કોઈ ન જાણે તેમ તેણે તે બહા[illegible] ફેંકી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી પુત્રવધૂ ભોગવતીએ એ દાણા લીધા અને, 'સસરાજી માગશે ત્યારે કોઠારમાંથી અપાશે' એમ ધારી, તેમને મસળીને ખાઈ ગઈ.

ત્રીજી પુત્રવધૂ રક્ષિકાએ તે દાણા એક સ્વચ્છ વસ્ત્રમાં બાંધ્યા, અને રત્નજડિત દાબડામાં મૂકી, ઓશીકા નીચે સાચવી રાખ્યા. પછી દિવસમાં ત્રણ વાર તે તેમને સંભાળવા લાગી.

સૌથી નાની રોહિણીએ તે દાણા લીધા. પરંતુ, 'સસરાજી કાંઈ રહસ્ય વિના આ પ્રમાણે પાંચ-પાંચ દાણા અમને સાચવવા આપે નહિ' એમ વિચારી, તેણે પોતાનાં પિયરિયાંને બોલાવી, તેમની પાસે તે દાણા પોતાને પિયેર એક ક્યારામાં વવરાવી દીધા. તેમાંથી ડાંગરના પાંચ છોડ ઊગ્યા. પાકનો સમય થતાં તેમાંથી ઘડો ભરાય તેટલા દાણા થયા. બીજી મોસમમાં તેણે તે દાણા પહેલાં કરતાં મોટો ક્યારો કરાવીને વવરાવ્યા, અને તેમાંથી કોથળો ભરીને ડાંગર પાકી. પછીની મોસમમાં તો તે દાણા મોટા ક્યારડામાં જ વાવવા પડ્યા, અને તેમાંથી કોઠી ભરીને ડાંગર થઈ. છેલ્લે વર્ષે તે બધી ડાંગર તેણે અનેક ક્યારડાઓમાં વવરાવી, અને તેમાંથી ગાડાં ભરીને ડાંગર થઈ.

પાંચ વર્ષ પૂરાં થયા બાદ, ધન્ય શેઠે પોતાનું કુટુંબ ફરી વાર એકઠું કર્યું, અને સૌને સારી પેઠે અન્ન-પાન જમાડી તૃપ્ત કર્યાં. ત્યાર બાદ બધાંની સમક્ષ તેણે પોતાની સૌથી મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને કહ્યું:

'હે પુત્રી! આજથી પાંચ વર્ષ પૂર્વે મેં આ કુટુંબ સમક્ષ તને ડાંગરના પાંચ દાણા આપ્યા હતા, તે તું મને પાછા આપ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસરાનું વચન સાંભળી, ઉજ્ઝિકાએ તરત કોઠારમાંથી પાંચ દાણા લાવીને આપ્યા.

શેઠે તેને સોગંદ દઈને પૂછ્યું કે, 'આ દાણા મેં આપેલા તે જ છે કે બીજા?'

ઉજ્ઝિકાએ કહ્યું: 'હે તાત! તમારા કોઠારમાં ઘણી ડાંગર ભરી છે એમ વિચારીને, તે પાંચ દાણા તો મેં ફેંકી દીધા હતા; આ દાણા તો નવા છે.'

તે પ્રમાણે બીજી પુત્રવધૂઓને પૂછતાં, બીજી ભોગવતીએ જણાવ્યું કે, 'હે તાત! તમે આપેલા દાણા તો હું ખાઈ ગઈ હતી; આ દાણા તો આપણા કોઠારમાંથી હું નવા લાવી છું.'

ત્રીજી રક્ષિકાએ પોતાને ઓશીકેથી રત્નજડિત દાબડો મંગાવ્યો; અને તેમાં સાચવીને મૂકેલી પોટલી છોડીને, તેમાંથી સસરાએ આપેલા મૂળ પાંચ દાણા કાઢી આપ્યા.

છેલ્લી રોહિણીએ કહ્યું, 'હે તાત! એ દાણા એમ નહિ આવે. તેને માટે તો ગાડાં મોકલવાં પડશે!'

શેઠે હસીને પૂછ્યું: 'બેટા! પાંચ દાણા માટે તે ગાડાં જોઈએ?'

રોહિણીએ પોતે કરાવેલા વાવેતરની વાત સસરાને નમ્રતાથી કહી સંભળાવી, તથા જણાવ્યું કે, 'આપે આપેલા પાંચ દાણામાંથી જ એ બધા દાણા નીપજ્યા છે.'

આ વાત સાંભળી અતિશય સંતુષ્ટ થઈ શેઠે આખા કુટુંબની સમક્ષ કહ્યું કે, 'આ રોહિણીને હું ઘરનો બધો કારભાર સોંપું છું, તથા આજથી તેને જ હું કુટુંબનાં બધાં કામકાજમાં સલાહકાર નીમું છું; આ રક્ષિકાને હું ઘર તથા કુટુંબની બધી સંપત્તિની રખવાળી સોંપું છું; ભોગવતીને રસોડાની દેખરેખ સોંપું છું; અને ઉજ્ઝિકાને ઘરની સફાઈની જવાબદારી સોંપું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. કેટલી બધી જૂની આ વાત છે! એવા જ સારની એક વાત બાઇબલમાં છે તે કહું. એક વેપારી હતો. પરગામ જતા અગાઉ એણે વિચાર કર્યો, 'મારા દરેક નોકરને તેના ગજા પ્રમાણે કાંઈક ભાળવણી કરવાનું સોંપતો જાઉં.' એમ વિચારી એણે એક નોકરને પાંચ સિક્કા, બીજાને બે, અને ત્રીજાને એક આપ્યો; પછી તે પ્રવાસે ગયો. હવે પાંચ સિક્કાવાળે તથા બે સિક્કાવાળે એમાંથી વેપાર આદર્યો અને નવા બીજા સિક્કા પેદા કર્યા. પણ પેલો એકવાળો પાજી હતો, તેણે તે દાટી દીધો! શેઠે પાછા આવી હિસાબ માગ્યો; પેલા દાટનારાનો સિક્કો લઈ લીધો અને કહ્યું, 'તું એને લાયક નથી.'

મતલબ કે, બુદ્ધિ, કૌશલ્ય અને સમજ વગર જવાબદારી મળી શકતી નથી, અને મળે તોય તે જીરવાતી નથી.

૨. કઈ પુત્રવધૂ તમને હોશિયારમાં હોશિયાર લાગી? શાથી? એ ચારેનાં નામ એમનાં કામ પ્રમાણે જ પાડ્યાં છે. એ નામોના અર્થ તમારી ચોપડીને અંતે આપેલા કોશમાં જુઓ. શેઠના છોકરાનાં નામના અર્થ પણ સાથે સરખાવો.

૨૧

બંદી સિંહને

(શાર્દૂલવિક્રીડિત)

आवे ना, वनराज! याद तुजने ए मुक्त जंगी वनो,
तारी वागत हाक ज्यां गजबनी दिक्खंड डोलावती,
सुणी जे मदमस्त हस्तीवरनी सेनाय भागी जती,—
के आ पिंजरमां सुदीन वदने जीवी रह्यो नामनो?

પૂજાલાલ

સ્વાધ્યાય: આ પ્રશ્નનો તમે સિંહની-વતી જવાબ આપો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાચબા-કાચબીનું ભજન

कळकळ मा काचबी कूडी रे, रामैयानी रीत छे रूडी;
घणोनो आशरो धारे रे, तेने मारो साहेबो तारे रे. टेक.

काचबो काचबी सायरे रहेतां, हतां हरिनां दास;
दर्शन कारण बारणे नीसर्यां, राखीने विश्वास;
नीकळतां नजरे भाळ्यां, पारधीए बांधी वाळ्यां. १

काचबी कहे छे काचबाने, 'तें कहेण न मान्युं, कंथ;
आपण बेउने झालीने चाल्यो, ए तो लांबे पंथ;
हता बेउ जीव संगाथे, पड्या पापीने हाथे. २

पापीए पाप परगट कीधां, ओर्यां आंधणमांय;
चोदशथी सळगावियां, दुःखी थयां बहु त्यांय;
क्यां छे तारो सारंगपाणि ? माथे आवी मोत-निशानी.' ३

काचबो कहे छे काचबीने, 'तुं राखनी धारण धीर;
आपणने उगारशे वहालो जुगतेशुं जदुवीर;
चिन्ता मेली शरणे आवो, मरवा तुंने नहि दे मावो.' ४

'वारती'ती त्यारे शीदने मारुं, कंथ, न मान्युं कहेण ?
काळ आव्यो कोण राखशे ? तमे नीचां ढाळो नेण;
प्रभु तारो नाव्यो, प्राणी, माथे आवी मोत-निशानी.' ५

काचबी कहे छे, 'क्यां छे तारो राखणहारो राम ?
हरि नथी कोईना हाथमां, तमे शुं बोलो छो श्याम ?
मरवा टाणे मति मूंझाणी, तूट्या पछी झालवुं ताणी.' ६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘ त्रिकमजी, त्रण लोकमां मारे तमारो छे इतबार;
अटक पडी, हरि आवजो, मारा आत्माना ओधार;
छोगाळा, वात छे छेली, थाजो बळतांना बेली.’ ७

काचबो कहे छे, ‘ कोण उगारे ? जातो रह्यो जगदीश;
चारे दिशाए सळगी रह्युं, तेमां रह्यां विचोविच;
जेनो विश्वास छे तारे, तेनो इतबार न मारे.’ ८

‘ बळती होय तो बेसने मारी पीठ पर राखुं प्राण;
निन्दा करे मारा नाथनी, ते तो मारे छे मुजने बाण;
वहालो मारो आवशे वहारे, चोराशीथी मने उगारे.’ ९

काचबो कहे, ‘ किरतार न आव्यो, आव्यो आपणो अन्त;
प्राण गया पछी पहोंचशे, तमे ते शुं बांध्यो तंत !
आमांथी जो आज ऊगरीए, तो तो बहार पग न भरीए.’ १०

‘ विठ्ठलजी, मारी विनति सुणी, शामळा, लेजो सार;
लाज लोपाशे लोकमां, बीजी वांसे कोनी वहार ?
हरि मारी हांसी थाशे, प्रभु तारी पतीज जाशे.’ ११

केशवजीए करुणा कीधी, मोकल्या मेघ मलार;
अघवचथी उगारियां वहाले, लेश न लागी वार,
भोजल भरूंसो जेने, त्रिकमजी तारशे तेने. १२

સ્વાધ્યાય

૧. ભોજા ભગત (ઈ. સ. ૧૭૮૫–૧૮૫૦) અભણ હતા. પણ ભક્તિના તાનમાં આવી તે જે ભજનો ગાય, તે એમના ચેલા લખી લેતા. એ ભજનો આજ આખા ગુજરાતમાં વ્યાપ્યાં છે. કાચબાકાચબીનું ગીત તેમાંનું એક છે.

૨. કાચબાકાચબીની વાત લખી કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાણવટાનાં સાહસ

દુનિયામાં યુરોપના દેશોની, આજ બેત્રણ સૈકાંથી, ચડતી કળા ચાલે છે, તેનું એક મોટું કારણ એ દેશોની પ્રજાઓની ભારે જબરી સાહસવૃત્તિ છે. આપણા ડાહ્યા કવિ શામળભટે એમના એક કાવ્યમાં સાહસકર્મને નીચેના શબ્દોમાં નિંદ્યું છે:

'સાહસકર્મ કર્યાં થકી હોય હર્ષનો નાશ.'

પરંતુ સાહસ સાહસમાં ફેર છે. જે સાહસમાં અવિચાર, ઉતાવળાપણું કે મૂર્ખાઈ હોય, તેવું સાહસ જરૂર વખોડવા લાયક છે. પરંતુ સાહસમાત્ર એવાં નથી હોતાં. કેટલાંક સાહસો એવાં હોય છે કે તે વગર મનુષ્ય-જીવન ફીકું લાગે અને પ્રજાઓ ચડી ન શકે. એવાં જરૂરી સાહસને ઉદ્દેશીને વીર કવિ નર્મદે ગાયું છે કે,

[લાવણી]

'સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે;
યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.
કેટલાંક કર્મો વિષે ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ હામને ખાળે.'

અને કવિ આગળ એનું દૃષ્ટાંત આપે છે:

'સાહસે કોલંબસ ગયો નવી દુનિયામાં.'

ખરેખર, કોલંબસમાં જો સાહસ ન હોત, એ જો એની મુશ્કેલીઓ જ ગણ્યા કે ગોખ્યા કરત, તો તે અમેરિકા ન જ શોધી શકત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલંબસનો જીવનકાળ ઈ. સ. ૧૪૫૧થી ૧૫૦૬ સુધીનો હતો. મૂળ તે ઇટાલીનો વતની હતો. તેનો બાપ વણાટનો ધંધો કરતો. નાનો હતો ત્યારે કોલંબસે પણ થોડો વખત એ ધંધો કર્યો હતો. પરંતુ એનું મન દરિયો ખેડવા તરફ વધારે હતું. જિનોવાથી ઇંગ્લૅન્ડ સુધીની સફરો કરવામાંથી એને ખલાસીની સારી તાલીમ મળી હતી. એ ખગોળ, ભૂગોળ અને ભૂમિતિ પણ સારાં ભણ્યો હતો. એટલે તે નકશા પણ ચીતરી જાણતો હતો. એને સારુ વહાણવટીઓમાં તે ખૂબ ફરતો, તેમની સફરોની વાતો સાંભળતો. એમાંથી એનો સફરનો રસ વધારે ખીલ્યો, અને તે નવું નવું શોધવાના મનોરથો પણ દોડાવવા લાગ્યો.

આ કાળમાં પોતાના દેશનો કિનારો છોડીને આઘે જનારા સાહસિક વહાણવટીઓ યુરોપના દેશોમાં ભાગ્યે જ મળતા. અરે, તે વખતે વહાણવટાની કળા ત્યાં એટલી બધી ખીલી જ નહોતી. તે વખતનો ઇતિહાસ જોઈએ તો આપણો દેશ ત્યારે વહાણવટામાં આગળ હતો. સુરત ને કાઠિયાવાડનાં બંદરોએથી આફ્રિકા જોડે ઘણો વેપાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા લોક કરતા. મક્કાની હજે જનારા સુરતથી જ ઊપડતા. પરંતુ યુરોપમાં તે વખતે વહાણવટાની દશા સાવ શરૂઆતની જ હતી. એશિયા, યુરોપ અને આફ્રિકા એ ત્રિખંડના કિનારા ધોતો ભૂમધ્ય સમુદ્ર, ખરેખર, ત્યારના યુરોપને જાણીતી ભૂ એટલે પૃથ્વીના મધ્યમાં જ હતો. એમાં લોકો બીક વગર ફરતા, અને બાકી બધે જમીનવાટે જ જવાનું પસંદ કરતા. અમેરિકા જેવો કોઈ દેશ છે એવી ત્યારના યુરોપમાં કોઈને ખબર નહોતી. તેઓએ એશિયાના પૂર્વ દેશો અને હિંદ વિષે સાંભળ્યું હતું. માર્કો પોલો કરીને, વેનીસ શહેરના એક સાહસિક વેપારીનો છોકરો હતો. તે એના બાપ જોડે જમીનમાર્ગે ચીન ગયો હતો. ત્યાંથી પાછા આવીને તેણે પૂર્વના દેશોની અજબ સમૃદ્ધિની વાતો યુરોપમાં કહી. તે વાતો યુરોપીય લોકોને એવી તો અદ્‌ભુત લાગતી કે, વરસો સુધી તો કોઈ એમને ખરી જ માનતું નહિ! પછી ધીમે ધીમે જ્યારે લોકોનો પ્રવાસ વધ્યો અને એમણે જાતે બધું જોયું, ત્યારે તેમને જણાયું કે, માર્કો પોલોએ કહ્યું હતું તે ખોટું નહોતું.

અને તે વખતે વહાણમાં ચડી દૂર દેશો ખેડવા એટલે મરણ નોતરવા જેવું જ લાગતું. આજની જંગી આગબોટોની સરખામણીમાં તે વખતનાં વહાણો તો હોડકાં જ કહેવાય. ત્યારે વરાળ કે વીજળીની શોધ થઈ નહોતી; વહાણો સઢથી જ ચાલતાં.

આનાથી વધારે મોટી મુશ્કેલી તો મુસાફરી દરમિયાન ખાવાપીવાની ચીજોની અને રોગચાળાની હતી. મહિનાઓ સુધી સમુદ્ર ઉપર રહેવાનું થતું, તેથી તાજાં ખોરાક-પાણી મેળવવાની ઘણી હાડમારી પડતી. આજની જેમ ઓછાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે વચ્ચે બંદરો આવતાં હતાં કે ત્યાંથી તે ભરી લેવાય! તે વખતે તો વચ્ચે કદાચ જંગલી લોકોનો દેશ મળે તો જાન પણ જોખમમાં આવી જતા! તેથી વાસી માંસ અને સંઘરેલા પદાર્થો પર નિભાવ કરવો પડતો. તાજી ચીજ કોઈ મળી શકે તો કદાચ માછલી. લીલોતરી તો ક્યાંથી જ મળી શકે? આથી કરીને તેમના ખોરાકમાં વિટામિન જેવા, આરોગ્યને માટે જરૂરી પદાર્થો આવે નહિ. એટલે દાંતના ને બીજા જીવલેણ રોગ થતા. પીવાનું પાણી પણ પીપોમાં ભરી રાખવું પડતું. ઘણી વાર તે અસ્વચ્છ અને કાટવાળું પણ થાય, છતાં પીવું પડતું. તેથી કોલેરા, ટાઇફોઇડ જેવા રોગ પણ ફાટી નીકળતા. ઈ. સ. ૧૫૧૯માં મૅગેલન કરીને એક પોર્ટુગીઝ વહાણવટી ૨૦૦ ખલાસી લઈને સ્પેન દેશથી નીકળ્યો હતો. આખી દુનિયા ઉપર ચક્કર લગાવીને તે પાછો સ્વદેશ ફર્યો ત્યારે તેની પાસે અઢાર જ માણસો બચ્યા હતા!

આ કાળે એક બીજી મોટી મુશ્કેલી પણ હતી. આવાં સાહસોમાં ચાહીને કોણ આવે? એટલે સમાજના ગુનેગાર, પુરાણા કેદીઓ, કે એવા જ લોકો આવાં સાહસમાં આવવા તૈયાર થતા. અને આવા માણસો પાસે શિસ્ત જળવાવવાનું કામ કઠણ હોય છે.

આવી બધી મુશ્કેલી છતાં, કોલંબસ ઈ. સ. ૧૪૯૨માં એક દિવસ પૂર્વના દેશની શોધ કરવા ઊપડ્યો. સ્પેનના રાજાએ એને ઊપડવાની સવડ કરવામાં મદદ કરી હતી. ત્રણ નાનાં વહાણ ઉપર કુલ ૮૮ માણસો એણે લીધાં. તેમાંના કેટલાક તો કેદમાંથી એ શરતે છોડવામાં આવેલા હતા કે, છૂટીને તેઓ કોલંબસ જોડે સફરે જશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલો બંદરેથી તે ૩જી ઑગસ્ટે ઊપડયો, ને સીધું પશ્ચિમમાં પોતાનું વહાણ હંકાર્યું. શરૂમાં કેટલાક દિવસ સુધી બધું ઠીક ચાલ્યું. આગળ વધવાની સાથે ધીમે ધીમે જમીન દેખાતી બંધ થઈ, અને પછી ઉપર આકાશ ને નીચે તથા ચોપાસ પાણી સિવાય કાંઈ દેખાતું નહિ. કિનારે હંકારવા ટેવાયેલા ખલાસીઓ માટે આ નવો અનુભવ હતો. પણ કોલંબસ જુદી રીતે તૈયાર થયો હતો. પોતાના સમયમાં જેટલું ભૂગોળનું જ્ઞાન મળી શકે તે એણે મેળવ્યું હતું. કોપર્નિકસે કહ્યું હતું કે, પૃથ્વી મેદાન જેવી સપાટ નહિ પણ દડા જેવી ગોળ છે, તે કોલંબસ માનતો હતો. તે પરથી તેની ગણતરી હતી કે, યુરોપથી પશ્ચિમે મહાસાગરમાં હંકારીશ તો મને ચીન કે હિંદનો પૂર્વ કિનારો મળી રહેશે. એને બિચારાને ક્યાં ખબર હતી કે, એ રસ્તે આડો એક મોટો ખંડ સૂતો છે, અને એની પેલી પાર બીજો એક મોટો મહાસાગર ઓળંગે ત્યારે એશિયાની ભૂમિ આવે છે! એ તો સામે કાંઠે એશિયાની ભૂમિ મળશે જ એ આશાએ હંકાર હંકાર કરતો હતો. એના મનમાં ઉત્સાહ હતો, અડગ નિશ્ચય હતો; નવું શોધવાનું સાહસ હતું. પરંતુ તેના સાથીઓના મનમાં હવે ગભરાટ પેસતો હતો. કેટલાકને તો પૃથ્વી ગોળ છે એ નવી વાતમાં જ શંકા હતી. તેઓ હવે માંહોમાંહે બબડવા લાગ્યા, 'કોલંબસ તો કહેતો હતો કે, થોડા દિવસમાં જરૂર પહોંચાશે. આ તો નવ નવ અઠવાડિયાં થવા આવ્યાં તોય હજી પત્તો નથી! આ તો આપણને મોતના ઘરમાં જ લઈ જતો લાગે છે!'

કોલંબસને કાને આના ભણકારા પહોંચવા લાગ્યા. 'ભાઈઓ, હવે થોડા દહાડા રાહ જુઓ. જુઓ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકશો. હવે તો જમીન આવવી જોઈએ,'—એમ કહી તે સૌને ધીરજ આપતો. છેવટે એમની ધીરજ ખૂટી ને તેઓએ કોલંબસને પૂરો કરી વહાણ કબજે કરવાનો અને પાછા ફરવાનો પેંતરો રચ્યો.

કોલંબસે કરગરીને એમને ફરી કહ્યું, 'હવે તો જમીન જરૂર આવવી જોઈએ. જુઓ, આ લાકડું તણાતું આવે છે તે પરથી સ્પષ્ટ લાગે છે કે જમીન પાસે છે.' પછી તો જમીનનાં પક્ષીઓ જણાવા લાગ્યાં, અને ૧૧મી ઑકટોબરની મધરાત પછી એક વહાણમાંથી હર્ષના અવાજ આવ્યા, 'જમીન! જમીન!' બીજે દિવસે સવારે સૌ જમીન ઉપર ઊતર્યાં, અને પ્રભુનો પાડ માની, સ્પેનનો ઝંડો જમીન પર રોપી સૌએ તેને વંદન કર્યું. સૌએ માન્યું કે, આપણે હિંદના કિનારા પર ક્યાંક છીએ! કોલંબસ તો મરતાં સુધી એમ જ માનતો હતો. પરંતુ આપણને ખબર છે કે, એ તો અત્યારના વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓમાંનો એક ટાપુ જ હતો—'દિલ્હી તો હજી દૂર હતું.'

પરંતુ, એના આ સાહસ પછી અનેક યુરોપી વહાણવટીઓએ પૂર્વના દરિયાઈ રસ્તાની શોધમાં ઝંપલાવ્યું. વાસ્કો-ડી-ગામા આફ્રિકાની દક્ષિણે કેપ-ઑફ-ગુડ-હોપ આગળ ફરીને ઈ. સ. ૧૪૯૮માં હિંદ આવ્યો. મૅગેલને, પશ્ચિમમાં જતાં જતાં પૂર્વના દેશોમાં પહોંચાવું જોઈએ એવી જે કોલંબસની કલ્પના હતી, તે ખરી પાડી બતાવી; અને બીજા અનેક સાહસવીરો પોતપોતાના દેશને નામે, વહાણ લઈને દરિયા પર જમીનની જેમ દોડવા લાગ્યા. આમાંથી યુરોપનું વહાણવટું ખીલ્યું, વેપાર ખીલ્યો, અને વેપારની પાછળ પાછળ યુરોપનું સામ્રાજ્ય પણ વધ્યું. આજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપ એના આવા પ્રકારના સાહસથી પોતાની વર્તમાન સ્થિતિ ભોગવે છે. કવિ નર્મદ ખરું કહે છે કે, શુભ સાહસને માટે

'યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.'

સ્વાધ્યાય

૧. પ્રાચીન અંગ્રેજોની દશા તમે આગળ એક પાઠમાં જોઈ. તે જ અંગ્રેજોની પછી ચડતી થઈ તે સમજવામાં આ પાઠ તમને મદદ કરશે.

૨. કોલંબસ શી આશાએ આવડું મોટું સાહસ કરવા નીકળી પડ્યો હતો?

૩. આ પાઠની ભૂગોળ સમજવા દુનિયાનો નકશો પાસે રાખો.

૪. કોપરનિકસ અને ગેલીલિયોની શોધો વિષે ન જાણતા હો તો શિક્ષકને પૂછો.

૨૪

વિલિયમ ટેલ

[**સ્થળ:** શહેરનો ચોક. વચમાં એક ઊંચો વાંસ રોપેલો છે. તેના ઉપર એક ટોપી છે. બે સિપાઈઓ ચોકી કરે છે.]

૧લો સિપાઈ—આપણને અહીં ખાલી વખત બગાડવા જ રાખ્યા છે. કોણ અહીં આવવાનું હતું અને ટોપીને સલામ ભરવાનું હતું! પહેલાં તો અહીં લોકો માતાં નહોતાં. પણ જ્યારથી આ ચાડિયો અહીં ચડાવ્યો છે, ત્યારથી ચકલુંયે ફરકતું નથી.

૨જો સિપાઈ—કેટલાક રખડેલ મવાલીઓ આવે છે, અને આઘેથી પોતાની ફાટેલ-તૂટેલ ટોપી હલાવી આપણને ચીડવે છે એ જ. બાકી સૌ સારા માણસો તો અરધું શહેર ફરીને જાય છે, પણ ટોપીને સલામ ભરવાનું ટાળે છે.

૧લો સિપાઈ—પણ બપોરે કચેરીમાંથી પાછા જતાં તો અહીંથી જ જવું પડશે ને! ત્યારે આપણે ઘણાને પકડી શકીશું. ટોપીને સલામ ભરવાનું કોઈને સૂઝશે પણ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજો સિપાઈ—જો દોસ્ત, હું તને મારા મનની વાત કહું છું. મને તો અહીં આમ ઊભા રહીને લોકો પાસે સલામ ભરાવવી એ શરમભરેલું લાગે છે. ખાલી ટોપીની તે કોઈ ચોકી કરતું હશે? સૌ કોઈ આપણી મશ્કરી કરતા હશે. સૂબાનો આ હુકમ તો સાચે જ બેવકૂફના જેવો છે!

[વૉલ્ટરને આંગળીએ વળગાડી ટેલ પ્રવેશ કરે છે.]

વૉલ્ટર—બાપુ, ડુંગર જ ન હોય એવો કોઈ દેશ હશે?

ટેલ—હા. આપણે જો આ ઘાટ ઊતરીને પેલી મેર ચાલ્યા જઈએ, તો ત્યાં સપાટ પ્રદેશ આવે. ત્યાંની નદીઓ પણ શાંત મંદ ગતિએ વહેતી હોય, અને ચારે બાજુ નજર કરીએ તો ધાન્યથી ભરેલાં ખેતરો પથરાયેલાં દેખાય — આખો દેશ બગીચા જેવો લાગે.

વૉલ્ટર — હેં બાપુ, તો પછી આપણે શું કામ ત્યાં પહોંચી જતા નથી, અને અહીં આટઆટલી કડાકૂટ કરીએ છીએ?

ટેલ — તે દેશ તો ખૂબ સુંદર છે, ફળદ્રુપ છે. પણ ત્યાંના લોકો પોતાની મહેનતનાં ફળ ચાખવા પામતા નથી.

વૉલ્ટર — તો શું તે લોકો આપણી જેમ પોતાના દેશમાં સ્વતંત્ર નથી?

ટેલ — ના ભાઈ, તે દેશ સ્વતંત્ર નથી. ત્યાંના લોકોને કશી છૂટ નથી. લોકોમાંથી બહાદુરી અને સચ્ચાઈ ચાલી ગઈ છે. કોઈ કોઈનો વિશ્વાસ કરતું નથી.

વૉલ્ટર — વનમાં શિકાર તો કરતા હશે ને?

ટેલ — ના, વનનાં પશુપંખી તો બધાં રાજાનાં કહેવાય.

વૉલ્ટર — પણ નદીમાંથી માછલાં તો પકડી શકતા હશે ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલ—નદી દરિયો બધું જ રાજાનું.

વૉલ્ટર—ત્યાં તો હું ગોંધાયો હોઉં એમ જ મને તો લાગે. તેના કરતાં આપણા આ ડુંગરામાં બરફમાં પડી રહેવું સારું.

ટેલ—ખરું છે, ભાઈ; ખરાબ માણસો ભેગા રહેવા કરતાં અહીં પોતાના દેશમાં બરફનાં તોફાન વેઠવાં સારાં.

વૉલ્ટર—બાપુ, પેલી ટોપી તો જુઓ, વાંસ પર લટકાવી છે તે!

ટેલ—આપણને એની શી પડી છે! આપણે ચાલો આપણે રસ્તે.

[ચાલતા ચાલતા ચોકમાં આવે છે.]

૧લો સિપાઈ—બાદશાહકા હુકમ હૈ. ખડે રહો!

[ટેલ પોતાનો ભાલો સંભાળે છે.]

ટેલ—શું છે, રોકે છે શાનો?

૨જો સિપાઈ—તમે હુકમનો ભંગ કર્યો છે. તમે સૂબા સાહેબની ટોપીને સલામ ભરી નથી. ચાલો અમારી સાથે.

ટેલ—દોસ્ત, જવા દેને હવે.

૧લો સિપાઈ—જવાનું હવે જેલમાં. જેલમાં ચાલો.

વૉલ્ટર—બાપુને જેલમાં? દોડો, દોડો, ઓ ભાઈ આમ આવો, આમ આવો; આ લોકો મારા બાપુને જેલમાં લઈ જાય છે!

[કેટલાક નગરજનો આવે છે.]

૧લો શહેરી—શું છે?

૨જો શહેરી—તમે એને કેમ પકડો છો?

૧લો સિપાઈ—એ રાજદ્રોહી છે!

૧લો શહેરી—તારી ગેરસમજ થાય છે, ભાઈ. આ તો ટેલ છે—આબરૂદાર આદમી છે, સદ્‌ગૃહસ્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૉલ્ટર—દાદા, દાદા, જલદી આવો. આ લોકો બાપુને પકડી જાય છે.

૧લો સિપાઈ—ચાલો આની સાથે જેલમાં. જલદી કરો!

દાદા—ઊભા રહો. હું જામીન થાઉં છું. ટેલ, આ શી ધમાલ છે?

રજો સિપાઈ—એણે સૂબાસાહેબની ટોપીને સલામ ભરી નથી.

દાદા—અને એટલા માટે તમે એને જેલમાં લઈ જાઓ છો? ભાઈ, હું એનો જામીન થાઉં છું. એને જવા દો.

રજો સિપાઈ—તમે તમારા જ જામીન થાઓ એટલે બસ છે. અમે તો અમારે હુકમ બજાવવાના. ચાલો, લઈ ચાલો એને!

૧લો શહેરી—આ તો ભારે કહેવાય!

રજો શહેરી—આ આપણાથી નહિ જોઈ રહેવાય.

૩જો શહેરી—આપણે કંઈ જઈએ એમ નથી. કોણ એને લઈ જનાર છે? આપણે બધા સંપીને ઊભા રહો!

૧લો સિપાઈ—સૂબાના હુકમની સામે આ કોણ બોલે છે?

[કોઈ બોલતું નથી. બીજા બે જણ આવે છે.]

બે જણ—અમે આવીએ છીએ. શી ધમાલ છે? ઠોકો—નાખો હેઠા!

ટેલ—એ તો હું પહોંચી વળું એમ છું. જાઓ ભાઈઓ, પાછા જાઓ. તમે શું એમ ધારો છો કે, મારે એમને હાથ જ બતાવવો હોય તો મને એમના ભાલાની બીક લાગવાની હતી?

સિપાઈઓ—અમારા હાથમાંથી એને છોડાવી જવાની કોની તાકાત છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો — શાંત થાઓ, ભાઈઓ, શાંત થાઓ!

સિપાઈઓ — બળવો! બળવો! રાજદ્રોહ!

[દૂરથી રણશિંગાનો અવાજ આવે છે.]

લોકો — સૂબો આવ્યો! ગેસ્લર આવ્યો!

સિપાઈઓ — બળવો! ખૂન! દોડો! દોડો!

દાદા — આ પેલો સૂબો આવ્યો! અરેરે! હવે શું થશે!

૧લો શહેરી — રસ્તો મૂકો, રસ્તો મૂકો; સૂબાસાહેબને સારુ રસ્તો મૂકો.

[ગેસ્લર ઘોડે ચડીને આવે છે. સાથે થોડા અનુચરો છે.]

ગેસ્લર — મદદ માટે બૂમ કોણ પાડતું હતું? [કોઈ બોલતું નથી.] કોણ હતું એ? મારે જાણવું છે.

૧લો સિપાઈ — સાહેબ, આ માણસ ટોપીને સલામ ભરવાની ના પાડે છે, એટલે અમે એને પકડ્યો છે.

ગેસ્લર — ટેલ, તું બાદશાહનું અને મારું અપમાન કરવા માગે છે? તારે ટોપીને સલામ નથી ભરવી?

ટેલ — [શાંત અવાજે] સૂબાસાહેબ, મારું માથું એક ઈશ્વર સિવાય બીજા કોઈને નહિ નમે. મારી જિંદગી ભલે પરદેશીઓના હાથમાં રહી, મારું અંતર મારું જ રહેશે.

ગેસ્લર — હં . . . તને નિશાન તાકતાં સારું આવડે છે, ખરું ટેલ? મેં તો એવું સાંભળ્યું છે કે તું કદી નિશાન ચૂકતો નથી.

વૉલ્ટર — સાચી વાત છે, સાહેબ. મારા બાપુ સો ડગલાં આઘેથી ઝાડ પરનું લીંબુ તોડી પાડે છે.

ગેસ્લર — આ તારો દીકરો કે ટેલ?

ટેલ — જી સાહેબ.

ગેસ્લર — તારે બીજાં છોકરાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલ—બે દીકરા છે, સાહેબ.

ગેસ્લર—એમાં વધારે વહાલું કોણ છે?

ટેલ—મારે તો ત્રણે સરખા.

ગેસ્લર—ટેલ, તું સો ડગલાં આઘેથી ઝાડ પરનું લીંબુ તોડી પાડે છે ને, તો મારે તારી હોશિયારીનું પારખું જોવું છે. ઉપાડ તારું ધનુષ્ય અને તારા છોકરાના માથા પર હું લીંબુ મૂકું છું તે વીંધવા તૈયાર થા. જોજે, પહેલે જ તીરે લીંબુ વીંધાવું જોઈએ. નહિ તો તારું માથું ઊડયું જાણજે.

[બધા ભયથી કંપી ઊઠે છે.]

ટેલ—સૂબાસાહેબ, આપે શો કોપ કરવા ધાર્યો છે? મારે મારા પોતાના દીકરાના માથાનું જ નિશાન તાકવાનું? ના, ના, ખુદાવંદ. તમારા કહેવાનો ભાવાર્થ એવો નહિ હોય. તમે બાપ પાસે એવું કરાવો એ બને જ નહિ!

ગેસ્લર—તારે તારા છોકરાના માથા પરના લીંબુને વીંધવું જ પડશે! મારો હુકમ છે. તારે એ કરવું જ પડશે.

ટેલ—મારે લીંબુ વીંધવું જ પડશે? મારા છોકરાના માથા પર મૂકીને? તો હું મરવાને તૈયાર છું.

ગેસ્લર—વીંધ્યા વિના છૂટકો નથી. નહિ તો તું અને તારો દીકરો બંને મોતના મોઢામાં ગયા સમજ.

ટેલ—મારે મારા દીકરાના ખૂની થવું? સાહેબ, તમને પણ બાળક હશે. તમને પિતાના હૃદયની લાગણીની ખબર નહિ હોય?

૧લો શહેરી—સાહેબ, આ લોકોની આમ મશ્કરી શું કરવા કરો છો? જુઓને, બિચારા કેવા ફિક્કા પડી ગયા છે, કેવા થરથર ધ્રૂજે છે! એમને શી ખબર કે તમે મશ્કરી કરતા હશો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગેસ્લર — કોણ કહે છે કે હું મશ્કરી કરું છું? [ઝાડેથી તોડીને] આ રહ્યું લીંબુ! ચાલો જગ્યા કરો! અંતર માપો — સો ડગલાં ભરો. ઓછાંયે નહિ ને વત્તાંયે નહિ. ચાલ ટેલ, તાક નિશાન, ચૂકતો નહિ.

૧લો શહેરી — છોકરા, સૂબાસાહેબને પગે લાગ અને જીવતદાન માગ!

૨જો શહેરી — સાહેબ, હવે બહુ થયું! આમ પિતાના મનની વેદના સાથે ખેલ ખેલવા આપને છાજે નહિ. એને ઘેર જવા દો.

ગેસ્લર — ચાલો, ચાલો, જલદી કરો! તું ઊભો શું કરવા રહે છે? હું તારું ભાવિ તારા જ હાથમાં સોંપું છું. પછી તો તું મને કઠોર નહિ કહે ને? તું જાતે જ કહે છે કે તું જબરો બાણાવળી છે. તો સાબિત કરી આપ. વીંધી નાખ લીંબુને. તારા છોકરાને ઈજા કરવાનું તને કોણ કહે છે?

દાદા — [ઘૂંટણિયે પડી] સૂબાસાહેબ, અમે તમારી સત્તા કબૂલ કરીએ છીએ. તમારી દયાના ગુણ ગાવાનો પ્રસંગ અમને આપો, દયા કરો. મારી અરધી મિલકત લઈ લો, બધી લઈ લો, પણ આ છોકરાના બાપને જીવતો જવા દો.

વૉલ્ટર — દાદા, એ દુષ્ટને પગે શું કરવા લાગો છો? મારે ક્યાં ઊભા રહેવું તે મને બતાવો. મને લગારે બીક લાગતી નથી. મારા બાપુ તો ઊડતાં ચકલાં પાડે છે. તીર મને અડવાનું સુદ્ધાં નથી.

૧લો શહેરી — નામદાર, આ બાળકની નિર્દોષતાની પણ તમારા મન પર અસર થતી નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨જો શહેરી — અરે, એટલો તો વિચાર કરો કે, આપણાં કર્મનો હિસાબ લેનાર ઈશ્વર માથે બેઠો છે!



ગેસ્લર — એ છોકરાને પેલા ઝાડ સાથે બાંધો.

વૉલ્ટર — મને બાંધશો? ના. હું નહિ બંધાઉં. હું મારી મેળે સ્થિર થઈને ઊભો રહીશ. શ્વાસે નહિ લઉં. તમે જો મને બાંધશો તો મારાથી સ્થિર નહિ રહેવાય. અજાણતાં યે મારાથી છૂટવાનો પ્રયત્ન થઈ જશે.

૧લો શહેરી — ભાઈ, તારી આંખો બાંધવા દે.

વૉલ્ટર — મારી આંખો બાંધવાની શી જરૂર છે? તમને શું એમ લાગે છે કે હું બીઉં છું? જલદી કરો, બાપુ, તમારી નિશાનની કુશળતા બતાવી આપો. આ જુલમગારને વિશ્વાસ નથી આવતો કે તમે લીંબુ વીંધી શકશો. ચલાવો તીર!

[ટેલ તીર લઈને ચડાવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩જો શહેરી—અરે ટેલ, તું તાકવાનો એમ? ના, ના, તું ધ્રૂજે છે. તારા હાથ થરથરે છે. તારા પગ ગળતા લાગે છે!

[ટેલ ધનુષ્ય નીચું નમાવી દે છે અને બોલે છે.]

ટેલ—મારી આંખે અંધારાં આવે છે, મને કાંઈ સૂઝતું નથી.

લોકો—અરે રામ!

ટેલ—માફ કરો સાહેબ, મને તાકવાનું ન કહેશો. આ રહી મારી છાતી. [પહેરણ ખોલે છે.] બોલાવો તમારા સિપાઈઓને, મને વીંધાવી નાખો.

ગેસ્લર—મારે તારો જીવ લેવો નથી. મારે તો તારું નિશાન જોવું છે. તને અસાધ્ય કંઈ નથી, ટેલ. લોકો તો કહે છે કે, તું કશાથી ડરતો નથી; ગમે તેવાં તોફાનોથી પણ તું ગભરાતો નથી! તારે જો કોઈ માણસને બચાવવો હોય તો ગમે તેવા તોફાની સાગરમાં પણ તું વહાણ ખેડી શકે છે. તેં બીજાઓને બચાવ્યા છે, હવે તારી જાતને બચાવ!

[ટેલ એકાએક જાણે ઊંઘમાંથી જાગી ઊઠે છે, ટટ્ટાર બને છે. તેની આંખો ચમકી ઊઠે છે. ભાથામાંથી બીજું તીર લે છે અને કમરપટામાં ખોસે છે.]

વૉલ્ટર—મને લગારે બીક નથી લાગતી. તીર ચલાવો, બાપુ!

ટેલ—એમ જ જોઈએ.

૨જો શહેરી—સૂબાસાહેબ, બસ કરો. હવે વાત આગળ ન ખેંચશો. તમારે કસોટી કરવી હતી તે થઈ ગઈ. હવે વધુ ન ખેંચો. તમે હદ વટાવો છો!

ગેસ્લર—ચૂપ રહો. વગર પૂછ્યે વચમાં બોલશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજો શહેરી—જરૂર બોલીશ. કેમ ન બોલું? મને પણ બાદશાહની આબરૂ વહાલી છે. તેઓ કદી આવું ન જ થવા દે. લોકોની સાથે આવો વર્તાવ ન શોભે. અને આ રીતે વર્તવાનો તમને કશો હક્ક નથી.

ગેસ્લર—એમ! જરા મોં સંભાળીને બોલો.

રજો શહેરી—અત્યાર સુધી હું ચૂપ રહ્યો, પણ હવે નહિ રહું. બેલાશક, બોલાવો તમારા સિપાઈઓને. મારી પાસે પણ તલવાર છે! અને જે મારી સામે આવશે—

સિપાઈઓ—[મોટેથી] લીંબુ વીંધાયું, લીંબુ વીંધાયું! છોકરો તો ખાસો હસે છે!

લોકો—લીંબુનાં બે ફાડિયાં જ થઈ ગયાં છે!

ગેસ્લર—એણે વીંધ્યું ખરું! શી રીતે વીંધ્યું, પાગલે!

વૉલ્ટર—આ રહ્યું લીંબુ, બાપુ. મને તો ખબર જ હતી કે તમે મને વાગવા ન જ દો.

[ટેલ નમી પડે છે, પુત્રને ભેટે છે.]

૧લો સિપાઈ—નિશાન તે આનું નામ! વરસો સુધી લોકો આને નહિ ભૂલે.

૧લો શહેરી—લોકો યાવચ્ચંદ્રદિવાકરૌ ટેલનાં અને તેની ધનુર્વિદ્યાનાં ગુણગાન ગાયા કરશે.

ગેસ્લર—સાચે જ લીંબુ વચમાંથી વીંધાઈ ગયું છે. એનાં વખાણ કર્યા વિના ચાલે એમ જ નથી. ટેલ, આમ આવ.

ટેલ—શો હુકમ છે, સાહેબ?

ગેસ્લર—તેં તારા કમરપટામાં એક બીજું તીર ખોસી રાખ્યું હતું, એ મેં બરાબર જોયું હતું. એનું શું કારણ?

ટેલ—એવો અમારો રિવાજ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગેસ્લર—ના, ટેલ. મને ઉડાવવાની વાત ન કરીશ. તું સાચું બોલ. જલદી કર. એ બીજું તીર તેં શા માટે લીધું હતું ?

ટેલ—હે અભિમાની, તારે જાણવું જ છે તો કહું છું કે, જો હું નિશાન ચૂકી ગયો હોત અને મારા છોકરાને ઈજા થઈ હોત, તો તારો કાળ પણ તે જ ક્ષણે આવી લાગત. આ બીજું તીર તારે માટે જ રાખ્યું હતું. પણ ઈશ્વરની કૃપાએ પહેલું તીર સીધું ગયું. ઈશ્વર સદા સાચાનો બેલી છે. તે દુષ્ટોનું દમન કરે છે. તે હંમેશાં દુર્બળોનું સબળાથી રક્ષણ કરે છે, અને દુષ્ટોને ધૂળ ચાટતા કરે છે.

સ્વાધ્યાય

૧. સ્વિટ્ઝરલૅંડની આ લોકપ્રિય કથા રસપૂર્વક સમજવાને માટે તે દેશની ભૂગોળ યાદ કરો.

૨. તે દેશ પારકાના હાથમાં હતો એટલે કોના હાથમાં હતો?

૩. આ કથાનું આગળનું શિક્ષક પાસેથી જાણો. છેવટે વિલિયમ ટેલ અને તેના દેશભાઈઓ પર-રાજા સામે લડ્યા હતા ને દેશને આઝાદ કર્યો હતો.

૪. જર્મન લેખક શીલરે આ કથાનું નાટક લખ્યું છે. તે વાંચવા ઇચ્છો તો તેનો ગુજરાતી અનુવાદ થયો છે.

૨૫

આ દિવ્ય અમારો દેશ!

अमे भरतभूमिना पुत्रो ! अम मात पुराण पवित्र !
रे जेनां सुन्दर सूत्रो झळकावे उच्च चरित्र !
अम अन्तरने उद्देशी करशुं होकार हमेश :
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! १

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अंधार विषे अथडातां, के फरतां भव्य प्रकाश,
पडतां रडतां रगडातां, के करतां हास्य विलास,
पळ पळ अम उरनिधिए शी, हा ऊछळे ऊर्मि अशेष !
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! २
क्यां हशे हिमालय जेवा ? क्यां पुण्य पवित्र ज गंग ?
क्यां मळे अलौकिक एवा सहु देश तणा बहु रंग ?
क्यां मुनि ईश्वरजन वेसी करता प्रभुपंथ उजेश ?
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ३
क्यां राम युधिष्ठिर घूम्या ? क्यां गरज्या अर्जुन भीम ?
क्यां रजपूत वीर झझूम्या, दाखववा शौर्य असीम ?
रे भूलीए ते रीते शी, अम अंतरथी लवलेश ?
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ४
नथी रे जीववुं पर आशे : छे पारकी आश निराश;
नथी कर धरवो को पासे : स्वाश्रयनो छे उल्लास;
कंई पुण्यप्रभा ज प्रवेशी अहीं दे अमने उपदेश :
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ५
धम धम धरणी ध्रूजवीशुं, अम देश तणां करी गान;
जय जय जय नाद करीशुं, दईशुं मोंघा अम प्राण !
ए भक्ति वसी उर, तेशी देजो शक्ति, परमेश !
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ६

સ્વાધ્યાય

શ્રી. અરદેશર ફરામજી ખબરદાર (જન્મ ઈ. સ. ૧૮૮૧) આ કાવ્યના લેખક છે. તે કઈ કોમના માણસ હશે તે કહો જોઈએ ? પણ એમનો દેશ કયો ? તેના પર કેવો જબરો પ્રેમ એ આ કાવ્યમાં ગાય છે ? શું કામ દેશ પર એવડો પ્રેમ ઉપજવો જોઈએ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૉબિન્સન ક્રૂઝોની આપવીતી

૧

ઈ. સ. ૧૬૩૨માં, ઇંગ્લૅન્ડના યૉર્ક શહેરમાં, એક સારા ગણાતા સુખી ઘરમાં મારો જન્મ થયો હતો. અમે ત્રણ ભાઈઓ હતા, એમાંથી હું એકલો જ જીવતો રહ્યો હતો; એટલે તમે કલ્પી શકશો કે, મારાં માતાપિતાનું મારી ઉપર કેટલું વહાલ હશે. મારા પિતાએ તે જમાનામાં મળી શકે એવી બધી કેળવણી મને આપી હતી, અને તેમનો ઇરાદો મને વકીલ બનાવવાનો હતો. પરંતુ, કોણ જાણે શાથી, મને તો નાનપણથી જ દરિયો ખેડવા જવાની લહે લાગી હતી. મારા પિતાને એ બિલકુલ ગમતું નહોતું. એટલે તેઓ મને નાદાન સમજીને ઘણી વાર દરિયાનાં દુઃખો અને એનું અસ્થિર જીવન તથા જોખમો સમજાવતા અને છેવટે ગળગળા થઈને કહેતા, 'બેટા, હવે અમે બંને ઘરડાં થયાં; તારાં ઘરડાં માબાપને ખાતર પણ તું આ ગાંડપણ છોડ.'

આથી એક વર્ષ તો મેં મનમાં નક્કી કર્યું કે, મારે આ સાહસ નથી જ ખેડવું. પરંતુ મારો જીવ બહુ લાંબું ઝાલ્યો ન રહ્યો. એક દિવસ હું અમસ્તો રખડવા માટે હલ શહેર તરફ ગયો હતો. ત્યાં અચાનક મારો એક મિત્ર મને મળ્યો. તેણે કહ્યું, 'રૉબિન, લંડન સફર કરવા આવવું છે? મારા પિતાનું વહાણ જવાનું છે, એટલે તને ભાડું પણ નહિ બેસે.' આ સાંભળી હું તરત લોભાયો, અને ઘેર કાંઈ પણ કહ્યા વગર, ઈ. સ. ૧૬૫૧ના સપ્ટેંબરમાં, પરબારો લંડનની સફરે ઊપડ્યો.

ઈશ્વરે કદાચ મને બોધપાઠ જ આપવા ધાર્યું હશે! રસ્તામાં ભારે તોફાન થયું. હું તો દરિયાના પહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવથી હેરાન હેરાન થઈ ગયો. તોફાન શમ્યું જ નહિ; પરિણામે અમારા વહાણમાં ગાબડું પડ્યું, અને સારે નસીબે એક હોડીવાળાએ અમને ન બચાવ્યા હોત તો અમે સાગરને શરણે જ થાત. જેમ તેમ કરીને હું પછી લંડન પહોંચ્યો. મારે સમજીને અહીંથી પાછા મારા પિતા પાસે પહોંચી એમની માફી માગવી જોઈતી હતી. જ્યારે ડૂબતા વહાણ પર હું દરિયામાં હતો, ત્યારે મને મારા નાસી જવા માટે પસ્તાવો થતો હતો, અને મેં નક્કી કર્યું હતું કે, આમાંથી જો પરમેશ્વર મને બચાવશે, તો હું જરૂર મારા પિતા પાસે જઈ એમની માફી માગીને કહીશ કે, હવે કદી તમારી આજ્ઞા નહિ તોડું. પરંતુ લંડન સાજાસમા પહોંચ્યા બાદ ત્યાંનું બારું અને ધમધોકાર ચાલતો વેપાર જોઈને, મારો એ પસ્તાવો ઓગળી ગયો. મેં ફરી પાછું સફરે ઊપડવાનું ગોઠવ્યું. હવે હું આફ્રિકામાં વેપાર માટે જતા વહાણમાં ઊપડ્યો. અને એમ એકબે વાર ગયા પછી હું રીઢો વહાણવટી બની ગયો. પ્રભુ જાણે, મારાં ભલાં માતાપિતા મારે સારુ કેવાં દુઃખી થતાં હશે!

૨

આફ્રિકાની મારી એક સફરમાં હું મૂર કહેવાતા લોકના હાથમાં સપડાયો. તેઓ મને ગુલામ તરીકે લઈ ગયા. મારો મૂર શેઠ ભલો માણસ હતો. પરંતુ ગુલામી કાંઈ ભલાઈથી ઓછી જ સહ્ય બની શકે! એક દિવસ સારો લાગ જોઈને, હું શેઠની જ એક હોડી લઈને નાઠો. મારે સારે નસીબે, વચ્ચે મને બ્રાઝીલ જતું એક વહાણ મળી ગયું, તેમાં બેસી હું બ્રાઝીલ પહોંચ્યો. અહીંના સ્પૅનિશ વસાહતીઓ જોડે મને સારું ગોઠી ગયું. તેમની જેમ હું પણ ખેતી કરવા લાગ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જતે દહાડે સારો ખેડૂત બન્યો. ધીમે ધીમે મારું ખેતીકામ એટલું જામ્યું કે મારે બે ત્રણ નોકરો રાખવા પડ્યા. પરંતુ મારો મૂળ ગ્રહ જ સુખનો નહિ, તે ત્યાં ચારેક વરસ સ્થિર રહ્યા બાદ પાછો હું ફરી સફરે ઊપડ્યો.

એક દહાડો મારા ત્રણ પડોશીઓએ મને વિનંતી કરી, 'ભાઈ, અમારું એક કામ ન કરો? તમે આફ્રિકાની રોજ રોજ જે રસિક વાતો કહો છો, તે પરથી લાગે છે કે, તમે ત્યાંના સારા માહિતગાર છો. અમે તમને વહાણ વગેરેની બધી સોઈ કરી આપીએ. અમારે ખાતર ત્યાં એક વાર જઈને ગુલામો ન લઈ આવો? તેમાંના અર્ધા તમને અમે આપીશું.' આ લોભાવનારી વાતમાં ફસાયા વગર મારાથી ન રહેવાયું, ને ચાર વર્ષની વાડી પર પાણી ફેરવીને પાછો હું ઊપડ્યો. તે દિવસ ઈ. સ. ૧૬૫૯ના સપ્ટેમ્બરની પહેલી તારીખ હતો. તે જ દહાડે આઠ વર્ષ અગાઉ હલથી હું ઊપડ્યો હતો. ત્યારના કરતાં આ વેળાના મારા ગ્રહો વળી વધારે અવળા નીકળ્યા.

સફરની શરૂઆતમાં પંદરેક દહાડા તો સૌ સારું ચાલ્યું. જરા ગરમી વધારે લાગતી હતી, છતાં હવા ખુશનુમા હતી. પછી અમારા દુઃખના દહાડા શરૂ થયા. પહેલું તો ખૂબ સખત વાવાઝોડું આવ્યું. બાર દહાડા સુધી તે ચાલ્યું! તે એવું તો જોરદાર અને બિહામણું હતું કે, અમારા વહાણને એની આગળ વિવશ થઈ તણાયા વગર છૂટકો નહોતો. તેવામાં એક દહાડો એક વહેલી સવારે અમારા એક માણસે હર્ષથી બૂમ પાડી, જમીન! એ બૂમ સાંભળી ન સાંભળી ત્યાં તો અમારું વહાણ નીચે રેતીમાં સખત ચોંટ્યું. તોફાન તો કહે મારું કામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહાડ જેવાં મોજાં ગર્જતાં હતાં. જડ થઈ ઊભેલા વહાણ પર હવે ઘણની પેઠે એ પડવા લાગ્યાં. વહાણને પૂરું કરવામાં એમને હવે સમય કેટલો લાગે છે એ જ જોવાનું હતું. વહાણ ભેગો એ મોજાં અમારો પણ ફૂટો જ કરશે એવી અમને ખાતરી થઈ. જમીન સામે દેખાતી હતી, પણ તે પાસે નહોતી.

કપ્તાને વિચાર કર્યો કે, આ અવશ્ય નાશ પામનાર વહાણમાંથી નાસી છૂટીએ તો કદાચ બચાય. એટલે અમારી પાસે વહાણ પર એક હોડી હતી તેને જેમ તેમ કરીને પાણી પર ઉતારીને તેમાં અમે કૂદી પડ્યા. મોજાં સામે આખડતા ને અથડાતા કેટલુંક અંતર અમે કાપ્યું. પરંતુ અમારું નસીબ તો ચાર ડગલાં આગળ જ ઊભેલું લાગ્યું: એક મોટા મોજાએ આવીને અમારી હોડીને ગબડાવી દીધી! ટોપલામાંથી નારંગી નીકળી પડે એમ અમે બધા પાણીમાં ઠલવાયા. પછીના મારા અનુભવની વાત તો કહી જાય એમ નથી. કાન, નાક અને આંખમાં જ નહિ, પેટમાં પણ પાણી પેસી ગયું. પરંતુ, મારું નસીબ એટલું સારું કે, ધક્કા મારતાં મારતાં મોજાં મને મૂર્છિત દશામાં કિનારે ફેંકી આવ્યાં. તેમાંથી મને બરોબર કળ વળી ત્યારે જોતાં મને જણાયું કે, વહાણમાંથી હું એકલો જ બચ્યો છું. એને માટે મેં ઈશ્વરનો પાડ માન્યો.

૩

દરિયામાંથી જેમ તેમ બચીને જમીન તો જોઈ; પણ હવે જમીન પર બચવું સહેલું નહોતું. જીવનમાં કદાચ પહેલી વાર મારી નજર મારી જાત ઉપર ગઈ. ઉપર આભ, નીચે જમીન, અને સામે પાણી સિવાય બીજું કોઈ મારી પાસે નહોતું. મારાં જે કપડાં હતાં તેય પાણીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીનાં જ હતાં. ખીસામાં ચપટીક તમાકુ, ચપ્પુ અને ચુંગી હતાં, એ જ આ જગતમાં મારું સર્વસ્વ હતું.

હવે મને તરસ લાગી હતી. મને થયું કે, ક્યાંક નદીનાળું દરિયાને મળતું હશે તે જો જડે, તો મીઠું પાણી મળે. સારે નસીબે તે મળી ગયું. પેટની ખોરાકની અને પાણીની બેઉ જગા પાણીથી ભરીને હવે હું આગળની ચિંતામાં પડ્યો. મેં તો માની જ લીધું કે, કોઈ જંગલી પશુ કે માણસને હાથે મારું મોત જ હવે બાકી છે. પણ તેથી હાથ જોડીને ઓછું બેસી રહેવાય છે! હિંસ્ર પશુઓ મારે નહિ તે સારુ મેં નક્કી કર્યું કે, ફાવે કે ન ફાવે તોય રાત ઝાડ પર કાઢવી. રક્ષણને સારુ એક ડાળી ફાંસીને તેનું ડફણું કર્યું. પછી એક ઘટાદાર ઝાડ ખોળીને તેના ઉપર આખી રાત વિતાડી.

સવારે ઊઠ્યો ત્યારે શરીર તાજું થયું હતું; મન સ્વસ્થ હતું. સામે દરિયો શાંત સરોવર જેવો હતો. પણ આ શું? મારું પેલું વહાણ,—કદાચ રાતની ભરતીથી—કિનારાની નજીક તણાઈ આવ્યું હતું! મને થયું, 'અરે ભગવાન, ત્યારે શું બચવાને નામે અમે હોડીમાં મરવા જ બેઠા એમ ને!' ગઈગુજરીના એ વિચાર રોકીને હવે મેં વહાણ પર જવાનું વિચાર્યું. મને આશા હતી કે ત્યાં કાંઈક ખાવાનું મળશે. દરિયામાં ઓટનો લાગ જોઈ હું કપડાં કાઢીને કૂદી પડ્યો. તરતો તરતો વહાણે પહોંચ્યો. શુભ જોગે એક દોરડાનો કકડો લટકતો હતો, તે ઝાલીને હું ઉપર ચડી ગયો. પહેલો ભંડારની ઓરડીમાં પહોંચ્યો. વિચાર કરો કે, ત્યાં કોરાં ખાસ્સાં બિસ્કિટ જોઈ મને કેવો આનંદ થયો હશે! ખાવાને માટે થોડાંક ખીસામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરીને હું હવે વહાણ પર બધું તપાસવા લાગ્યો, કેમ કે વખત ગુમાવ્યે પાલવે એમ નહોતું. મેં ઠરાવ કર્યો કે, થોડા દહાડા તો હવે આ વહાણમાંથી મારે જરૂરનો બધો સરસામાન ખસેડવા પાછળ મંડી પડવું. પણ તેને કિનારે શી રીતે લઈ જવો? વહાણ પર થોડાંક પાટિયાં, દોરડાં, ભાંગેલા લાકડાના દાંડા ને સઢ હતાં. એમાંથી મેં મારા કામ જોગો તરાપો બાંધી કાઢ્યો, અને લેવા જેવો બધો સામાન એના ઉપર લાદ્યો, અને એમ લદાયેલા તરાપાને પછી હલેસતો હલેસતો મારા ટાપુએ લઈ ચાલ્યો. ત્યાં હવે ઊતરવા માટે બંદર જેવી જગા જોઈએ. તે ખોળતાં એક ખાડી મારે હાથ લાગી ગઈ. તેમાં મારા તરાપાને મેં હંકાર્યો. તેમાંથી મને એક નદીમુખ લાધ્યું. એમાં મેં મારું બંદર કરી મારી ખેપ ઉતારી. આટલું કર્યું તેમાં મને કંઈ કંઈ મુસીબતો પડી. એક વાર તો મારો તરાપો નમી પડીને ઠલવાઈ જ જતો રહી ગયો. પણ એ બધી મુસીબતો જીતવામાં જ હવે મારો ઉગારો હતો.

સામાન તો લાવવા માંડ્યો. પણ તેને રાખવો ક્યાં? અને મારે પણ ક્યાં રહેવું? રોજ ને રોજ ઓછું જ ઝાડ પર સુવાય? પહેલી ખેપમાં પ્રથમ જરૂરિયાતની ચીજો હું લાવ્યો હતો: તેમાં ખોરાકી, સુતારીનાં ઓજારો, અને થોડાંક કપડાં ઉપરાંત બે બંદૂકો ને થોડોક દારૂગોળો પણ લીધો હતો. બંદૂક ખાંધે મૂકીને હું રહેઠાણની શોધ માટે હવે નીકળ્યો. આ વેરાન જગામાં બંદૂક વગર કદી નીકળવું નહિ, એ મારો કાયદો હતો. પહેલો હું એક ડુંગરી પર ચડ્યો. ચારે બાજુ નજર કરી તો મેં જોયું કે હું એક બેટમાં છું. તેની ઉપર ક્યાંય મને કોઈ માણસ જેવું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દેખાયું. ડુંગરીની એક બાજૂએ એક ગુફા જેવું હતું. અને તેના મોં આગળ થોડી સપાટ જગા હતી. મને આ જગા રહેઠાણ માટે ગમી. ગુફાના મોં આગળ મેં તંબૂ ઠોકયો. આમ મને ગુફા પણ કામમાં આવી. તંબૂની એક બાજૂ પહાડ હતો તે છોડી બાકી બધી બાજૂ મેં ફરતી લાકડાના દંડાની બેવડી વાડ કરી લીધી. અંદર જવા માટે એક નિસરણી બનાવી. અંદર જઈ મારી નિસરણી ખેંચી લઉં, એટલે મારા કિલ્લામાં પછી કોઈ આવી ન શકે !

૪

હવે મેં વહાણ પરથી ઝપાટાબંધ સામાન આણવા માંડયો. એ જો ચૂકું તો અહીં કયું બજાર હતું કે મને કશું પણ મળે? અને ભાંગેલું વહાણ કયારે તૂટી જઈ પાણીમાં વેરાઈ જાય, એનો પણ ભરોંસો નહોતો. એક દહાડો, વહાણ પર ચીજો ફંફોસતાં, મને નાણાંની પોટલી મળી! તે જોઈ મારાથી જોરથી ખડખડ હસવું રોકાયું નહિ. આ નિર્જન ટાપુમાં એ બિચારા નાણાંના સિક્કા શા કામના હતા? એક ખીલી પણ અહીં વધારે કીમતી હતી. પરંતુ, આ નિરાશાના ટાપુમાંથી પણ કોક દહાડો સુધરેલા જગતમાં જવાનું થાય, એવી અમર આશા મને ઊંડે ઊંડે પણ હતી જ; એટલે મેં તે નકામા સિક્કાને પણ લઈ તો લીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાણમાંથી વીણી આણેલા સામાનના ઢગલાથી મારી ઓરડી અને ગુફામાં ભીડ થઈ ગઈ. મને થયું, જો અભરાઈ હોય તો સારું. ખાવા માટે ટેબલખુરસી ન હોવાથી નિરાંતે જમાતું પણ નહોતું. મેં વિચાર કર્યો કે, લાકડું તો આ ટાપુ પર પુષ્કળ છે; લાવને બનાવું. અત્યાર સુધી કદી સુતારકામ મેં કર્યું નહોતું. પાટિયાં પાડવા માટે કરવત જોઈએ, તે મેં આણેલી ઓજાર-પેટીમાં નહોતી. કુહાડી મને મળી હતી, તે વડે ઝાડનું જાડું થડ છોલી છોલીને હું પાટિયાં કરવા લાગ્યો. તેમાં વખત તો બહુ લાગે; પણ ત્યારે આ ટાપુ પર મને દોડાદોડ પણ ક્યાં હતી? એક થડને છોલી છોલીને પાટિયું પાડી, તેમાંથી આવડ્યાં એવાં ખુરસીટેબલ અને અભરાઈ મેં બનાવી કાઢ્યાં. ખીલા ને હથોડી મને વહાણમાંથી મળ્યાં હતાં.

વહાણ પરથી હું શાહી, કલમ, અને થોડી ચોપડીઓ પણ લેતો આવ્યો હતો. એમાં બાઈબલ પણ હતું. મારી આગલી જિંદગીમાં મેં કદી બાઈબલ વાંચ્યું નહોતું. નિરાશાના આ નિર્જન ટાપુમાં મને એ ભારે સાંત્વન કે આસાએશ આપનારી ચોપડી થઈ પડી. કોક દહાડો પણ પ્રભુ મને ઉગારશે એ મારી શ્રદ્ધા બાઈબલના પાઠથી જ પાકી બંધાઈ. અને આ એકલ જીવનમાં મને જે ભય જેવું લાગ્યા કરતું હતું, તે મારો ભય પણ બાઈબલે જ કાઢ્યો. ખરેખર, ઈશ્વરની પ્રાર્થના મને જીવવામાં આધાર દેનારી લાગી.

કલમ શાહી શું કામ આણી હતી? મારે ક્યાં પત્ર લખવાના હતા? પત્ર તો નહિ, પણ હું, શાહી ચાલી ત્યાં સુધી, બરોબર મારી રોજનીશી નિયમસર લખતો. નવી શાહી બનાવવાની મારી એકે યુક્તિ ન ચાલી, એટલે એ લખવાનું મારે કમને છોડવું પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં મારે માટે એક કામચલાઉ પંચાંગ પણ બનાવ્યું હતું. ટાપુ પર આવ્યો એ પછી થોડા જ દિવસમાં, જે જગાએ હું આવ્યો હતો, ત્યાં મોટા અક્ષરે મેં પાટિયું કોતરીને રોપ્યું હતું કે,



'૩૦મી સપ્ટેંબર, ૧૬૫૯ ને રોજ આ જગાએ હું આવ્યો.' આ પાટિયાનો થાંભલો એ મારું પંચાંગ હતું. રોજ હું એ થાંભલાની યાત્રા કરતો અને એક કાપો કરતો. સાતમો કાપો લાંબો કરતો. અને મહિનો પૂરો થાય ત્યારે લાંબી નિશાની કરતો. આ મારું પંચાંગ મેં ઠેઠ સુધી જાળવ્યું.

૫

હવે મને આ ટાપુ પર આવ્યે વરસ થવા આવ્યું. વહાણમાંથી આણેલા ખોરાક ઉપરાંત હું શિકાર મેળવવા લાગ્યો હતો. મને ટાપુ પર બકરાં, પક્ષીઓ ને તેમનાં ઈંડાં જડયાં હતાં. એક જાતનાં ફળ જડયાં તેની સુકવણી હું કરી રાખવા લાગ્યો. થોડાં બિસ્કિટ વહાણ પર મળ્યાં હતાં તે હવે થઈ રહેવા આવ્યાં હતાં. એવામાં એક દહાડો મેં મારા તંબૂ પાસે એક બે જવના છોડ ઊગેલા જોયા. મારા આનંદનો પાર ન રહ્યો. શી પરમેશ્વરની મહેર! મને એ અહીં પણ ભૂલ્યો નથી — એ મને જરૂર ઉગારશે, એવી મને શ્રદ્ધા બેઠી. છોડને બેએક ડૂંડાં બેઠાં. દાણા પાકયા તે સાચવીને મેં બિયાવા તરીકે સંઘરી રાખ્યા. પછી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં એમાંથી ખેતી શરૂ કરી અને ધીમે ધીમે તે વધારીને હું વરસ જોગા રોટલાનું ધાન પકવતો થઈ ગયો.

તમને લાગશે કે, બી વગર અધ્ધર ને એકાએક અનાજ શી રીતે ઊગ્યું? મને એનો તાગ પછીથી મળ્યો હતો. ભાંગેલા વહાણમાંથી આણેલી ચીજોમાં એક થેલી હતી, તેમાં દાણા હતા તે ઉંદરે ફોલી ખાધા હતા. મારે એ કોથળી બીજા કામને માટે જોઈતી હતી, એટલે તેની અંદરના ખોખાં થઈ ગયેલા પેલા દાણા મેં, કશા પણ ખ્યાલ વગર, બહાર ફેંકી દીધા હતા. તેમાંથી બેપાંચ ઊગવા જેવા રહેલા દાણા ઊગ્યા! આ ખુલાસો ઘણા વખત પછી મને સૂઝયો હતો. પરંતુ તેમાંય ઈશ્વરની કૃપા તો હતી જ. દાણા બેચાર પણ બચવા ને આમ ઊગવા એ ઘટના પણ મને તો ઈશ્વરની મહેરબાની જ લાગી.

મારી વાત આગળ ચલાવું. ધાન તો ઈશ્વરે આપ્યું; પણ મારી પંચાતોનો પાર નહોતો. રાત પડે તે પહેલાં તો મારે ઘર ભેળા થવું જ જોઈએ ને પથારીમાં પહોંચી જવું જોઈએ. નહિ તો દીવા વગર હું કુટાઈ મરું. દીવા માટે તો મેં યુક્તિ શોધી કાઢી. મારા શિકારની ચરબી હું એકઠી કરી રાખતો. થેપી થેપીને મેં માટીનું એક કોડિયું બનાવી, સૂરજના તાપમાં જેવું પાકે તેવું પકવ્યું. તેમાં ચરબી મૂકી, ચીંદરડીને આમળીને મેં દિવેટ કરી. એમ બનેલો દીવો તેજ તો બહુ ઝાંખું આપતો; પરંતુ મારું અંધારું ટળ્યું.

વહાણ પરથી મળેલી ચીજોમાં બીજી એક મોટી ખોટ હતી વાસણોની. પાણીનો ઘડો સરખો મારી પાસે નહોતો, તો રાંધવાની હાંલ્લી કે લોટા-પ્યાલાની તો વાત જ શી? મારા રાજમાં માટી અને લાકડાંનો તો તોટો નહોતો. મેં કુંભાર બનવાનો વિચાર કર્યો. નાનપણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભારનો ચાકડો જોયો હતો, પણ કદી માટીને કે તેને હાથ લગાડ્યો નહોતો. જીવનમાં પહેલી વાર હવે હું કુંભકાર બન્યો. કેટલીય વાર આકાર ઘડ્યા ને તે તૂટી ગયા. ચાકડો તો અહીં ક્યાંથી જ હોય? મારે હાથે જ આકાર ઘડવાનો હતો. બે મહિના સુધી એમ મારી ઘડ-ભાંગ ચાલી. છેવટે બે વાસણ બન્યાં. એમનો આકાર અને એમનું રૂપ કેવાં હશે એ પૂછશો જ નહિ. અને એમને કાંઈક નામ હોવું જોઈએ, તેથી હું તેમને 'ઘડા' કહેતો. બાકી એ રૂપ તો જગતમાં અદ્વિતીય જ હતું. પછી તો મેં હાંલ્લી, પ્યાલા વગેરે ઘણું બનાવ્યું. તેની પર હાથ બેસતો ગયો તેમ હું સારા નમૂના પણ કરી શક્યો. તેમને પકવવાની કળા પણ મેં શોધી કાઢી. આમ વાસણોની મારી ચિંતા ટળી.

હવે મારો ઘરસંસાર ઠીક ઠીક ગોઠવાઈ ગયો હતો. શિકાર અને ખેતી ઉપરાંત રાચરચીલું બનાવવું, ઘરની મરામત કરવી, વગેરે અનેક કામમાં મારો દિવસ પૂરો થતો. વચ્ચે વખત કાઢીને ધીમે ધીમે મેં આ મારા રાજ્યના આખા ટાપુને પણ જોઈ કાઢ્યો.

વળી એક બીજો ધંધો સૂઝ્યો. એક વાર વર્ષામાં હું માંદો પડ્યો. ઘરમાં પડ્યા પડ્યા નવરા શું કરવું? મને ટોપલીઓ બનાવવાનું મન થયું. મારા ટાપુમાં વરસમાં બે ફસલ આવતી, તેથી હવે ધાન તો ખૂબ થવા લાગ્યું હતું. ટોપલી ટોપલા બનાવું તો ભરવા કામ લાગે, એ પણ કારણ હતું. નાનો હતો ત્યારે પટ પટ ટોપલી ગૂંથનારાને હું જોયા કરતો. હવે મેં જાતે તે કામ કરવા માંડ્યું. પાતળી ડાળીઓ કાપી લાવી તેમની ટોપલી મેં ગૂંથી. પહેલી ટોપલી કરી ત્યારે મારો આનંદ તો માતો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો, ગરમીની નવરાશના દિવસોમાં, દર વરસે હું ખપ જોગી ટોપલીઓ ગૂંથી લેતો.

અનાજ દળવા માટે ઘંટીનું શું કરવું, એ પણ પ્રશ્ન ઊઠ્યો. એક મજબૂત લાકડું ખોળી કાઢી તેનો ખાંડણિયો ને સાંબેલું બનાવ્યાં. મારો લોટ એનાથી ખાંડીને કરતો, અને વહાણ પરથી એક જાળીદાર કપડું મળ્યું હતું તેની ચાળણી બનાવી. અને મારાં કપડાં પણ હવે ક્યાં સુધી ચાલવાનાં હતાં? તે હવે ફાટવા આવ્યાં હતાં. શિકારનાં ચામડાં હું સૂકવીને સંઘરી રાખતો હતો, તેમાંથી નરમ જોઈને તેની ટોપી વગેરે બનાવ્યું. એક છત્રી પણ બનાવી, તે મને તાપ અને વરસાદ બેઉમાં ચાલતી. આદિ જમાનાનાં આ મારાં કપડાંમાં હું કેવો દેખાતો હોઈશ! પણ મારા સિવાય મને ત્યાં જોનાર પણ કોઈ નહોતું. મને તો તે બહુ જ ગમતાં, કારણ કે તેમનાથી મારું કામ બરોબર ચાલતું હતું.

૬

આમ મારું ઘર ગોઠવાઈ ગયું. વરસોનાં વરસો કાઢવામાં પણ હવે કશી મુશ્કેલી આવે તેવું લાગતું નહોતું. માત્ર એક વાતનું દુઃખ હતું અને તે એ કે, હું એકલો હતો; તેથી ઈશ્વરે આપેલી જીભ અહીં ન આપ્યા બરોબર જ હતી. ભાંગેલા વહાણમાં જીવતો રહેલો એકાકી કૂતરો હતો, તેણે



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને સાથ આપ્યો અને મેં એને આપ્યો. એ જ એક મારો સહવાસી હતો. ઉપરાંત મેં ટાપુ ઉપર આવીને એક પોપટ અને બિલાડી પાળ્યાં હતાં. પોપટને મેં મારું નામ બોલતાં શીખવ્યું હતું. 'બિચારો ક્રૂઝો' તે બોલે એ સાંભળી હું રાજી થતો. આ મારાં સહવાસીઓથી મને કાંઈક શાન્તિ વળતી.

થોડાંક વર્ષો બાદ ઈશ્વરે મને માણસ-મિત્ર પણ મોકલી આપ્યો. તે મને શુક્રવારને દિવસે મળ્યો હતો, તેથી મેં એનું નામ શકરો—'ફ્રાઇડે' પાડયું હતું. આખી જિંદગી એ મારા વફાદાર નોકર તરીકે મારી જોડે રહ્યો. એ માણસ પાસેના જંગલી લોકના ટાપુનો રહેવાસી હતો. આ નિર્જન ટાપુ પર તે ક્યાંથી આવ્યો, મને કેવી રીતે મળ્યો, એ વળી મારા જીવનનું એક સ્વતંત્ર અને રોમાંચક પ્રકરણ છે. મારી લાંબી આપવીતીમાં મેં એ વર્ણવ્યું છે તે વાંચજો. અહીં તો હવે હું મારી છેવટની વધામણી કહી દઈશ:

છેવટે પરમેશ્વરે મને અહીંની કેદમાંથી છોડયો. એક દિવસ, એક વહાણ દેખાય છે, એવી વધામણી મારા શકરાએ મને આપી. એ વહાણના અભાગિયા કપ્તાન સામે તેના જ સાથીઓએ બંડ કર્યું હતું અને તેઓ તે બિચારાને મારી નાંખવા માગતા હતા. તેને સારે નસીબે, ઓચિંતી મારી અને શકરાની મદદ એને મળી ગઈ, અને એ બચી ગયો. આથી એ વહાણ મારું જ જાણે થઈ ગયું. એમાં બેસી, ઈ. સ. ૧૬૮૭ની ૧૧મી જૂને, એટલે કે એ ટાપુ પર ૨૮ વર્ષ રહ્યા બાદ, હું સ્વદેશ પહોંચ્યો. તરત હું મારાં માબાપને મળવા ગયો. પરંતુ તેઓ તો ગુજરી ગયાં હતાં!

પછી હું દેશમાં લગ્ન કરીને રહેવા લાગ્યો. છતાં જન્મારાની ટેવ ઓછી જ જતી રહે! એટલે માડાગાસ્કર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદ, ચીન વગેરે દેશોની સફરો કરવા ઉપરાંત, મારા પેલા જૂના ટાપુને પણ જોઈ આવ્યો. હવે ઈ. સ. ૧૭૦૫ની સાલ થઈ છે. એટલે કે, હું ૭૩ વર્ષનો થયો છું. હવે તો એક જ અને છેલ્લી તથા સૌથી લાંબી સફરની વાટ જોઉં છું, અને તે ઈશ્વરના ઘરની. એમાં મને કશો અજંપો કે ઉચાટ નથી; મને આશા છે કે, શાંતિ અને સંતોષની સાથે હું આ છેલ્લી સફરે જઈશ.

સ્વાધ્યાય

૧. 'વહાણવટાનાં સાહસ'ના પાઠ જોડે આ વહાણવટાનાં દુઃખોની વાત ભેગી વિચારો.

૨. ક્રૂઝો દુઃખોમાં પણ ફાવે છે તે શાથી? નાના નાના ઉદ્યોગો એ શી રીતે શીખ્યો? અગ્નિ માટે શું કરતો હશે?

૩. દુનિયાની આ એક પ્રખ્યાત વાત મૂળ અંગ્રેજીમાં છે. ગુજરાતી ભાષામાં એનો સાર પ્રસિદ્ધ થયો છે તે વાંચજો.

૨૭

કાતર અને સોય

[ઇંદ્રવિજય]

एक ज वंश विषे ऊपज्यां, सहवास सदैव निवास वसावे;
एक गुरु-उपदेश, तथापि मिजाज कदी मळतो नहि आवे.
देखी जुओ, दलपत्त कहे, दरजी तणी पेढी विषे दरशावे:
कातर कापी करे अळगां, पण सोय सदैव सलाह करावे.

ક૦ દ૦ ડા૦

સ્વાધ્યાય

૧. કાતર સોયનો કયો વંશ? એનાં બીજાં ભાંડુઓનાં નામ ખોળો.

૨. બેઉનો એક જ ગુરુ તે કોણ? એનો ઉપદેશ શો?

૩. 'ક૦ દ૦ ડા૦' માટે પાન ૧૧૦ ઉપર જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

કબીરવડ

[શિખરિણી]

भॅूरो भास्यो झांखो दॅूरथी धॅूमसे प्‌हाड सरखो,
नदी वच्चे ऊभो, निरभयपणे एकसरखो;
दीस्यो हार्यो जोद्धो, हरि तणुं हृदे ध्यान धरतो,
सवारे एकांते, कबीरवड ए शोक हरतो. १

कदे देखावे ए अचरतॅ जणाये जगतमां,
खरे, ए मोरानो मगरूॅब रहे देश नव कां ?
मनाये सत्संगे पवितर कबीरा भगतमां,
प्रजानी वृद्धिए, नित अमर क्‌हेवाय नव कां ? २

जतां पासे जोउं, वड नहि वडोनुं वन खरे !
मळे आडा ऊभा, अति निकट, नीचे उपर जे;
वडो झाझा तोये, सहु भळी गये एक दीसतो
वळी संधाओनुं, असल जीवतुं एक मॅूळ तो. ३

कर्युं डाळुं पहेलुं, कंईं न परखाये श्रम कर्ये,
घसेड्यो पाडीने असल वड रेले, जन कहे;
तणाया छे भागो घणी वखत जो ए वड तणा,
तथापि ए थाये, फॅूट वीस गुण्या सो* परिघमां. ४

* એટલે ૨૦૦૦ ફૂટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

फूटी डाळोमांथी प्रथम तरु केरी नीकळता
खूंचे तेवा तंतु, वधी जई नीचे जे लटकता;
जटानी शोभाथी अतिश शरमाई शिव ऊठ्या,
जटाने संकेली वड तर्जी गिरिए जई रह्या. ५

जटा लांबी लांबी मूळ थडथी थोडेक दूर जे,
नीचे भूमि साथे अटकी पछी पेसे महीं ज ते.—
× × × ६

कहुं एवी रीते अगणित वडो उत्पन्न थया,
जीवे जे संधाओ असल मूळियांथी रसभर्या;
बहु डाळी डाळां, परसपर पत्रो भळी गये,
घटानी शोभा तो सरव जनने विस्मित करे. ७
× × ×

उनाळानो भानु अतिश मथी भेदी नव शके,
घटा ऊंचे एवी, जन शीतळ छाया सुख लिये;
खूली बाजूओथी बहु पवन आवी जमीनने,
करे चोख्खी रूडी, पछी मित थईने खुशी करे. ८
घणां जंतु पंखी अमळ सुख पामे अहीं रही,
घणा जात्राळुओ अहीं ऊतरता पुण्य समजी;
घणा शिकारीओ गमत करता रहे बहु अहीं,
हजारो लोकोने अडचण समातां अहीं नहीं. ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अहींयांथी जोवी चकचकती व्हेती नदी दूरे,
पशु को जोवां जे अहीं तहीं चरे वेट उपरे:
घटा भारे जोवी, शबद सुणवा कोई खगना,
दिले वायु लेवो, सुख नव हीणा ले करमना. १०

घटा थाळां लीधे घणीक फरवाने गली थई,
बखोलो बंधाई रमणीय बहु बेठक बनी;
निरांते जेमां तो खुशी थकी रमे लाल लल्ना,
निरांते जेमां तो खुशी थकी रहे जोगी जपमां. ११

× × ×

ठरी मारी आंखो, कबीरवड, तुंने नीरखीने,
खरी पापी बुद्धि, खरी ज रूडी जात्रा थई मने;
विशेषे शोभे छे, गभीर वड, तुंथी नरमदा,
कृतार्थी मोटो हुं दरशन वडे छुं नरमदा. १२

સ્વાધ્યાય

૧. કબીરવડ કયાં આવ્યો? કયાં થઈને ત્યાં જવાય? ન ગયા હો તો પ્રવાસે જવાનું ગોઠવજો; કોઈ જઈ આવેલા પાસેથી તેનું વર્ણન જાણજો.

૨. વડનું નામ કબીર-વડ શાથી પડયું કહેવાય છે? કબીરનો પાઠ આ ચોપડીમાં છે તે વાંચી જાઓ.

૩. આ કાવ્યના લેખક, કવિ નર્મદાશંકર (ઈ. સ. ૧૮૩૩-૧૮૮૬) સુરતના વતની હતા. તે આપણા પહેલા ગદ્યલેખક ગણાય છે. તેઓ મોટા સુધારક હતા. સુધારામાં દાખવેલા 'જોસ્સા'ને કારણે હાલ આપણે એમને વીર નર્મદ કહીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમ

[હિડિંબવન : આગળ કેશવદાસ, તેની પત્ની, તથા ત્રણ પુત્રો, સૌથી મોટો — જયેષ્ઠ, વચલો — મધ્યમ, અને સૌથી નાનો — કનિષ્ઠ; અને પાછળ ઘટોત્કચ પ્રવેશ કરે છે.]

કેશવ૦ — હરિ હરિ! આ કોણ? ખાધા તો.

જયેષ્ઠ — અરે! આ કોણ?

મધ્યમ — અરે! આ કોણ હશે?

કનિષ્ઠ — ઓ બાપ રે! આ પુરુષ કોણ છે?

બ્રાહ્મણી — ઓ રે! ભોગ મળ્યા! ભગવાન! એ કોણ છે?

ઘટો૦ — અરે ભલા બ્રાહ્મણ! ઊભો રહે, જરા ઊભો રહે. [સ્વગત] અફસોસ!

જાણું પ્રમાણું મનથી, મહીમાં
છે પૂજ્ય ભૂદેવ સદૈવ સૌના;
તથાપિ આ કાર્ય, અકાર્ય જે છે,
માનું કહેલું, કરવું પડે છે.

કેશવ૦ — આર્યે! સાંભરે છે? પેલા જળમાં રહી તપ કરતા મુનિદેવે કહ્યું હતું કે, 'આ વન અદ્યાપિ[1] રાક્ષસથી મુક્ત નથી. જાઓ છો તે ભલે, પણ ઝડપ રાખજો ને સાચવજો!'

બ્રાહ્મણી — પણ તમે શા માટે આમ નિરાશ જણાઓ છો?

કેશવ૦ — નિરાશ ન જણાઉં તો કરું શું?

બ્રાહ્મણી — એમ કેમ? આપણે બૂમ પાડીશું.

જયેષ્ઠ — માડી! પણ કોને બૂમ પાડીશું? અહીં તો અંધકારનાં બનાવ્યાં હોય તેવાં શ્યામ રંગનાં ઊંચાં ઊંચાં રાક્ષસી ઝાડ, અને મહાઘોર હિંસક પશુ પંખી વિના

---

૧. 'અદ્યાપિ' એટલે પૂર્વે ભીમસેને હિડિંબાસુર માર્યો હોવા છતાં પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું હોય કોણ ? આવા શૂન્ય નિર્જન વનમાં કોઈ અઠંગ ટેકીલા નર સિવાય બીજું કોણ રહી શકે ?

કેશવ૦—ટેકી નરના વાસની વાત સાંભળી મારો ભય દૂર થયો. મારા ધારવા પ્રમાણે આટલામાં જ પાસે પાંડવોનો આશ્રમ છે. એ આપણી બૂમ સાંભળી વહારે દોડી આવશે.

જ્યેષ્ઠ—પિતાજી ! હું જાણું છું તેમ, પાંડવો આશ્રમમાં નથી.

કેશવ૦—ભાઈ ! તું શા ઉપરથી કહે છે ?

જ્યેષ્ઠ—એમને ત્યાંથી એક બ્રાહ્મણ આવ્યો હતો, તે કહેતો હતો કે, ધૌમ્ય ઋષિ શતકુંડ[1] યજ્ઞ કરે છે, તેનાં દર્શને સિધાવ્યા છે.

કેશવ૦—અફસોસ ! આપણે હીનભાગ્ય જ છીએ.

જ્યેષ્ઠ—કહે છે કે માત્ર મધ્યમને[2] આશ્રમ સાચવવા મૂકી ગયા છે.

કેશવ૦—એ એક છે ત્યારે તો, ઓહો, પાંચેપાંચ પાંડવ છે.

જ્યેષ્ઠ—પણ તે આ ટાણે શરીરને વ્યાયામ આપવા છેટે નીકળી જાય છે, એમ સાંભળવામાં છે.

કેશવ૦—હરિ ! હરિ ! હવે ઊગરવાનો આરો નથી. છતાંય આને વીનવી જોઉં.

જ્યેષ્ઠ—પિતાજી ! શ્રમ લેશો નહિ; ફોગટ જશે.

કેશવ૦—વત્સ ! આજીજી કરનારો નિરાશા સામું જુએ ખરો ? માટે હું વીનવી તો જોવાનો. [ઘટોત્કચ પ્રતિ] અરે ભાઈ ! અમારી કંઈ છૂટાબારી છે ?

ઘટો૦—હા, એક શરતે છે.

---

૧. સો કુંડવાળો. ૨. ત્રણ કુંતીપુત્રોમાં મધ્યમ એટલે કે વચલો — ભીમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવ૦ — શી શરતે?

ઘટો૦ — મારાં પૂજ્ય માતુશ્રી છે, તેમણે મને આજ્ઞા કરી છે કે, 'ભાઈ, વન શોધી વળ, અને એકાદ મનુષ્ય લઈ આવ; મારે ઉપવાસનાં પારણાં કરવાં છે.' તે મુજબ શોધતાં તમે હાથમાં આવ્યાં છો. હવે જો તમારે, સતીને, અને બે પુત્રોને જીવતા જવું હોય, તો પસંદ કરીને ગમે તે એક પુત્ર મને આપી દો.

કેશવ૦ — અરે હીણા મનુષ્યાહારી રાક્ષસ! શું તું મને અબ્રાહ્મણ ધારે છે? અરે હું તો —

જાણુ છું વેદનો, વૃદ્ધ વિપ્ર છું. દૈત્યના મુખે
સુપાત્ર પુત્રના ત્યાગે, જીવ્યું મેં જાય શા સુખે?

ઘટો૦ — અરે,

તન એક જ માગું તે, ભલા ભૂદેવ! આપ ને,
અન્યથા[1] તું મૂઓ જાણ, સકુટુંબ જ આ ક્ષણે.

કેશવ૦ — [પત્નીને] આર્યે! હવે બાકીનાંને બચવાનો એક જ માર્ગ છે, ને તે હું લઉં છું. ત્રણે ઋણ[2] મેં પતવી દીધેલાં છે; એટલે પુત્રોના હિતની ખાતર હું મારું ઘરડું શરીર આ દાનવના મુખમાં હોમું છું.

બ્રાહ્મણી — એમ ન થાય, એમ ન થાય. ભગવાન, તમને ખોઈ હું ધર્મને ખોઉં, અને વ્રતને ખોઉં. મારે સ્વામી જ ધર્મ, અને સ્વામી જ વ્રત છે. માટે હું જ આ શરીર રાક્ષસને આહાર માટે અર્પીશ, અને આર્યના તથા વત્સોના જીવ ઉગારીશ. મારે હવે શું બાકી રહ્યું છે?

ઘટો૦ — માતુશ્રીને સ્ત્રીશરીર જોઈતું નથી. એ બાઈ ન જોઈએ.

---

૧. નહીં તો. ૨. દેવઋણ, પિતૃઋણ, મનુષ્યઋણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવ૦—એ નહિ, એ નહિ. હું પોતે આવું છું.

ઘટો૦—છિટ્ છિટ્, ઘરડા ખંખને શું કરે ?

જ્યેષ્ઠ—પિતાજી મારું સાંભળશો ? હું કંઈ કહેવા માગું છું.

કેશવ૦—કહે ભાઈ.

જ્યેષ્ઠ—

પૂજ્યના પ્રાણ, આ મારા પ્રાણે, દીજે[1] બચાવવા;
કીજે[2] કુળ તણી રક્ષા, મને તાત ! દઈ જવા.

મધ્યમ—એ ન ઘટે, મોટાભાઈ ! હું જ જઈશ. જગતમાં મોટા પુત્રને શ્રેષ્ઠ કહ્યો છે, તથા પિતૃઓને પણ તે વહાલો હોય છે.[3] વળી તમે મારા પૂજ્ય કહેવાઓ. એટલે મારે નાનાએ જ જવું યોગ્ય કહેવાય.

કનિષ્ઠ—એમ પણ ન ઘટે, મોટા. મારે જ જવું જોઈએ, ને હું જઈશ.

મુનિઓ તાતને સ્થાને જ્યેષ્ઠ બાંધવને ભણે,
પૂજ્યના રક્ષવા પ્રાણ અધિકાર કનિષ્ઠને.

જ્યેષ્ઠ—વત્સો ! એમ ન થાય.

મોટો તે તાતનું કષ્ટ મોડે, માટે જઈશ હું,
મોટાઈ પૂજ્યના પ્રાણ રક્ષવાની લઈશ હું.

કેશવ૦—હાય, હાય ! જ્યેષ્ઠ તે કેમ અપાય ? પરમ ઇષ્ટ છે એ.

બ્રાહ્મણી—તમે જેવા મોટાને ચાહો છો, તેવી જ હું નાનાને ચાહું છું. હાય હાય ! એ પણ કેમ અપાય ?

મધ્યમ—કેમ ? આ શરીર તને ખપે છે ? હું તૈયાર છું. માબાપને હું ઓછો ઇષ્ટ છું.

ઘટો૦—ખપે છે. ચાલ જલદી.

---

૧. દેજો. ૨. કરજો. ૩. શ્રાદ્ધનો અધિકાર તેને હોવાથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમ —

મારા પ્રાણે, અહોભાગ્ય, પૂજ્યોના પ્રાણ ઊગરે !
બંધુના અરથે મોંઘું મૃત્યુ ધન્ય મને વરે !

ઘટો૦ — [સ્વગત] અહો, આ તરુણ વિપ્રનો સ્વજન પ્રત્યે કેટલો પ્રેમ છે !

મધ્યમ — પિતાજી ! હું પગે લાગું છું.

કેશવ૦ — અહો વત્સ !

ઉગારી નિજના ભોગે, પિતૃભક્ત ! વડીલને,
હરજે બ્રહ્મલોકે તું, અલભ્ય પુણ્યહીનને.

મધ્યમ — આશિષ માથે ચડાવું છું. માજી ! હું પગે લાગું છું.

બ્રાહ્મણી — બેટા ! સો વરસનો થજે.

મધ્યમ — આશિષ માથે ચડાવું છું. મોટાભાઈ ! નમસ્કાર.

જ્યેષ્ઠ — આવ, આવ, ભાઈ.

ભેટવા દે મને, રે તું ભેટનારા ભલાઈને !
ત્રણે ભુવનને કીર્તિ ભેટશે તુજ, ભાઈ હે !

મધ્યમ — વચન માથે ચડાવું છું.

કનિષ્ઠ — પૂજ્ય ભાઈ ! હું પગે લાગું છું.

મધ્યમ — કલ્યાણ થજો.

કનિષ્ઠ — આશિષ માથે ચડાવું છું.

મધ્યમ — [ઘટોત્કચ પ્રતિ] અહો ભાઈ ! મારે કંઈક કહેવું છે.

ઘટો૦ — કહે વહેલો.

મધ્યમ — વેગળે વનમાં સરોવર જેવું જણાય છે. ત્યાં જઈ, પરલોકને માર્ગે તૃષા ન પીડે, એટલા માટે પોતાને જલાંજલિ આપવા ઇચ્છું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટો૦—જા ભાઈ, જા. ધન્ય છે તારા વજ્ર જેવા હૃદયને! માતુશ્રીને ભોજનનું મોડું થાય છે, માટે વહેલો આવજે હોં.

મધ્યમ—આ આવ્યો જાણજો. [જાય છે.]

[થોડી વાર બાદ]

ઘટો૦—વિપ્રકુમાર, વાર થઈ, પણ ન આવ્યો. શું કરવું? માતુશ્રીને ભોજનનું મોડું થાય છે. અરે મહારાજ! બોલાવ તારા પુત્રને.

કેશવ૦—મારે મોઢે બોલાવું? અલ્યા, તારી જાતને પણ વટાળે એવું આ શું કહે છે તું?

ઘટો૦—અરે તને માઠું લાગ્યું? ક્ષમા કર, ભાઈ! મારી પ્રકૃતિનો જ દોષ છે. વારુ, તારા દીકરાનું નામ શું?

કેશવ૦—એ મારે મોંએ સાંભળવાની આશા રાખીશ નહિ.

ઘટો૦—ઠીક! અલ્યા જવાન, તું કહે તારા ભાઈનું નામ.

જ્યેષ્ઠ—[સાંભળ્યા વિના] ભલો બિચારો મધ્યમ! એ અમારે માટે પ્રાણ આપે છે.

ઘટો૦—[સ્વગત] ‘મધ્યમ’; હાં, એ નામ ઠીક છે. એ નામે હું જ એને બોલાવું. [પ્રગટ] અરે ઓ મધ્યમ! વહેલો આવ.

[એવામાં ભીમસેન એક તરફથી પ્રવેશ કરે છે.]

ભીમ૦—અરે, કોણ આ વનવગડે વ્યાયામમાં ભંગ પાડે છે? અને ‘મધ્યમ’ કહી મને સાદ કરે છે? જાઉં ને જોઉં.

ઘટો૦—[સ્વગત] વિપ્રકુમાર હજુય આવ્યો નહિ. મોટેથી હાક મારું. [પ્રગટ] અરે ઓ મધ્યમ; ચાલ વહેલો.

ભીમ૦—આવું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટો૦—[ભીમસેનને જોઈ સ્વગત] અહો! શું તેજસ્વી સ્વરૂપ છે! [પ્રગટ] ભાઈ! મારે મધ્યમનું કામ છે; એને હું બોલાવું છું.

ભીમ૦—તેટલા માટે હું આ આવ્યો ને.

ઘટો૦—શું તું મધ્યમ છે?

ભીમ૦—હા, મધ્યમ છું મધ્યમ.

કેશવ૦—[સ્વગત] આ પોતાને મધ્યમ નામથી ઓળખાવે છે, તે ઉપરથી મારું મન કહે છે કે, મધ્યમ પાંડવ ભીમ જ છે. જાણે અમને મૃત્યુના મુખમાંથી મુકાવવા જ આવી પહોંચ્યો છે!

[એટલામાં કેશવદાસનો મધ્યમ પુત્ર સરોવરથી પાછો આવે છે.]

મધ્યમ—[નજીક આવી પહોંચી] ભાઈ! હું આવ્યો છું.

ઘટો૦—આવ્યો કે મધ્યમ! ચાલ મારી જોડે.

કેશવ૦—[ભીમસેનને શરણે જઈ] અહો ભાઈ, આ બ્રાહ્મણ કુટુંબ માર્યું જાય છે. રક્ષણ કરો, રક્ષણ કરો.

ભીમ૦—બીશો નહિ. ભૂદેવ, હું મધ્યમ તમને વંદન કરું છું.

કેશવ૦—વાયુદેવ જેવા દીર્ઘાયુ થાઓ.

ભીમ૦—આશિષ માથે ચડાવું છું. કહો તમારે શો ભય છે?

કેશવ૦—સાંભળો: પૂર્વે જ્યાં મહારાજ યુધિષ્ઠિરનું ધર્મરાજ્ય હતું, તે કુરુજાંગલ દેશના યૂપગ્રામનો રહેનારો, કેશવદાસ નામે હું બ્રાહ્મણ છું. મારે યજ્ઞબંધુ નામે એક મામા છે, તે ઉત્તરમાં ઉદ્યામક ગામમાં રહે છે. તેમના પુત્રનું ઉપનયન છે, તે ટાણાસર એમને ત્યાં હું કુટુંબ સાથે જવા નીકળ્યો છું.

ભીમ૦—સુખે નિર્વિઘ્ન પહોંચી જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવ૦—પરંતુ ત્યાં પહોંચતા પહેલાં જમ જેવો આ દૈત્ય ભક્ષ્ય શોધતો, જુઓને, તમારી સમક્ષ અમારી પૂંઠે પડ્યો છે.

ભીમ૦—એમ? માર્ગે જતાં બ્રાહ્મણને આ દમે છે? ઠીક એની ખબર લઉં. ઊભો રહે, ભાઈ.

ઘટો૦—આ ઊભો, કેમ શું છે?

ભીમ૦—શા માટે તું આ બ્રાહ્મણની પૂંઠે પડ્યો છે? ચાલ જવા દે એને.

ઘટો૦—નહિ જવા દઉં. મારા બાપ આવીને 'જવા દે' એમ ધધડાવીને ભલે કહેને, પણ માના કહેવાથી પકડેલાને હું કોઈના કહેવાથી જવા દેવાનો નથી.

ભીમ૦—[સ્વગત] શું? 'માના કહેવાથી પકડેલાને' એમ કહે છે? આ તો ત્યારે માતૃભક્ત સાધુપુરુષ કહેવાય. કેમ જે,

માતા તે જ મનુષ્યોને માન્ય દેવાધિદેવ છે;
તેણ માતા તણાં વંદી અમે આ વસીએ વને.

[પ્રગટ] ભાઈ, કંઈક પૂછવું છે.

ઘટો૦—પૂછ જલદી.

ભીમ૦—તારાં માનું નામ શું?

ઘટો૦—રાક્ષસી હિડિંબા,

નિશાના ચંદ્રમા જેમ, તેમ પાંડવ મધ્યમ,
જેના સૌભાગ્યના સ્વામી, શૂરા પૂરા કુરૂત્તમ.

ભીમ૦—[સ્વગત] એમ? આ તો હિડિંબાની કૂખનો વત્સ ઘટોત્કચ! ત્યારે તો ગર્વ હોય જ.

કાંતિ, કાઠું અને શૌર્ય, સૌ વડીલ[1] સમાન છે.
એનું પણ, અરે, ક્રૂર મન કેવું નિદાન[2] છે!

[પ્રગટ] અરે, એને તું જવા દે.

---

૧. મુરબ્બી પાંડવો. ૨. નક્કી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટો૦ — નહિ જવા દઉં.

ભીમ૦ — હું એને બદલે આવું છું.

મધ્યમ — ના, તમે નહિ, હું જાઉં છું. હું મારા પ્રાણો મારા વડીલોને કાજ અર્પી ચૂક્યો છું. તમે તો ગુણે, રૂપે, યૌવને ચિરકાળ આ પૃથ્વીને સોહાવો.

ભીમ૦ — ભૂદેવ! એમ ન જ બને. [ઘટોત્કચ પ્રતિ] ભાઈ! હું વર્ણે ક્ષત્રિય છું. અને આ બ્રાહ્મણ છે, એટલે કે પૂજ્યતમ છે. માટે કરી, બ્રાહ્મણ શરીરને બદલે આ ક્ષત્રિય શરીર હું આપવા ઇચ્છું છું.

ઘટો૦ — [સ્વગત] ઠીક, આ ત્યારે ક્ષત્રિય છે. ભલે, તો એને જ લઈ જાઉં. [પ્રગટ] ચાલ, ત્યારે તું ચાલ.

સ્વાધ્યાય

૧. ભાસ કરીને પ્રખ્યાત સંસ્કૃત કવિ થઈ ગયા. તેમના 'મધ્યમ' નાટકનો ગુજરાતી અનુવાદ સ્વ૦ સાક્ષરશ્રી કેશવલાલ ધ્રુવે કર્યો છે. આ ભાગ તેમાંથી છે. મૂળ નાટક નાનુંશીક અને સરળ છે. રસ પડે તો વાંચજો.

૨. 'મધ્યમ' બૂમ સાંભળીને ભીમ શું કામ આવે છે?

૩. કેશવદાસનો વચલો દીકરો શા વિચારથી મરવા તૈયાર થયો?

૩૦

ક્ષત્રિય અને બ્રાહ્મણ

[મનહર છંદ]

एक समे एक क्षत्री आगळ ब्राह्मणे कह्युं,
अरे, आज असलना क्षत्री याद आविया :
देशमां न थवा देता परदेशीनो प्रवेश,
जेओए संग्राम सजी जश संपडाविया.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अरे, आ भरतखंड भूमिए एवा भूपाळ,
शूरवीर धीर गुणवाळा क्यां गुमाविया ?
कहे दलपतराम, सुणीने क्षत्रिये कह्युं,
असलना ऋषिओना रक्षणे सिधाविया.

સ્વાધ્યાય

૧. કવિ દલપતરામ ડાહ્યાભાઈ (ઈ. સ. ૧૮૨૦-૧૮૯૮) — ક૦ દ૦ ડા૦ — કવિ નર્મદાશંકરના સમકાલીન હતા. અમદાવાદ બાજુ તેમની નામના હતી, સુરત તરફ નર્મદાશંકરની. સાદી વાતમાંથી વિનોદ કરાવી બોધ આપવાની એમની શક્તિ આ અને પછીના કાવ્યમાં જુઓ.

૨. ક્ષત્રિયે ટૂંકો જવાબ આપ્યો; આગળ બ્રાહ્મણે કેમ કાંઈ ન કહ્યું ? એને જવાબ મળી ગયો શું ? શો મળી ગયો ?

૩. એક કહેવત છે — સામાના પગ તળેનો રેલો જોતા પહેલાં પોતાની નીચેનો જોવો. અહીં આગળ એ લાગુ કરી જોજો.

૩૧

ભાદરવાનો ભીંડો

[કુંડળિયો]

भींडो भादरवा तणो वडने कहे, 'सुण वीर;
समाउं नहि हुं सर्वथा, तुं जा सरवर-तीर.'
तुं जा सरवर-तीर, सुणी वड उचर्यो वाणी,
'वीत्ये वर्षाकाळ, जईश हुं बीजे जाणी.'
दाखे दलपतराम, वीत्यो अवसर वर्षानो,
गयो सुकाई समूळ भींडो ते भादरवानो.

સ્વાધ્યાય

વડે વર્ષાકાળ સુધીની મહેતલ કેમ માગી ? ભીંડો કેમ તેને કાઢવા તાકે છે ? ભીંડાની શેખી કેમ ન ચાલી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

નિયમિતતા અને સમયપાલન

વખતસર અને નિયમસર પોતાનું કામ કરવું, એ ગુણ આપણા લોકોએ જોઈએ તેટલો ખીલવ્યો નથી. નિયમસર કામ કરવાની ટેવને નિયમિતતા કહેવાય; અને નક્કી કરેલે વખતે અને તેને માટે આંકેલા સમયની અંદર તે કરવાની ટેવને સમયપાલન કહેવાય. નિયમિતતા અને સમયપાલનની આ બે ટેવો આપણે દરેકે અને આપણા સમાજે પણ કેળવવાની ખૂબ જરૂર છે. વિદ્યાર્થીઓનો જ દાખલો લઈએ. તમે બધાએ સવારે ઊઠવાનો, દાતણપાણી કરી નાહી ધોઈને ઉપાસના કરવાનો કે પાઠ કરવા બેસવાનો, રમવાનો, પોતાને ભાગે આવતું ઘરકામ કરવાનો, વગેરે અનેક કામો માટે નિયમ કર્યો છે? જો તે કર્યો હોય તો તેને માટે જે સમય નક્કી કર્યો હોય તે તમે બરોબર પાળો છો? તમારામાં ઘણાને લાગશે કે, આ તો નવાઈ-ભરેલો પ્રશ્ન છે; એવો નિયમ તે વળી કોઈ કરતું હશે! એ બધું તો સૌ થઈ રહે છે. એક જ સમય પાળવો પડે છે અને તે નિશાળનો ઘંટ વાગે ત્યારે ત્યાં વખતસર પહોંચી જવાનો.

નિશાળમાં વખતસર જવાને માટે, તે પહેલાં કરી લેવાનાં કામો જો વેળાસર ન પરવારી લઈએ, તો કેવી રીતે પહોંચી શકાય? એ બધાનો આપણે પહેલેથી વિચાર કરતા નથી; તે બધાં કામો વખતસર પરવારતા નથી; તેથી છેવટે દોડાદોડી કરવી પડે છે, અને તેમ છતાં કોક વાર શાળામાં મોડા પડીએ છીએ, અને તેને સારુ શિક્ષકનો ઠપકો ખાવો પડે છે. વર્ગનું કામ ચાલે ત્યારે ફરી ઠપકો ખાવા વારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે, કેમ કે સવારમાં જે પાઠ કરવાના હોય તે કર્યા હોતા નથી. આથી કરીને આપણું જ કામ બગડે છે, સોના જેવો કીમતી સમય આપણે વેડફી નાંખીએ છીએ, અને મોટપણે પણ એ કુટેવ રહી જવાથી આખી જિંદગી તેનાં માઠાં ફળ ભોગવવાં પડે છે.

હવે સમાજમાં જે અનિયમિતતા અને સમયપાલનનો અભાવ છે તેનો દાખલો જોઈએ. તમે કોઈ સભામાં તો ગયા હશો. ત્યાં આગળ ઘણી વાર જોયું હશે કે, લોક વખતસર આવતા નથી એટલું જ નહિ, પરંતુ સભાનું કામ પણ વખતસર શરૂ નથી થતું. આપણી નાતનાં જમણ, લગ્નપ્રસંગ વગેરે જોશો તો ત્યાં બધે આ ખામી દેખાશે. આ આપણી એક ભારે સામાજિક ઊણપ છે. તેથી કેટલાક તો દેશીની જ મશ્કરી કરીને કહે છે, "દેશી ખાતું છે; દેશી ટાઈમે કામ ચાલે છે!'

કોઈને આપણે કહીએ કે, અમુક સમયે હું તમને મળવા આવીશ કે તમે મને મળવા આવજો. પછી એવું બને છે કે, કેટલાક તો એ ભૂલી જ જાય; કેટલાક બીજું કાંઈ કામ આવે તો તેમાં વળી જાય, અને મળવાનો નક્કી વખત ચૂકે કે સામાને ચુકાવે. અને આમાં આપણને ખાસ કશું ખોટું નથી લાગતું! આ દોષને આપણામાંના થોડા જ લોકો દોષ માને છે. યુરોપ આદિ સુધરેલા ખંડોમાં આ બે ગુણો વિષે લોકો બહુ દરકાર રાખે છે. એમની પાસેથી શીખવા જેવી અનેક સારી ચીજોમાં આ સમયપાલન અને નિયમિતતાનો ગુણ ખાસ શીખવા જેવો છે.

કાન્ટ કરીને એક જર્મન તત્ત્વજ્ઞાની હતો. નિયમિત કામ કરવાની ટેવથી તે દીર્ઘાયુ થયો હતો. અને સમય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલનની તો એવી કડક ટેવ એણે કેળવી હતી કે, અમુક વખતે ફરવા જવાનું નક્કી કરેલું તે પ્રમાણે તે અચૂક જતો. એ વિષે એટલે સુધી કહેવાય છે કે, તે વખતે તમે તમારી ઘડિયાળ મેળવી લો તોપણ સાચો સમય મળી રહે!

આ ગુણોની બાબતમાં આપણા દેશમાં ગાંધીજીનો ધડો લેવા જેવો છે. સવારે ૪ વાગ્યે ઊઠે ત્યારથી તે રાતે સૂઈ જાય ત્યાં સુધીનું તેમનું સમયપત્રક તે બરોબર પાળે છે. તેથી કરીને તે કેટલું બધું અને કેટલી કેટલી જાતનું કામ કરી શકે છે! ૭૦ વર્ષ ઉપરની ઉંમરે પણ તે આ બધું કરી શકે છે, તેનું કારણ એમની નિયમિત રહેણીકરણી અને કડક સમયપાલન છે.

આ ગુણ તેમણે આપણા સમાજને પણ કળે કળે શીખવ્યો છે. ૧૯૧૫માં તેઓ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે આપણાં જાહેર કામોમાં જે રેઢિયાળ સમયપાલન હતું, તેમાં આજ ભારે ફેરફાર થઈ ગયો છે. આજ આપણે જાહેર સભાઓ તથા જાહેર કામોમાં નિયમિતતા અને સમયપાલનની આશા રાખતાં શીખ્યા છીએ. જોકે, તેના પ્રમાણમાં આપણું વર્તન હજી સુધર્યું નથી. દરેક જણ પ્રયત્ન કરે તો એ પણ સુધરી જાય.

છેવટમાં, ગાંધીજીના સમયપાલન વિષેના આગ્રહનો એક મજેદાર પ્રસંગ કહું. હિંદમાં આવી સાબરમતીને કાંઠે સત્યાગ્રહાશ્રમ સ્થાપીને તે અમદાવાદમાં વસ્યા તે વખતની એ વાત છે. અમદાવાદમાં એક સભા હતી. ગાંધીજી તેમાં ભાષણ કરવાના હતા. ગોઠવણ એવી હતી કે, સભા ગોઠવનારા ગાંધીજીને તેડવા માટે વાહન મોકલવાના હતા. આશ્રમ અમદાવાદથી ચારેક માઈલ દૂર છે. સભાનો સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતાં ગાંધીજી પરવારીને તેડવા આવનારની વાટ જોતા હતા. છતાં કોઈ આવ્યું નહિ. અને વખત એટલો વીતી જતો હતો કે, પછી સભામાં વખતસર ન જ પહોંચી શકાય. એટલે એક આશ્રમવાસીને ગાંધીજીએ કહ્યું, 'સાઇકલ તૈયાર રાખો. જો હવે થોડી મિનિટોમાં કોઈ તેડવા નહિ આવે, તો હું સાઇકલ લઈને દોડી જઈશ. સમય તો બરોબર પાળ્યે જ છૂટકો.'

કેટલીય વાર સુધી રાહ જોવા છતાં તેડવાને માટે કોઈ ન આવ્યું, એટલે ગાંધીજી સાઇકલ પર નીકળી પડ્યા. સભા માણેકચોકમાં હતી. ત્યાં પહોંચ્યા ત્યારે સભા ગોઠવવાની ધમાલમાં કોક બોલતું હતું, 'અરે, ગાંધીજીને તેડવા હવે મોકલો ને!'

ત્યાં તો ગાંધીજી જાતે જ ત્યાં જઈને ઊભા રહ્યા હતા. તરત જ સભા ગોઠવાઈ ગઈ, અને આવ્યા હતા તેટલા લોક આગળ ગાંધીજીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું. કલ્પના કરો કે, તેમણે પ્રારંભમાં શું કહ્યું હશે? સમય-પાલનના ગુણની વાતથી તેમણે શરૂઆત કરી હતી.

સ્વાધ્યાય

૧. અનિયમિતતાની પોતપોતાની ટેવો તપાસો. સમાજનાં કામોની પણ તપાસો. અને તે તપાસીને પેલા ૬૦ ૬૦ ડાંના બ્રાહ્મણ જેવું ન કરતા. જાતે સુધરવા લાગજો.

૨. ગાંધીજીની ટેવો વિષે જાણવાનું મન થાય તો જુગતરામભાઈ દવે કૃત 'ગાંધીજી' ચોપડી વાંચજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્લૉરેન્સ નાઈટિંગેલ

ઈ. સ. ૧૮૫૪ની સાલની વાત છે. ઈંગ્લૅન્ડ અને ફ્રાંન્સે, તુર્કસ્તાનના સુલતાનની સાથે મળીને, રશિયાના ઝાર સામે લડાઈ આદરી હતી. રણક્ષેત્ર કાળા સમુદ્રમાં ક્રીમિયા કરીને રશિયાના તાબાનો દ્વીપકલ્પ છે ત્યાં મંડાયું હતું. અંગ્રેજ લશ્કરમાં એવી અવ્યવસ્થા હતી કે, તેને લઈને સેંકડો માણસો મરવા લાગ્યાં અને ઘવાવા લાગ્યાં. ઇસ્તંબૂલ પાસે સ્કુટેરી ગામમાં ઘાયલોને માટે ઇસ્પિતાલોના તંબૂ ઠોકવામાં આવ્યા હતા. રણમેદાન પરથી ઘાયલ સિપાહીઓને આ તંબૂઓમાં મોકલવામાં આવતા. પરંતુ ત્યાં એવું અંધેર ચાલતું હતું કે, સેંકડે ૪૨ જેટલાનાં મરણ નીપજતાં! ૪૨ ટકાનું મરણપ્રમાણ બહુ ભારે કહેવાય.

આ અંધેરની બધી ખબરો જ્યારે વિલાયત પહોંચી ત્યારે લોકો બહુ ગુસ્સે થઈ ગયા, અને દેશમાં ચારેકોરથી એને વિષે હોહા થવા લાગી. તે વખતના યુદ્ધમંત્રીએ વિચાર કર્યો કે, આ વિષે તાત્કાલિક કશુંક કરવું જોઈએ.

યુદ્ધમંત્રી આ પ્રમાણે વિચારતો હતો તે જ વખતે લંડન શહેરમાં એક નવયુવતી પણ એનો જ વિચાર કરતી હતી. એનું નામ ફ્લોરેન્સ નાઇટિંગેલ હતું. સ્કુટેરીનું દારુણ દૃશ્ય જાણે એના હૃદયમાં ભોંકાતું હોય, એવી એને વેદના થઈ. 'મારો દેશ આમ સેવાચાકરી ને માંદાંની માવજત કરવામાં હારે, એ તો કેવી નામોશી કહેવાય! મારે આ વખતે કૂદી પડી મારું સર્વસ્વ એમાં અર્પવું જોઈએ.'— આમ વિચારી એણે યુદ્ધમંત્રીને પત્ર લખ્યો કે, 'સ્વયંસેવિકા તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી ૩૫ જણની ટુકડી લઈ હું તરત સ્કુટેરી જવા તૈયાર છું; મને આજ્ઞા આપો તો ત્યાં જઈ ઇસ્પિતાલનો હું કબજો લઈશ.' સામેથી યુદ્ધમંત્રીએ પણ એ જ વિચાર કર્યો હતો કે, 'આ કારમી ઘાંટીમાંથી સરકારને બચાવે એવું એક જ જણ લાગે છે અને તે ફ્લૉરેન્સ નાઇટિંગેલ છે.' એટલે, પોતા તરફથી એણે પણ કાગળ લખીને પુછાવ્યું હતું. આમ બેઉ જણના પત્રો સામસામા મળ્યા ને ફ્લૉરેન્સ એની ટુકડી લઈને તરત સ્કુટેરી રવાના થઈ.

તમને થશે કે, ફ્લૉરેન્સની તે એવી શી લાયકાત હતી કે યુદ્ધમંત્રી જેવો મોટો માણસ પોતાની મેળે એને યાદ કરે? આ વખતે ફ્લૉરેન્સની ઉંમર ૩૪ વર્ષની હતી. આ બધાં વર્ષોમાં એ બાળાને એક જ લગની લાગી હતી, અને તે માંદાંની માવજત કે શુશ્રૂષા કરવાની. જાણે એ જ કામ લઈને ઈશ્વરને ત્યાંથી ન આવી હોય! ઢીંગલી જોડે રમે એવડી હતી ત્યારે પણ તે તેને માંદી કલ્પી માવજત કરવાની જ રમત રમતી! મોટી થઈ ત્યારે એક દહાડો તેણે એક લંગડાતો કૂતરો જોયો. તેની પર એને દયા આવી અને તેના પગને પાટો બાંધી સાજો કર્યો. ઉંમર લાયક થઈ ત્યારે તેના વિવાહની વાત થવા લાગી. પરંતુ તેણે તેની ના પાડી. લગ્નની પંચાતમાં ફસાઉં તો માંદાંની માવજતની મારી જીવનની ઝંખનાનું શું થાય? એમ વિચારી એ જીવનભર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવારી જ રહી. તેના બાપે પૂછ્યું, 'બેટા, ત્યારે તારે કરવું છે શું ?' ફ્લોરેન્સે 'નર્સ' થવાનાં પોતાનાં સ્વપ્નો કહ્યાં. નર્સ અંગ્રેજી શબ્દ છે. એનો અર્થ બરદાસી – માંદાંની માવજત કે બરદાસ કરનાર, એવો થાય છે. બરદાસી બનવું એ તે જમાનામાં હલકું કામ ગણાતું; સારા ઘરની બાઈ તે કામમાં ન જાય. ફ્લોરેન્સનો આ જવાબ સાંભળી એના બાપને નવાઈ અને દુઃખ લાગ્યું. પણ તે તેને રોકી ન શક્યા. તે કાળમાં વિલાયતમાં માવજત-વિદ્યા શીખવવાની કશી ગોઠવણ નહોતી; એ વિદ્યા જ નહોતી એમ કહો. તેથી ફ્લોરેન્સ ફ્રાન્સ અને જર્મની જઈ તે ભણી આવી; અને આવીને લંડનના એક દવાખાનામાં બરદાસી તરીકે જોડાઈ. આ વખતે તેની ઉંમર ૩૩ વર્ષની હતી. તેને બીજે જ વર્ષે ક્રીમિયામાં લડાઈ થઈ, અને ત્યારે ઇંગ્લૅન્ડની આ શુશ્રૂષા-ઘેલી નવયુવતીને યાદ ન કરે, તો યુદ્ધમંત્રી બીજા કોને યાદ કરે ?

અને તેણે પોતાનું કામ પણ બરોબર શોભાવ્યું. જતાંવેંત તેણે તંબૂની બધી વ્યવસ્થા બરોબર ગોઠવી દીધી. રણસેદાનેથી બીમારોનો આવરો તો વધતો જ જતો હતો. વધીને તેમની સંખ્યા દશ હજાર જેટલી થઈ હતી. ફ્લોરેન્સને બીજી બહેનોની મદદ મળી ગઈ હતી. તે આખી ઇસ્પિતાલની અધ્યક્ષ હતી. જરૂર હોય ત્યારે, દિવસમાં ૨૦–૨૦ કલાક સુધી ખડે પગે રહીને તે કામ કરતી. રાતે જ્યારે સૌ સૂતા હોય ત્યારે તે દીવો હાથમાં લઈને તંબૂઓમાં ફરતી. તે દયાની દેવીનાં દર્શન પણ સિપાહીઓને આશીર્વાદ સમાં લાગતાં. આવી નિષ્ઠાથી કામ કરનારને સફળતા મળે જ. તેને એટલી સફળતા મળી કે ૪૨ ટકાનું મરણપ્રમાણ ઘટીને બે ટકે આવી ગયું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૮૫૬માં યુદ્ધ બંધ થયું. એટલે ફ્લોરેન્સને દેશમાં જવાનું થયું. સરકારે તેને લાવવા માટે ખાસ વહાણ મોકલ્યું; અને દેશમાં તેનું સન્માન કરવાને મોટો સમારંભ રાખ્યો. પરંતુ તે તો એક અજાણ્યા ફ્રેન્ચ વહાણમાં બેસી છાનીમાની પોતાને ગામ પહોંચી ગઈ.

દેશે તેની સેવાની કદર તરીકે ૫૦ હજાર પાઉન્ડની થેલી એને અર્પણ કરી. તેમાંથી તેણે માવજત કે શુશ્રૂષાની વિદ્યા શીખવવા માટે એક મોટી શાળા કાઢી, અને ૧૮૫૮માં તે વિદ્યા પર નાનકડી ચોપડી લખી એના શિક્ષણને ઉત્તેજન આપ્યું. તે ઉપરાંત તેણે દેશનાં ગામોમાં અને લશ્કરી છાવણીઓમાં પણ આરોગ્યવર્ધક સુધારા કરાવ્યા. આમ એના જ પ્રયત્નથી ઇંગ્લેન્ડમાં શુશ્રૂષા-વિદ્યા શરૂ થઈ, અને પોતાની ૯૦ વર્ષની લાંબી ઉંમર એ જ ખાતે અર્પીને, ઈ. સ. ૧૯૧૦માં તે ગુજરી ગઈ. આજ પણ અંગ્રેજો એ બાઈને એક સંત તરીકે પૂજે છે, અને વીરોને માટેની જગામાં તેની પ્રતિમા તેમણે મૂકી છે. અંગ્રેજ સરકારનું સૈન્ય ક્રીમિયામાં ભલે હાર્યું; ફ્લોરેન્સની આગેવાની નીચેના સૈન્યે તો, સાચી અને દેશને કાયમી ફાયદો કરનારી જીત મેળવી હતી.

સ્વાધ્યાય

૧. લડાઈ ક્યાં થઈ હતી તે સમજવા યુરોપનો નકશો જોજો.

૨. સારી મોટી ઇસ્પિતાલ જોવા જાઓ અને ત્યાં નર્સનું કામ શું હોય છે તે સમજો.

૩. માંદાની માવજત કરવાનું કામ થોડુંક તો દરેકને આવડવું જોઈએ. તમે માંદાની સારવાર ન કરી હોય તો ઘરમાં માબાપ પાસે શીખીને કરજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪
એક ઘા

[મંદાક્રાન્તા]

ते पंखीनी उपर पथरो फेंकतां फेंकी दीधो !
छूटचो ते ने, अररर ! पडी फाळ हैया महीं तो !
रे रे ! लाग्यो दिल पर अने श्वास रूंधाई जातां,
नीचे आव्युं तरु उपरथी, पांख ढीली थतांमां. १
में पाळ्युं ते तरफडी मरे हस्त मारा ज थी आ !
पाणी छांटचुं दिल धडकते, तोय ऊठी शक्युं ना !
क्यांथी ऊठे ? जखम दिलनो क्रूर हस्ते करेलो.
क्यांथी ऊठे ? हृदय कुमळुं छेक तेनुं, अहोहो ! २
आहा ! किंतु कळ ऊतरी ने आंख तो ऊघडी ए,
मृत्यु थाशे ? जीव ऊगरशे ? कोण जाणी शके ए !
जीव्युं आहा ! मधुर गमतां गीत गावा फरीने,
आ वाडीनां मधुर फळने चाखवाने फरीने. ३
रे रे ! किंतु फरी कदी हवे पास मारी न आवे,
आवे तोये डरी डरी अने इच्छतुं ऊडवाने.
रे रे ! श्रद्धा गत थई पछी कोई काळे न आवे !
लाग्या घाने वीसरी शकवा कांई सामर्थ्य ना छे. ४

સ્વાધ્યાય

૧. પાઠ ૩૬ – ‘જેલના દોસ્તો’ની મજા જોડે કવિ કલાપીનું આ કાવ્યમાં વર્ણવેલું દુ:ખ તપાસો. શાથી ફેર પડ્યો ?

૨. પશુપક્ષી બધાંને, આ કાવ્યમાં કહેલું દુ:ખ થાય એ સમજ્યા ?

૩. ‘કલાપી’ (ઈ. સ. ૧૮૭૪–૧૯૦૦) એ કવિએ ધારણ કરેલું નામ છે. એમનું ખરું નામ સુરસિંહજી ગોહેલ. તે લાઠીના રાજા હતા. દુ:ખ સમજીને ઘવાયેલે હૃદયે લખેલું કેવું કરુણ કાવ્ય આ છે ! એ રસ એમને સરસ જમાવતાં આવડે છે. તમને પણ એ દુ:ખ બરોબર દેખાય એવી રીતે કાવ્યનો ભાવ તમારા મન પર બેસે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં અણગણ્યાં સહવાસીઓ

જો કોઈ આપણને પૂછે કે, તમારા ઘરમાં કોણ કોણ રહો છો, તો સહેજે આપણે આપણાં ભાઈબહેન તથા માતાપિતા વગેરે કુટુંબીજનોને ગણાવીશું. પરંતુ ઈશ્વરની સૃષ્ટિનો ખ્યાલ રાખીને જો જવાબ આપવો હોય, તો બીજા પણ કેટકેટલા જીવોને ગણાવવા જોઈએ, એની તમે કદી કલ્પના કરી છે? આજે આપણે એ વિષે થોડો વિચાર દોડાવીએ.

ઈશ્વરની સૃષ્ટિ જોઈએ તો તેમાં એટલા બધા જીવોના પ્રકારો જોવા મળે છે કે, તે અસંખ્ય જ છે એમ કહેવું જોઈએ. કેટલાક જીવો તો એટલા ઝીણા હોય છે કે, નરી આંખે તો તેમને તમે જોઈ જ ન શકો. એમને સૂક્ષ્મ જંતુ કે જીવાણુ કહેવામાં આવે છે. એવાં સૂક્ષ્મ જંતુઓ કે જીવાણુઓને આપણે છોડી દઈએ, અને નજરમાં આવે એવાં જીવડાંનો જ ખ્યાલ કરીએ, તોપણ તેમની સંખ્યા તમને નવાઈ પમાડે એવડી મોટી છે. એ બધા જીવો પણ આપણા સહવાસી થઈ, આપણા જ ઘરમાં રહે છે. તેમને આપણે આપણાં ભાંડુમાં નથી ગણતા; પરંતુ આપણે એમની ચિંતા તો રાખવી જ પડે છે, કેમ કે તે ન રાખીએ તો કદાચ આપણે જીવવું જ મુશ્કેલ થઈ જાય. જીવવિદ્યામાં પારંગત થયેલા વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે, દુનિયામાં અનેક પ્રકારની જે જીવાત જોવામાં આવે છે, તે જો અબાધ રીતે ઊછર્યે જાય, તો જગતમાં માણસને જીવવાને માટે જગા જ ન રહે! તેની ખેતી તેઓ ખાઈ જાય, તેનાં મકાન તેઓ જ ભરી કાઢે; અરે, તેના શરીરમાં રોગરૂપે પેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈને તેનો જ અંત આણે! પરંતુ, આપણી કહેવત પ્રમાણે, ઈશ્વરની સૃષ્ટિમાં પણ 'શેરને માથે સવા શેર હોય છે,' તેને લઈને અનેક જીવો પોતપોતાની મર્યાદામાં રહે છે. તે બધામાં માણસ વિશેષ ફાવે છે, કારણ કે તેને પ્રભુએ બુદ્ધિ આપી છે, તે દ્વારા એ પોતાનું ધારણ, પોષણ અને રક્ષણ સરસ રીતે યોજી શકે છે.

પણ એ વાત એટલે રહેવા દઈને આપણે આપણા સહવાસી જીવોના વિચાર તરફ વળીએ. આપણું પોતાનું શરીર જ પહેલું જોઈએ. તેમાં સારા નરસા, રોગના અને આરોગ્યના અનેકવિધ જીવાણુઓ રહેલા છે, એ વાત તો છોડીએ. આપણે એ સૂક્ષ્મ જીવાણુની વાત અત્યારે નથી કરતા. પરંતુ આપણા શરીર પર, આપણું લોહી પીને જીવતાં જંતુઓ છે તે યાદ કરો. જૂ આપણા માથામાં રહે છે. માથાના વાળના રંગને મળતી એ જીવાત કેટલી ત્રાસદાયી છે? એની લીખો પણ તે આપણા માથામાં જ મૂકે છે; વિષ્ટા પણ તે ત્યાં જ કરે છે. ઢોરને જેમ જૂવો અને કૂતરાને જેમ જિંગોડો વળગીને રહે છે, તેમનું જીવન જ એમનાં શરીર પર નભે છે, તેમ જ આ જૂનું જીવન આપણા પર નભે છે. આ જીવાત માનવ લોહી પર જ નભે છે. એક બીજી જાતની જૂ હોય છે, જે શરીરની ચામડી પર વળગેલી રહે છે. તેનો રંગ ચામડીના રંગમાં ભળી જાય એવો હોય છે. એને આપણે ચામ-જૂ કહીએ છીએ. આ જીવાત આપણી ગંદી ટેવોને કારણે થાય છે. બરોબર માથું હોળવા ચોળવાથી ને શરીર સાફ રાખવાથી જૂ થતી નથી.

હવે શરીર બહાર નજર કરો. તો જ્યાં ત્યાં ત્રાસ દેતી માખ તમને તરત યાદ આવશે. ચોમાસાની ઋતુમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેનો ત્રાસ પાર વિનાનો વધી જાય છે. એ આપણી ગંદકી ખાઈ જાય છે, એ એક જરાક જેટલો લાભ છે; પણ એને મન વિષ્ટા અને પકવાન સરખાં જ છે: વિષ્ટા પરથી ઊડીને પકવાન પર આવવામાં એને કશી વાર નથી કે જરાય સૂગ નથી! આ એની ગંદી આદતને લઈને એ આપણે માટે ભારે જોખમકારક બને છે. કોલેરા, મરડો, મુદતિયો તાવ, ક્ષય વગેરે રોગોનો ચેપ ફેલાવનાર જીવ આ માખ જ છે. પરંતુ એમાં એનો દોષ શું કામ કાઢવો? આપણે જો સ્વચ્છતા અને આરોગ્યના નિયમો બરોબર સાચવીએ, તો માખની બેજવાબદાર મસ્તીમાંથી બચી શકીએ. કાંઈ નહિ તો, ચેપ તો ન જ ફેલાવવા દઈએ.

માખથી ઊતરતે નંબરે તમને મચ્છર યાદ આવશે. અમુક ઋતુમાં એ વિશેષ વધે છે એ ખરું, પરંતુ વધઘટ છતાં આપણે ત્યાં આ જીવડાનો ત્રાસ આખું વર્ષ ચાલુ જ હોય છે. માખ તો કરડતી નથી, કેમ કે એને ડંખ નથી. મચ્છર પાસે તો દાક્તરની પિચકારી જેવી સોય કે તીણી કરવતી હોય છે, તે દ્વારા એ ચામડી ભેદે છે, અને પછી સૂંઢ જેવા પોતાના એક અંગ વડે તે આપણું લોહી પીએ છે. તેની જ સાથે એ મલેરિયા કે ટાઢિયા તાવનાં જંતુ પણ આપણામાં ઘુસાડે છે. બધી જાતના મચ્છર આ જંતુ ફેલાવનારા નથી હોતા. પરંતુ એટલી વાત તો સિદ્ધ થયેલી છે કે, ટાઢિયો તાવ કે મલેરિયા મચ્છરના ડંખથી ફેલાય છે.

કીડી, મંકોડી અને ઊધઈ એ બીજાં આપણાં સહવાસી છે. તેઓ જમીનના પેટાળમાંથી નીકળી આવે છે; ત્યાં તેઓ રહે છે ને ખોરાકને માટે ઉપર આવે છે. તાપ કે ગરમીથી અને ભીનાશથી એ ત્રણે સરખાં ભાગનારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઠંડકમાં કામ કરવાનું તેમને ફાવે છે. ઊધઈ કદી ખુલ્લામાં તમે નહિ જુઓ. બારીબારણાં વગરનાં, લાંબી લાંબી ગલીઓ જેવાં, પોતાનાં ઘરોમાં જ તે રહે છે. કીડી મંકોડી ખુલ્લામાં ફરે છે અને દરમાં રહે છે. સંભાળીને પોતાનો ખોરાક એકઠો કરવો, મહેનતુ અને વ્યવસ્થિત ટેવો, ઉદ્યમ, અને એવા સારા ગુણો આ ત્રણમાં ઘણા જોવા મળે છે. એ ગુણો એમને માટે તો કહેવતરૂપ બની ગયા છે.

ત્યાર પછી વંદા અને કરોળિયાને યાદ કરવા જોઈએ. કરોળિયો એક રીતે આપણને મદદકર્તા જંતુ છે. આપણા ઘરમાં જાળ પાથરીને તે રહે છે, ને તેમાં નાનાં નાનાં અનેક જીવડાંને ફસાવીને તે ખાઈ જાય છે. માખ પકડાય તો તેને પણ એ છોડતો નથી. પરંતુ તે અસ્વચ્છતા પર જ નભે છે, એ આપણને ન પાલવે.

વંદો હૂંફાળી જગામાં થાય છે. ગંદકીની એને સૂગ નથી. તેથી જાજરૂમાં કે એવા ખૂણાખાંચરાની અંધારી અને ગંદી જગામાં તે વિશેષ જોવામાં આવે છે. માખ કરતાંય ગંદી ટેવોવાળો એ ગણાય. કદાચ એ પણ રોગ ફેલાવતો હોય. પરંતુ વિજ્ઞાન એ વિષે ચોકસ કશું કહેતું નથી. એક વાત એને વિષે જાણવા જેવી છે તે એ કે, વંદાને માકડ બહુ ભાવે છે; એને તે ખોળીને ખાઈ જાય છે. છતાં ત્યારે માકડ કેમ ઘરમાં રહે છે? એનું કારણ એ છે કે, માકડને પરમેશ્વરે એવું પાતળું શરીર અને સહજબુદ્ધિ આપ્યાં છે કે તે ઝીણી તરાડો કે કાણાંમાં ભરાઈ જઈ શકે છે.

માકડ પણ આપણો રાતનો દોસ્ત છે. જૂ કે લીખની જેમ તે માણસના લોહી પર જ જીવે છે. એક વાર લોહીથી તૃપ્ત થાય તો એક વરસ સુધી પણ તે ભૂખ ખેંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે! ભૂખી માદા ઈંડાં નથી મૂકી શકતી. પરંતુ એક દહાડો આપણે એને મળ્યા એટલે બસ!

કરોળિયો તથા બીજાં જીવડાંને ખાનારી ગરોળી પણ આપણે ભૂલવી ન જોઈએ. દીવાલ પર ફરતી એ જોવામાં આવે છે. જો આપણાં ઘરને સાફસૂફ કરીને જીવજંતુ વગરનાં કરવામાં આવે, તો કદાચ ગરોળી ઓછી થાય. ગરોળી ઝેરી પ્રાણી છે. તે કરડે તો ઝેર ચડે છે. અથવા તેનો ગલ ખાવામાં આવે તોપણ ઝેર ચડે છે, એમ આપણે માનીએ છીએ.

હવે તમને કદાચ થશે કે, આપણા ઘરનાં રહેનારાંની યાદી પૂરી થઈ. ના, હજી તો બીજાં ઘણાં રહ્યાં. ઘરનો ખોરાકનો કોઠલો જુઓ. તમારી ચોપડીઓ અને કપડાં જુઓ. અરે, તમારા અનાજની કોઠીઓ કે ડબા જુઓ. આ બધાંમાં કેટલી બધી જાતના જીવો રહે છે! ચોખાની સફેદ ઇયળ, શાકના કીડા, ચણા મગ મઠ વગેરેના દાણા શારી ખાતું ગંધાતું ભોટવું, ઘઉંમાં ચડતો લાલરંગી ચાંચવાળો ચાંચવો કે ધનેડું, જુવારનાં કિલ્લાં—આ બધાંનો ત્રાસ કેવો પડે છે, એ તો ઘરની માતાને પૂછો તો ખબર પડે. અને લોટ પડી રહે ત્યારે તેમાં જાળાં બાઝે છે તે પણ શું છે? એ પણ એક ઝીણી જીવાત જ છે. એને આપણે કણા કહીએ છીએ.

આપણે જાણીએ છીએ કે, અનાજ તથા શાક વગેરે આપણે જ ખાઈએ છીએ. ના; આપણી અગાઉ અસંખ્ય જીવો આપણા જ કોઠારમાં રહ્યા રહ્યા એ ખાય છે, બગાડે છે, અને પોતાના નરકથી મેલું કરે છે!

અને ઘીદૂધ વગેરેના પાંજરામાં કે કોઠલામાં થતો પેલો મુછાળો રતૂમડો જીવ! એને આપણે કંસારી કહીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. કંસારી ઉપરાંત ચોપડીઓમાં અને કપડાંમાં એક રૂપેરી નાજુક જીવડું થાય છે તે જોયું છે? આ જીવડાને કાગળ બહુ ભાવે છે. ચોપડીઓ સંઘરનારને તો આ ઉપરાંત પણ બીજા જીવોથી સંભાળવું પડે છે. પરંતુ કંસારી અને આ રૂપેરી જીવ તો ખરેખરા ચોપડીખોર છે. આ રૂપેરી જીવને આંતરી કે ટૂવો કહીએ છીએ.

આપણાં અનેક સહવાસીઓની આ યાદી હજી પણ લંબાવી શકાય. વાણિયા, માકડિયાં, કૂદાં વગેરેનો ચોમાસાનો પાક તો હજી આપણે ગણ્યો નથી. આ બધા વિષે જાણ્યા પછી, એક વાત તો તમને બરોબર મન ઉપર ઠસશે કે, સ્વચ્છતા અને વાળઝૂડ તથા સફાઈ કેટલી બધી જરૂરની વસ્તુ છે; તેના વગર એક દહાડો પણ જવો ન જોઈએ. તેથી હિંદુ સ્મૃતિશાસ્ત્રોમાં તો એને ઘરનો એક નિત્યયજ્ઞ ગણ્યો છે.

આ બધા જીવોનાં ચિત્ર અહીંયાં નથી આપ્યાં, કેમ કે તમે એમને સાચેસાચાં તમારે ઘેર જોઈ શકશો. એ તમારે જોવાં જોઈએ, તેના આકાર દોરવા જોઈએ, અને તેમને નિહાળીને એમનું વિજ્ઞાન પણ શોધવું જોઈએ.

સ્વાધ્યાય

૧. આ ઉપરાંત બીજા જીવો ઘણા મળશે. તે ખોળો અને તેમને આપણે શું કહીએ છીએ તે પૂછીને જાણો, ને તેમની યાદી કરો.

૨. આ બધાં જીવડાંથી બચવાને માટે લોક શું કરે છે તે દરેક માટે જુદું જુદું પૂછીને જાણો.

૩. ઘરનાં અનાજ બગડે નહિ તે સારુ મા શું કરે છે તે સમજો. કઈ ઋતુમાં કયા અનાજને માટે શું ધ્યાન રાખવું પડે છે તે બરોબર જાણી લેવું જોઈએ.

૪. આ પાઠ જો બરોબર સમજો તો તમારે સ્વચ્છતા અને સફાઈ તરફ બરોબર કાળજી રાખવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલના દોસ્તો

[શ્રી. કાકાસાહેબ કાલેલકર આપણા જાણીતા લેખક છે. પણ તેના કરતાં વધારે તો તે મોટા શિક્ષક છે. ૧૯૨૨માં તેમને સાબરમતી જેલમાં સરકારે પૂર્યા હતા. સ્વભાવે શિક્ષક, એટલે ત્યાં પણ એ તો ભણવાનું ને સૃષ્ટિ જોઈને મજા માણવાનું ખોળી જ કાઢે. એ બધાનું વર્ણન એમણે 'ઓતરાતી દીવાલો' નામની ચોપડીમાં કર્યું છે. તેમાંથી આ એક ભાગ તમને ચટકો લગાડવાને માટે અહીં આપ્યો છે.]

થોડા જ દિવસમાં 'ફાંસીખોલી'માં મારી બદલી થઈ. ફાંસીખોલી એટલે જેલમાં ફાંસી દેવાની જગા પાસે જ આવેલી, ફાંસીની સજાવાળા કેદીઓને રાખવાની આઠ ખોલીઓ. સાબરમતી જેલમાં આ જગા સૌથી સરસ ગણાતી.

ફાંસીખોલીમાં આવતાંવેંત બે બિલાડીઓની દોસ્તી થઈ. એકનું નામ 'ફોજદાર' હતું, બીજીનું નામ 'હીરા'. રોજ ઇસ્પિતાલમાંથી આ બિલાડીઓને નવટાંક દૂધ મળવાની 'ખાનગી વ્યવસ્થા' હતી. ખાનગી વ્યવસ્થા એટલે દાક્તર કે જેલરના હુકમ વગર થયેલી અને ચાલતી આવેલી વ્યવસ્થા. જેલખાતામાં એવી ઝીણી ઝીણી ઘણી વ્યવસ્થાઓ હોય છે. કેદીઓ તેમ જ તેમના ઉપરી નોકરો બધા જ માણસ હોય છે; એટલે હૃદયવિહીન નિયમનું પાલન કરતી વેળા, જેમ તેઓ તેમાં ઘણી વાર કઠોરતા ઉમેરે છે, તેમ કેટલીક વાર દયાનું મિશ્રણ પણ કરે છે. સવારસાંજના રોટલા આવે કે તરત જ અમારે ત્યાં તેના ત્રણ કકડા દૂધમાં પલાળી બિલાડીઓ માટે એક ખૂણામાં રાખવામાં આવતા. કોક દિવસ ભૂખ કકડીને લાગી હોય ત્યારે બિલાડીઓ વૉર્ડરના પગ સાથે નાક ઘસી ઘસીને એને વીનવે; અને કોક દિવસ વળી ખાવાનું પાસે મૂક્યું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોપણ પહોર વાર સુધી જોયાં જ કરે, અને ભર્તૃહરિના હાથીની પેઠે,

'धीरं विलोकयति चाटुशतैश्च भुंक्ते'.

[ધીરતાથી જોઈ રહે, અને હજાર ખુશામતો કરે ત્યારે ખાય !]

આ બે બિલાડીમાંથી ફોજદારની પૂંછડી બરોબર મધ્યમાં લગભગ તૂટવા આવી હતી; — રોગથી કે કંઈ જખમથી તે કોણ કહી શકે ? દાબડે બાપા (લેખકના જેલના એક સાથી) એક દિવસ ઇસ્પિતાલમાં ગયા ત્યારે ત્યાંથી મલમ લઈ આવ્યા. તે દિવસથી રોજ ફોજદારની માવજત થવા લાગી. પણ બાપા તેની પૂંછડી પકડીને મલમ લગાવે તે સ્થિતિ બિલાડીને પહેલે દિવસે સ્વમાનને બાધક જણાઈ. તેણે સૌમ્ય અને આકરા બધા નિષેધો વ્યક્ત કર્યા. પણ બીજા જ દિવસથી ફાયદો લાગવાથી તેણે ઍન્ડ્રોકિલઝના સિંહની વૃત્તિ ધારણ કરી.

ફાંસીખોલીમાં અમને નવા દોસ્તો મળ્યા અને તે વાંદરાઓ. વાંદરાઓ જેલની અંદરના બગીચામાં ખૂબ રંજાડ કરે છે, તેથી જેલના અમલદારો તેમના તરફ 'નફરતકી નિગાહસે' જુએ છે; અને તે જ કારણસર કેદીઓને વાંદરાઓ પર ખૂબ ભાવ હોય છે. અમારા ઝાડુ-વાળાને આનું કારણ પૂછતાં તેણે કહ્યું, 'અમારી છાતી ફાટી જાય ત્યાં સુધી પાણી ખેંચી ખેંચીને અમે શાક ઉગાડીએ છીએ, અને અમારે ભાગે તેમાંથી ફક્ત ઘરડાં પાંદડાં ને ડાંખળાં જ આવે છે; અસલી માલ તો અમલદારો ખાય છે અથવા કમિટીમાં આવનાર 'વિઝિટરો' લઈ જાય છે. આતવારને દિવસે ધર્મનું ભાષણ સંભળાવવા પેલા બે જણા આવે છે, તે પણ શાકભાજી માટે જ આવે છે, એ શું અમે નથી જાણતા ?' મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, એ મહાશયો બજારમાંથી પણ શાક ખરીદી શકે છે. પણ પેલો મારું માને જ શેનો?

વાંદરા આવે કે કેદીઓ ખુશીમાં આવી એમના જેવી કિકિયારી કરે, અને પોતાના રોટલામાંથી એકાદ ટુકડો તેમને ફેંકતાં પણ અચકાય નહિ. અમારે ત્યાં વાંદરાઓ બહુ પાસે ન આવતા. દીવાલ પર બેસી લાંબી પૂંછડી એક બાજૂ લટકતી રાખી, ડોક મરડી, ખભા પરથી અમારી તરફ જોતા, અને જાણે પાડ કરતા હોય તેમ સહેજ દાંત પણ બતાવતા. અમે રહેતા હતા તેની બહાર મોટી દીવાલનો ખૂણો પડતો હતો. વાંદરાઓ એ ખૂણા પાસે જઈ કૂદીને એક દીવાલને લાત મારે ને બીજી દીવાલ પર અથડવા જાય. ત્યાં લાત મારી પહેલી દીવાલ પર કૂદે. આમ કરતે કરતે ઠેઠ દીવાલની ટોચ સુધી પહોંચી જતા. મને થતું, વાંદરાઓ જો આમ જઈ શકે તો માણસ કેમ ન જાય? બીજી જ ક્ષણે વિચાર આવ્યો, તેમ બની શકતું હોત તો ચોરોએ તે કળા ક્યારની કેળવી હોત.

સ્વાધ્યાય

૧. ઍન્ડ્રોક્લિઝના સિંહની વાત જાણો છો? ઍન્ડ્રોક્લિઝ એક હબસી ગુલામ હતો. ગુલામી કોને ગમે? એ તો એક દહાડો છાનોમાનો નાસી ગયો જંગલમાં. ભોગજોગે ત્યાં એક સિંહ એને મળ્યો. એને થયું, આ તો મૂઆ બાપલિયા! પણ સિંહ તો ન મારે કે ન પાછો જાય—તે તો તેની પાસે જ આવ્યા કરે! તે લંગડાતો હતો, કેમ કે તેના પોચા પગમાં કાંટો ભોંકાયો હતો. ઍન્ડ્રોકલઝ આ સમજ્યો. હિંમત કરીને એણે તો સિંહનો કાંટો કાઢ્યો. સિંહ એને માર્યા વગર ચાલ્યો ગયો!

હવે ગામમાં ઍન્ડ્રોક્લિઝની શોધાશોધ ચાલી. શેઠે ગુલામ ખોળવા માણસો દોડાવ્યા. ઍન્ડ્રોક્લિઝ પકડાયો. રાજનો કાયદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા હતા કે, ગુલામ જો નાસી જાય તો તેને મરણની સજા કરવી. ઍન્ડ્રોક્લિઝને સિંહ પાસે મરાવવાનું ઠર્યું.

સૌ લોક માણસ અને સિંહની આ ક્રૂર સાઠમારી જોવા ભેગું થયું. ઍન્ડ્રોક્લિઝ ઊભો હતો તેની સામે સિંહ છોડવામાં આવ્યો. ઘૂરકતો ને ગર્જતો તે પાંજરામાંથી નીકળ્યો. પણ આ શું? ઍન્ડ્રોક્લિઝને જોઈને એ તો ધીમે ધીમે તેના પગ આગળ આવી, જાણે પાળેલો હોય એમ, પ્રેમ કરતો બેસી ગયો! શાથી એમ હશે તે કહો જોઈએ.

એ પેલો કાંટાવાળો સિંહ હતો.

૨. તમે કદી બિલાડી, કૂતરું પાળ્યું છે? એની ટેવો નિહાળો છો? એને ત્રાસ દો તો તે દોસ્તી નથી રાખતું એ જોયું છે? કુદરતની વસ્તુઓમાંથી મજા કેવી રીતે લૂંટાય તે આ પાઠમાંથી ખાસ જોજો.

૩૭

સાગર

खारां खारां ऊस जेवां, आछां आछां तेल;
पोणी दुनिया उपर एवां पाणी रेलमछेल !
आरो के ओवारो नहि, पाळ के परथारो नहि !
सामो तो किनारो नहि,
पथराया ए जळभंडार सभर भर्या ! १

आभना सीमाडा परथी, मोटा मोटा तरंग ऊठी,
वायुवेगे आगळ धाय ने अथडाता पछडाता जाय !
घोर करीने घूघवे गरजे सागर घेरे रवे;
किनाराना खडको साथे धींगामस्ती करतो करतो,
फीणथी फूंफाडा करतो, ओरो आवे, आघो थाय,
ने भरतीओट करतो जाय. २

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऊंडो ऊंडो गजब ऊंडो !
माणस डूबे, घोडा डूबे; ऊंचां ऊंचां ऊंट डूबे !
हाथी जेवां तूत डूबे !
किल्लानी किनार डूबे, महेलना मिनार डूबे !
ताड जेवां झाड डूबे, मोटा मोटा पहाड डूबे !
गांडो थईने रेले तो तो आखी दुनिया जळबंबोळ जळबंबोळ! ३
एनां पाणी एनुं पेट, एवां मोटां जबरदस्त !
नानी नानी माछलीओना थाय मोटा मगरमच्छ !
चंद्रनी ज्यां दृष्टि पडे, त्यां तो पाणी हेले चडे;
आखो सागर ऊंचो थाय—मोजांथी छलकाई जाय ! ४
शंख, सीप, परवाळां ने बीजी चीजो पारंपार;
मोंघामूलां रत्नोनो ए भारेमां भारे भंडार !
हजारो नदीओ जई रेडे, कायम तेमां मीठां नीर;
तोय एनां सदाय खारां पाणी दीसे शां गंभीर ! ५
अपार जळ एमांथी सिंची मेघ बधी दुनियाने पाय;
तोय छलाछल छलकातो ए एवो ने एवो देखाय !
विशाळ लांबो पहोळो ऊंडो एवो मोटो गंजावर !
एना जेवुं कोईये न मळे !
महासागर तो महासागर ! ६

સ્વાધ્યાય

૧. કવિ ત્રિભુવન વ્યાસનાં 'બાળગીતો' તમે વાંચજો.

૨. સાગર જોયો હોય તો કવિ કહે છે એવું દેખાયેલું ? ફરી જુઓ ત્યારે હવે એવું ત્યાં દેખાય છે કે કેમ તે જોજો. ન જોયો હોય તો મુંબઈ કે કાઠિયાવાડના પ્રવાસે જાઓ ત્યારે જોજો.

૩. ભરતી ઓટ શાથી થાય ? મેઘ દરિયા વચ્ચે શો સંબંધ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર અને નાનક

૧

આપણા દેશમાં ૧૨માથી ૧૬મા સૈકા સુધીના ગાળામાં જે અનેક સંતો થઈ ગયા, તેમાં કબીર અને નાનકનાં નામ વિશેષ પ્રખ્યાત છે. એ વર્ષોનો ગાળો એટલે આપણે ત્યાં ઇસ્લામ ધર્મ અને મુસલમાનોનું રાજ વધવાનો સમય. આ બે મહાત્માઓ પોતાના જમાનાના હિંદુ તથા મુસલમાન બેઉ લોકોમાં પ્રિય હતા. એમના અનુયાયીઓમાં બેઉ ધર્મના લોકો જોવામાં આવે છે. આ બેઉ મહાત્માઓના મરણ વિષે એકસરખી લોકકથા ચાલે છે, તે પરથી તમને આ સ્પષ્ટ સમજાશે.

કબીરજીએ જ્યારે દેહ છોડી ત્યારે એમના હિંદુ અને મુસલમાન ચેલાઓમાં વાદવિવાદ ચાલ્યો: હિંદુઓ કહે, 'અમારા ગુરુના શબને અમે અગ્નિદાહ કરીશું.' કબીરજીના મુસલમાન ભક્તો કહેવા લાગ્યા, 'ના, અમને એમને ભૂમિદાહ કરવા દો; અમે એમને કબરમાં દાટીશું.' આ વાદવિવાદ તો પછી વધી પડ્યો. વચમાં પડી એક ભલા ભક્તે કહ્યું, 'ભાઈઓ, એક ગુરુના ચેલાઓ આમ લડે એ તો શોભાવનારું ન કહેવાય. ચાલો, પહેલાં આપણે સૌ આપણા પ્રિય ગુરુજીનાં દર્શન કરીએ.' દર્શન કરવાને માટે, શબ પર ઓઢાડેલી ચાદર કે કફન ખસેડવામાં આવ્યું, ત્યારે એક નવાઈ પમાડે એવો ચમત્કાર સૌએ જોયો: ચાદર નીચેથી શબને બદલે ફૂલોનો ઢગ નીકળ્યો! ઝઘડાનો અંત સહેલો થઈ ગયો: અર્ધાં ફૂલ હિંદુઓએ અને અર્ધાં ફૂલ મુસલમાનોએ લીધાં. આ વાત પરથી એટલું જણાય છે કે, કબીરજી હિંદુ મુસલમાન બેઉ કોમમાં માનીતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જ વાત નાનકના મરણ વિષે પણ કહેવાય છે. એમને વિષે આ જ અર્થ બતાવનારો એક લૌકિક દુહો પણ અત્યાર સુધી બોલાય છે:

'ગુરુ નાનક શાહ ફકીર,
હિંદુકા ગુરુ, મુસલમાનકા પીર.'

૨

કબીર અને નાનકમાં કબીર પહેલા થયા હતા. એમના જીવન વિષે ખાતરીબંધ હકીકતો ઓછી મળે છે. જે મળે છે તે બાબત વિદ્વાનોમાં કેટલોક મતભેદ પણ છે. તેમનો જન્મ ઈ. સ. ૧૩૯૮ની સાલમાં એક વિધવા બ્રાહ્મણીને પેટે થયો હતો એમ કહેવાય છે. તે બ્રાહ્મણીએ

પોતાની શરમ છુપાવવાને માટે, બાળક કબીરને જન્મતાંવેંત છોડી દીધા. નીમા અને નીરુ નામનાં, કાશી પાસે રહેતાં, એક મુસલમાન વણકર દંપતીએ એ બાળકને જોયું અને પોતાને ઘેર આણ્યું. તેમણે એને ઉછેરીને મોટું કર્યું. આ રીતે, કબીરજીનાં પાલક માતા-પિતા મુસલમાન વણકર હતાં. કેટલાક કહે છે કે, એ જ એમનાં જન્મ દેનારાં માતાપિતા હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિષે ખરું શું હશે તે નક્કી કરવું અઘરું છે. પરંતુ એટલી વાત સૌ માને છે કે, તે મુસલમાન વણકરને ત્યાં ઊછર્યા હતા, અને વણકરીથી પોતાનો નિર્વાહ ચલાવતા હતા.

કબીરના સમયમાં રામાનંદ કરીને એક પ્રખ્યાત સંતપુરુષ કાશીમાં પોતાના મઠમાં રહેતા હતા. સૌ વર્ણના હિંદુઓ તેમના શિષ્ય થઈ શકતા હતા. હજામ, જાટ ખેડૂત, ચમાર, ગરાસિયા વગેરે પણ એમના શિષ્યો હતા. નાનપણથી કબીર ધર્મપરાયણ હતા. એમણે વિચાર કર્યો, મારે રામાનંદના શિષ્ય થવું જોઈએ. પરંતુ મુસલમાન ગણાતા કબીરને કોણ મંત્ર આપે?

રામાનંદ રોજ પરોઢિયે ગંગા પર સ્નાનસંધ્યા કરવા આવતા. કબીર એક દિવસ એમના માર્ગમાં ગંગાઘાટના એક પગથિયા ઉપર વચ્ચે સૂતા. અંધારામાં રામાનંદનો પગ એમના ઉપર પડ્યો, અને મોઢામાંથી ઉદ્ગાર નીકળ્યો, 'અરે રામ, કોઈ કચરાયું કે શું?' કબીરજી તરત ઊઠીને ઊભા થઈ ગુરુજીને સાષ્ટાંગ નમસ્કાર કરી ઘેર ગયા. ત્યારથી એમણે માની લીધું કે, મને ગુરુજીએ રામ-મંત્ર આપ્યો અને ચરણરજથી પાવન કર્યો. પછી એ મંત્ર જપતા જપતા તે પોતાની સાધના કરવા લાગ્યા.

તમે જાણો છો કે કબીરનાં ભજનો ખૂબ લોકપ્રિય છે. રાવણહથ્થાવાળા ભરથરી જેવા સામાન્ય લોકથી માંડીને કવિવર રવીન્દ્રનાથ ટાગોર સુધીના વિધવિધ લોકોને કબીરજીનાં ભજનો વહાલાં છે. તે બધાં લોકભાષા હિંદીમાં છે. તેમની હૃદયવેધી સરળ ભાષા સૌને મુગ્ધ કરે છે, અને મધુર સંગીતમાં તે ગવાય છે. તેથી તેમના ભાવો પણ તરત મન પર ચોંટી જાય છે. ગુરુ નાનક પણ મોટા ભજનિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. તે પણ ભજનો લલકારતા. મીરાંબાઈ, નરસિંહ મહેતો, કબીર, નાનક, સુરદાસ, તુલસીદાસ, વગેરે અનેક ભક્તોનાં પદોની સાદી લોકભાષા અને મધુર સંગીત એ એક મોટી ખાસિયત છે. તેથી તે પદો આમ-જનતામાં ખૂબ પગપેસારો કરી શક્યાં છે. કબીર નાનકની મહત્તા પણ એ જ વસ્તુમાં રહેલી છે. ઈશ્વર એક જ છે, આપણે તેની ભક્તિ કરવી જોઈએ, તથા સાદું મહેનતુ અને નીતિપરાયણ જીવન ગાળવું જોઈએ, એ આ બધા ભક્તોનો સાદો ઉપદેશ હતો. અને એ ઉપદેશ તેઓ નાતજાત કે ધર્મોનાં વાડાઓના ખ્યાલ વગર મનુષ્યમાત્રને કહેતા. આજ પણ સામાન્ય વર્ગોમાં કબીરજીના અનેક અનુયાયીઓ છે; તેઓ તંબૂરા સાથે ભજનો ગાય છે, તથા કબીરજીની વાણીના 'બીજક' નામના ગ્રંથનો પાઠ કરે છે. તેઓ કબીરપંથી કહેવાય છે.

અને ગુરુ નાનકના અનુયાયી શીખ કહેવાય છે. તેઓ પોતાને એક અલગ કોમ કહેવડાવે છે. તેમનું મૂળ રહેઠાણ પંજાબ પ્રાંત છે. હવે તેમના આદિગુરુ નાનકની થોડીક વાતો જાણીએ.

૩

ગુરુ નાનકનો જન્મ ઈ. સ. ૧૪૬૯માં લાહોર પાસે આવેલા તલવંડી કરીને એક નાના ગામમાં થયો હતો. આ ગામને આજ નાનકાના કહેવામાં આવે છે. પોતાના આદિ-ગુરુના જન્મસ્થાન તરીકે શીખ લોકો તેને યાત્રાનું ધામ ગણે છે. તેમનું મરણ ઈ. સ. ૧૫૩૯માં કરતારપુર કરીને એક ગામમાં થયું. આ કરતારપુર ગામ ગુરુ નાનકે જ વસાવ્યું હતું, અને જીવનનાં છેલ્લાં વરસોમાં તે ત્યાં ખેડૂત તરીકે રહેતા હતા. તે ગામ પણ શીખોનું એક યાત્રાનું સ્થળ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ નાનક જન્મે હિંદુ હતા, અને વિચારે તે સુધારક હતા. નાનપણથી તેમને ધર્મનું ખરું રહસ્ય જાણવાની તાલાવેલી હતી. આપણા નરસિંહ મહેતાની પેઠે, તે પણ ભણવાને બદલે નાનપણમાં સાધુસંતોમાં જ ભમતા, તેમની સેવાચાકરી કરતા, અને એમાં જ આનંદ માણતા. આથી તેમણે ભણતર તો કાંઈ ન ગાંઠયું, પણ દુનિયા બહુ જોઈ. તેમાંથી તે ચકોર અને વિચારવંત પુરુષ સમજી ગયા કે, ખરા ધર્મ જેવી વસ્તુ આજે એકે ધર્મી પાસે નથી રહી; ધર્મને નામે તેનો આડંબર જ ચાલે છે.

સુલતાનપુર કરીને એક ગામમાં નાનકનો બનેવી સરકારી નોકરીમાં હતો. તેની સિફારસથી નાનકને પણ ત્યાંના સૂબાના કોઠારીની નોકરી મળી હતી. તેથી નાનક ઉંમર લાયક થયા ત્યારે સુલતાનપુરમાં રહેતા. તે રોજ સવારે નદીએ સ્નાનસંધ્યા કરવા જતા અને નોકરીના સમય પછી સંતસમાગમમાં વખત ગાળતા. આવી તેમની દિનચર્યા જોઈને સૌ કોઈ એમને સાધુ પુરુષ માનતા.

એક દહાડો સવારે તે સંધ્યા કરવા ગયા હતા. ત્રણ દિવસ થયા છતાં ત્યાંથી પાછા ન આવ્યા, તે પરથી લોકોએ માન્યું કે એ મરી ગયા. પણ ચોથે દિવસે એ તો આવી પહોંચ્યા. લોકોએ પૂછાપૂછ કરવા માંડી કે, ક્યાં ગયા હતા, ક્યાં ગયા હતા? પરંતુ નાનક તો મોંમાંથી એકે અક્ષર જ ન કાઢે! બધાને લાગ્યું કે એ તો ગાંડા થઈ ગયા. પણ બન્યું હતું એમ કે, એ ત્રણ દિવસના એકાંતમાં નાનકને ધર્મનું રહસ્ય લાધ્યું હતું. એક અકાલ સત્યરૂપ પ્રભુ છે, અને બાકી બધા ફંદ છે, એમ તે સમજ્યા હતા. બીજે દિવસે નાનકે એક જ વાકચ કહ્યું, 'કોઈ હિંદુ નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કોઈ મુસલમાન નથી;' અને પછી ફકીરનાં વસ્ત્ર ધારણ કરીને એ સુલતાનપુરથી ચાલી નીકળ્યા.

હવે તે દેશાટન કરવા લાગ્યા. તે જમાનામાં દેશાટન કરવું એટલે અનેક તીર્થધામોમાં ફરવું. નાનક આખા દેશમાં ફરી વળ્યા એટલું જ નહિ, પરંતુ તે મક્કા સુધી પણ જઈ આવ્યા હતા, એમ ઇતિહાસકારો બતાવે છે.

એક વખત તે હરદ્વારમાં હતા, ત્યારે ત્યાં મોટો મેળો હતો. નદીના પાણીમાં ઉગમણે મોઢે ઊભા રહી લોક પિતૃઓને પાણીની અંજલિ આપતા હતા. નાનકે આથમણી બાજૂ મોં કરી પોશે પોશે પાણી દેવા માંડયું. પાસે ઊભેલા પંડાઓ આ જોઈને પૂછવા લાગ્યા, 'એ

અલ્યા, આ શું કરે છે?' ઠંડે કલેજે નાનકે જવાબ આપ્યો, 'મારા ગામના ખેતરને પાણી પાઉં છું.'

'અરે બેવકૂફ, ગામના ખેતરને અહીંથી પાણી કેવી રીતે મળે!' પંડાઓએ હસીને કહ્યું.

નાનક કહે, 'કેમ? જો તમે પેલા લોકોના પિતૃઓને સ્વર્ગ સુધી પાણી મોકલાવી શકો છો, તો મારું ખેતર તો પાસે જ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા આવા તો અનેક મજેદાર પ્રસંગો નાનકની યાત્રામાં બન્યા હતા. મક્કાનો એક પ્રસંગ જાણવા જેવો છે. ગુરુ નાનક મક્કામાં ગયા ત્યારે એક દિવસ રાતે મક્કાના પવિત્ર પથ્થર કાબાની મસ્જિદમાં સૂતા હતા. સવારમાં એક મોલવીએ જોયું કે કોક મુસાફર કાબા તરફ પગ કરીને સૂતો છે. તે નાનક પોતે હતા. પેલા મુલ્લાંએ નાનકને કહ્યું, 'એ મુસાફર, તું કેમના પગ કરીને સૂતો છે એનું તને ભાન છે? કાબા તરફ તે પગ કદી થાય?'

નાનકે કહ્યું, 'ભાઈ, ત્યારે જે બાજુ ઈશ્વરનું ધામ ન હોય તે તરફ તું મારા પગ કરી દે.' એ સાંભળી મુલ્લાંને ગુસ્સો ચડ્યો અને પગ પકડીને તેમને બીજી બાજૂ ફેરવી દીધા. પણ આ શો ચમત્કાર! મુલ્લાંને હવે તે બાજૂ કાબા દેખાવા લાગ્યો. એટલે એણે વળી પગ ફેરવ્યા; ફરી પણ એમ જ દેખાય! મુલ્લાં ગભરાયો. તેને થયું કે, આ કોઈ ઈશ્વરનો ઓલિયો છે. તેણે નાનકની ક્ષમા માગી. નાનકે બેઠા થઈ તેને ધર્મનું સાચું રહસ્ય સમજાવ્યું. અમુક ક્રિયા કરવી કે ન કરવી, અમુક ખાવું કે ન ખાવું, એવી બાબતો ઉપર ધર્મનો ખરો આધાર નથી. એક અલ્લા કે ઈશ્વર છે અને પવિત્ર જીવનથી તે રાજી થાય છે, એ સમજી બધા વર્તે, એ અલ્લાને પ્રિય છે.

આ પ્રમાણે તેઓ, આ હિંદુ અને આ મુસલમાન, એવા કશા ભેદભાવ વગર સત્યધર્મ લોકોને સમજાવતા. આ બાબતમાં નાનક અને કબીર બેઉ એકસરખા વર્તનવાળા હતા. કોમ કોમ વચ્ચે, ધર્મ ધર્મ વચ્ચે, ધર્મની સાચી સમજ મારફતે આમ મેળ સાધવાનો એમનો અમર સંદેશો આજ પણ યાદ રાખવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. 'આશ્રમભજનાવલિ'માંથી આ બે ભક્તોનાં ભજનો કાઢીને આવજો. તેમાંથી જે ગમે તેનો અર્થ તમારા શિક્ષક પાસેથી સમજજો.

૨. તમારા ગામમાં કે પાસે કબીરપંથી મંદિર હોય તો તે જોવા જજો. ત્યાં તમને ભજન સાંભળવા મળશે.

૩. શીખોનું મુખ્ય મંદિર ક્યાં આવ્યું?

૩૯

બાર જણા

एक ईडरनो वाणियो, धूळो एनुं नाम;
समी सांजनो नीकळ्यो जवा कोथळे[1] गाम. १

रस्ते अंधारुं थयुं, चडियो बीजी वाट;
जंगलमां भूलो पडचो, दिलमां थयो उचाट. २

पण हिंमत एणे धरी, मनमां कर्यो विचार :
'नथी कदी हुं एकलो, साथी मारे बार!' ३

एवे झाडो सळवळी, चमक्या कोळी चार;
'खबरदार! जे होय ते आपी दे आ वार.' ४

कहे धूळो ए कोळीने, 'अल्या नथी हुं एक;
बार जणा लई नीकळ्यो, करजो कांक विवेक.' ५

'काले करजे टायली, हमणां दई दे माल'—
एवुं बोली ऊलटया कोळी ए विकराल. ६

---

૧. કોથળે જવું=કોથળામાં જણસભાવ લઈને તે વેચવા જવું, એવો અર્થ ઈડર તરફ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

घूळो कूवो; कोथळो वींझे सबोसब;
हतां कोथळे काटलां, वागे धबोधब ! ७
कोळी खीज्या, एमना घूळो खाळे घाव;
क्यांथी रे, आ वाणियो शीख्यो आवा दाव ? ८
आघुंपाछुं ना जुए, घूळो खेले जंग;
बोले, 'हुं ना एकलो; हवे बतावुं रंग.' ९
कोळी चोंक्या, 'एकमां होय आटलुं जोर;
चार जणा जो छूटशे, थशे आपणी घोर.' १०
एम विचारी बी सहु नाठा एकीसाथ;
घूळो हरख्यो, 'वाह ! में ठीक बताव्यो हाथ.' ११
वाट जडी, घूळो गयो जवुं हतुं जे गाम,
वळतो ए घेरे गयो, पूरुं करीने काम. १२
घूळानी आ वारता जाणी, बाळ तमाम
पूछे, 'कोण तमे हता बार ? गणावो नाम.' १३
घूळो कहे : 'आ हाथ बे, बे आंखो, बे पाय;
अने काटलां कोथळो मळी एम दश थाय. १४
छेल्ला साथी बे खरा — हिंमत ने विश्वास;
ए बे विण बीजां बधां थाय नकामां खास.' १५

સ્વાધ્યાય

૧. ધૂળા શેઠ ચાર કોળી સામે શી રીતે ઝૂઝી શક્યા?

૨. કોળીઓએ હિંમત અને વિશ્વાસ બતાવ્યાં હતાં? જો ના, તો કેમ નહિ બતાવ્યાં હોય? તેમનો ધંધો શો હતો?

૩. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત અહીં લાગુ પડે?

૪. શ્રી. રમણલાલ સોનીનાં બાળકાવ્યોમાંથી આ કાવ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોપકારી મનુષ્યો

મને એક વાર આંજણી થઈ હતી. બે ત્રણ દિવસ મેં કાંઈ ઇલાજ કર્યો નહિ. એમ જાણ્યું કે, મટી જશે, એમાં શું ભારે દરદ છે! પરંતુ આંજણીએ બહુ પીડા કરવા માંડી. એટલે અમારા ઘરના દાક્તર પાસે ગયો. તેમણે કહ્યું કે, 'એના ઉપર કાંઈ લગાડવાની જરૂર નથી. પાકે એટલે મારી પાસે આવજો, નસ્તરથી ફોડી નાખીશ. બહુ પીડા થાય તો શેક કરજો.'

હું ઘેર આવ્યો ત્યારે અમારા કુટુંબના એક મિત્ર મને મળવા આવેલા હતા. તેમણે પૂછ્યું, 'ભાઈ, ક્યાં જઈ આવ્યા? આ આંખે શું થયું છે?'

મેં ઉત્તર દીધો, 'આંજણી થઈ છે, માટે દાક્તર પાસે ગયો હતો. પણ દાક્તર કહે છે, એને છેડશો નહિ, એની કાંઈ દવા નથી. પાકે એટલે નસ્તરથી ફોડી નાખીશું.'

આટલું સાંભળતાં અમારા એ મિત્ર ક્રોધે ભરાઈ ગયા: 'હરામખોરો! દાક્તરોને સરકાર ગાંસડા ભરીને મફતનો પગાર ખવડાવે છે. વળી કહે છે કે, એની કાંઈ દવા જ નથી! ત્યારે એમના ભણતરમાં શું પૂળો મૂકવાનો છે? કહે છે કે, પાકે ત્યારે આવજો, નસ્તર મૂકીશું! તમે પણ ભલા માણસ છો. એક કોડીનું ખરચ નથી, તુવરની દાળ ઘસીને ચોપડી દો, એટલે નરમ પડી જશે.'

મેં કહ્યું, 'બહુ સારું.'

નોકર પાસે દાળ ઘસાવીને ચોપડી. સાંજના બજારમાં કાંઈ લેવા ગયો, તો દુકાનદાર કહે, 'સાહેબ, આપને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંજણી થઈ છે, તો જવ ઘસીને કાં ચોપડતા નથી? મફતની દવા છે.'

ઘેર અમારા ઘરનો જૂનો મુનીમ આવેલો હતો. આંજણીની હકીકત જાણી તે કહે કે, 'બધી વાત જવા દઈ કેસર ઘોળીને ચોપડો. મારા બનેવીને, મારા ભાણેજને અને મારા ફુઆને થઈ હતી, ત્યારે અમે તો એ જ ઇલાજ કર્યો હતો. રામબાણ ઉપાય છે; ઘડીકમાં જ મટી જશે'.

કેસર મંગાવી મેં લગાડ્યું.

બીજે દિવસે હજામત કરવા હજામ આવ્યો. તે કહે કે, 'સાહેબ, બીજું બધું ફાવે તેમ લગાડ્યા કરતાં સિંદૂર મંગાવી દાબી દો, તો તરત જ આંજણી બેસી જશે.'

સિંદૂર પણ મેં દબાવ્યું.

બીજે દિવસે મારા ઓળખાણવાળા એક શેઠની મિલનો ભૈયો કાંઈ કામસર આવ્યો. તેણે કહ્યું કે, 'જી, ઇસમેં ક્યા બડી બાત હૈ? આઠ દિન એક છોટા કટોરા ભંગ પીયા કરો. દેખ લેના, ઇસકે આગે ડાકટરોંકી દવાઇયોં ક્યા ચીજ હૈ!'

પરંતુ હું ભાંગ કે બીજો કોઈ કેફી પદાર્થ પીતો ન હોવાથી મેં એ સલાહનો અમલ કર્યો નહિ.

મારાં વૃદ્ધ માસી પૂજાનું ચંદન ઘસતાં હતાં તે કહે કે, 'ભાઈ, આ ચંદન લગાડી જો.'

મેં ચંદન લગાડ્યું.

જમતી વખતે રસોઇયો કહે, 'સૂંઠ ચોપડો.'

મેં સૂંઠ પણ ચોપડી.

ખેપ લઈને ધોબી આવ્યો. તે કહે કે, 'લવિંગ ઘસીને ચોપડો. બળતરા બળશે, પણ આંજણી ઊભી જ નહિ રહે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવિંગ પણ લગાવ્યું, કેમ કે આંજણીના વધતા જતા દુઃખથી હું કંટાળી ગયો હતો, અને કાંઈ કરતે આરામ થાય છે એમ વિચારી, આ પરદુઃખભંજન મનુષ્યોની સલાહો એક પછી એક અજમાવી જોતો હતો.

હું ઓટલે ઊભો હતો તેવામાં ગોળ વેચનાર મારવાડી આવ્યો. તેણે કહ્યું, 'શેઠજી, અમારા લોક તો આવી આંજણી થઈ હોય, તો તેના ઉપર ગોળનો ચપકો દઈ દે. છરીના પાના ઉપર ગોળ મૂકી, તેને તપાવી લગાવી દેવો. ગરીબ માણસનો ઉપાય છે. અમે દાક્તરના પૈસા ભરીએ તો મરી જઈએ.'

ગોળનો ચપકો તો શેક જેવો જ માની તરત લગાવી દીધો. પરિણામમાં દરદ વધ્યું. સાંજે અમારા ગોર કહે, 'ગોળ એકલો ગરમ; માટે એલચીને ઘીમાં ઘસી ચોપડો. ઘીમાં સર્વ ગુણ રહેલા છે. હું તો જુલાબ લેવો હોય ત્યારે પણ દિવેલ પીવાને બદલે ઘી જ પીઉં છું.'

એલચી ને ઘી લગાવતો હતો તેવામાં મારા એક પારસી દોસ્તદાર આવી ચડ્યા. તે કહે, 'અરર! મિસ્ટર, આ સું કરી મૂક્યું છ! આંખને ઘી-ગોર કાં ખવારો છ! એક કાંદો કાપી તેનો રસ લગાવી દો. ના મટે તો મને ચાર તમાચા મારજો.'

જેમ તેમ કરી કાંદાની દુર્ગંધ વેઠીને મેં તેનો રસ પણ લગાડ્યો. હવે તો આંજણીના અંદર શા હાલ હતા તે ખબર પડે તેમ નહોતું. દવાઓનાં પડ ઉપરાઉપરી આવી આંખની બાજુ ઉપર એક નાની ડુંગરી બની રહી હતી. વેદના વધવાને લીધે હું પથારીમાં પડ્યો પડ્યો તરફડિયાં મારવા લાગ્યો; તથા હવે કોઈ પૂછે તો કાંઈ કહેવું નહિ તથા નવો ઉપાય અજમાવવો નહિ, એમ નક્કી કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં મને ઠીક નથી જાણી મારાં એક વિધવા ફોઈ ખબર કાઢવા આવ્યાં. તે કહે કે, 'ભાઈ, તમે અંગ્રેજી ભણેલા તે ગણેલા નહિ. હું તો મને કાંઈ પણ થાય ત્યારે જરા લોટ ઘીમાં શેકી ખાઈ લઉં. જો બદામ હોય તો થોડી નાંખું, નહિ તો ઘી ખાંડ ને લોટ તો ઘરમાં હોય જ. તાવ આવે, ઉધરસ થાય, કે વા આવે, માથું દુઃખે કે સળેખમ થાય, તોપણ મારો તો એ એક જ ઇલાજ છે.'

ફોઈનું લાલ ચણોઠી જેવું શરીર જોતાં એ ઉપાય અજમાવવાની વાત મારા મનમાં ઊતરી. વળી શીરાનો સ્વાદ પણ કોને ન ગમે? માટે બીજા ઉપાય કરતાં ઘણી વધારે ખુશીથી ફોઈનો ઉપાય શરૂ કર્યો, અને બે ત્રણ દિવસ ચાલુ રાખ્યો. પણ આંજણી તો કશાને ગાંઠે નહિ. અંતે પાછો દાક્તરને ઘેર ગયો. તેમણે ચોપડેલી દવાઓનો ડુંગર ખોતરી કાઢ્યો, અને અંદરથી આંજણી નીકળી એટલે તેના ઉપર નસ્તર મૂક્યું. બગાડ નીકળી જતાંની સાથે જ મને આરામ લાગવા માંડ્યો. મારા જે જે હિતેચ્છુઓએ મારી દયા ખાઈને, મારા દુઃખનો ભાર ઓછો કરવા કાળજી રાખી હતી, તેમનો જાહેરમાં આભાર માનવાની આ તક લઉં છું.

સ્વાધ્યાય

૧. આ પાઠ વાંચીને તમને હસવું તો આવ્યું જ હશે. શાની ઉપર તે આવ્યું તે વિચારી કાઢો.

૨. શીરાથી શાની દવા થઈ?

૩. તમને આંજણી થઈ છે? તે શા રીતે મટેલી? તમને કોઈ પરોપકારી સલાહ મળેલી?

૪. આંખ પાસે નાની ડુંગરી શાની થઈ?

૫. આવી બીજી ગમતો વાંચવી હોય તો આ પાઠનું મૂળ પુસ્તક, સ્વ૦ રમણભાઈ નીલકંઠ કૃત 'હાસ્યમંદિર' જોજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧

તલવારનો વારસ

भेटे झूले छे तलवार, वीराजी केरी भेटे झूले रे;
भींते झूले छे तलवार, बापुजी केरी भींते झूले रे.
मारा बापुने, बहेन! वे वे कुंवरिया, बे वच्चे पाड्या छे भाग;
हां रे बहेनी! वे वच्चे पाड्या छे भाग. —वीराजी०
मोटे मागी छे महोल महेलातो वाडीओ; नाने मागी छे तलवार;
हां रे बहेनी! नाने मागी छे तलवार. —वीराजी०
मोटो महाले छे महोल मेडीनी साहेबी; नानो खेले छे शिकार—वीराजी०
मोटो चडियो छे कांई हाथी-अंबाडीए; नानेरो घोडे असवार—वीराजी०
मोटो काढे छे रोज कावा कसुंबला; नानेरो घूमे घमसाण—वीराजी०
मोटो पोढे छे लाल रंगीले ढोलिये; नानो डुंगरडानी धार—वीराजी०
मोटो मढावे वेढ वींटी ने हारला; नानो सजावे तलवार—वीराजी०
मोटाने सोहे हीर-जरियानी आंगडी; नानाने गेंडानी ढाल—वीराजी०
मोटो संताय सुणी शत्रुना रीडिया; नानेरो दे छे पडकार—वीराजी०
मोटो भाग्यो छे सेन शत्रुने भाळतां; नानेरो झींके छे घाव—वीराजी०
मोटो जीव्यो छे पाय शत्रुना पूजतो; नानेरो सूतो संग्राम—वीराजी०
मोटे रे, माडी! तारी कूखो लजावी; नाने उजाळ्या अवतार—वीराजी०
मोटानां मोत चार डाघुडे जाणियां; नानानी खांभी पूजाय—वीराजी०
भेटे झूले छे तलवार, वीराजी केरी भेटे झूले रे!
भींते झूले छे तलवार, बापुजी केरी भींते झूले रे!

સ્વાધ્યાય

૧. આ કાવ્ય શ્રી. ઝવેરચંદ મેઘાણીનું છે. બે ભાઈઓના જુદા શોખ વચ્ચે ફેર સમજ્યા? તમને કયો ગમે?

૨. 'બાર જણા' કાવ્યના ધૂળા શેઠ અને આ કાવ્યનો નાનો ભાઈ—એની બહાદુરીની સરખામણી કરો. એમાં ફેર ક્યાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદાનો શિષ્ય

આજથી લગભગ પોણા બસો વર્ષ પૂર્વે, ઇટાલીના એક નાના ગામડામાં, ઍન્ટોનિયો કૅનોવા કરીને એક છોકરો રહેતો હતો. તેનાં માબાપ ગરીબ હતાં. તેઓ મજૂરી કરીને પોતાનું પૂરું કરતાં હતાં. ઍન્ટોનિયો ત્રણ જ વર્ષનો હતો, ત્યારે તેના પિતા ગુજરી ગયા. યુરોપના દેશોમાં વિધવાવિવાહ સામાન્ય રિવાજ તરીકે પ્રચલિત છે; તે પ્રમાણે બાળક ઍન્ટોનિયોની મા બીજી વાર પરણી પોતાના નવા પતિને ત્યાં રહેવા ગઈ. પછી તેને ઉછેરીને મોટો કરવાની જવાબદારી તેનાં વૃદ્ધ દાદાદાદીએ ઉપાડી લીધી. એટલે કૅનોવાને તેમની પાસે રહેવાનું થયું.

કૅનોવાના દાદા સલાટનો ધંધો કરતા હતા. મોટી મોટી પથ્થરની ડગશોમાંથી મકાનને માટે જોઈતા ઘાટો ઘડીને એ પોતાનો રોટલો કમાતા. આ કામમાં તે પ્રવીણ કારીગર હતા. બાળક કૅનોવાને દાદાના આ કામમાં બહુ મજા પડતી. દાદા હાથમાં ટાંકણું કે છીણી અને હથોડી લઈને કામ કરતા હોય, ત્યારે કૅનોવા ઘણી વાર તે જોયા જ કરતો. ટક ટક કરતું ટાંકણું પથ્થરની રજ કોરતું કોરતું તેને ઉરાડતું હોય, તે કલાકોના કલાકો સુધી એકીટશે જોયા કરતાં બાળક કૅનોવાને થાક ચડતો નહિ. ધીમે ધીમે પથ્થરની બેડોળ ડગશ ટાંકણાંના ટકટકાટથી આકાર પકડતી. દાદા જાણે એ આકારને એ ડગશમાં ઢંકાયેલો ખોળી કાઢતા ન હોય!

કૅનોવાને થતું કે, લાવને હું પણ ટાંકણું ચલાવી જોઉં. એટલે તે પણ હથોડી ટાંકણા વડે પથ્થર પર રમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યો. ટાંકણું હાથમાં લે ને હથોડીથી તેના પર ટોચો મારે. કોક વાર પથ્થરમાં મોટું કાણું પાડી દે તો કોક વાર ટાંકણું વાંકું થઈ સરી જાય. એમ, શરૂઆતમાં તો ટોચો જ બરોબર ન વાગે. પણ કૅનોવા ધીરજવાળો છોકરો હતો. દાદાને બરોબર ફાવે છે તો મને કેમ ન ફાવે?—એમ એને થતું.

કૅનોવાને ઘડવાના કામમાં રસ પડે છે એ જોતાં દાદાને વાર ન લાગી. એટલે પોતાની કળા તેને શીખવવાની તેમણે શરૂઆત કરી. પ્રથમ તેને એમણે ચિત્રકળા તરફ વાળ્યો. કામેથી પાછા આવીને રોજ સાંજે તેના વૃદ્ધ દાદા એને અનેક રીતનું ચિત્રકામ શીખવે. કૅનોવાના આનંદનો પાર ન રહ્યો. ચિત્રો દોરતાં એ થાકે જ નહિ. આખો દહાડો એ કાંઈ ને કાંઈ દોર્યા જ કરે. હવે તો તે ઘરમાં જે જુએ તે દોરવા મથવા લાગ્યો. તેમાં તેણે પોતાનાં દાદાદાદીને ચીતરવાનું પણ ન છોડયું! આવા ખંતીલા અને મહેનતુ બાળકની પ્રગતિમાં પછી શી મણા રહે!

ચિત્રકામમાંથી હવે કૅનોવાએ પોતાનો હાથ માટી-કામ પર ચલાવવા માંડ્યો. એમાં તેને ચિત્રકામ કરતાં વધારે મજા પડી. સપાટી પરના ચિત્રના આકારો કાઢવા કરતાં તાદૃશ ઘન મૂર્તિઓ બનાવવામાં એને ખૂબ રસ પડવા લાગ્યો. આ એની પ્રગતિ જોઈને દાદાના આનંદનો પાર ન રહ્યો. તેમને મનમાં લાગ્યું કે, આગળ ઉપર મારો પૌત્ર જરૂર એક સરસ શિલ્પી તરીકે નામના મેળવશે.

એક દિવસ કૅનોવા તેના સાવકા પિતાને મળવા ગયો હતો. પાસેના એક ઉમરાવની હવેલીમાં તે કામ કરતો હતો. તે દિવસે એ ઉમરાવને ત્યાં જાફત હતી. અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા માણસો તેમાં આવવાના હતા. તૈયારીની ધમાલ ચાલતી હતી. જમવાનો વખત થવા આવ્યો હતો, એટલે નોકરો જમવાનો ઓરડો શણગારવા માટે દોડાદોડ કરી રહ્યા હતા. એક નોકર, જમવાના ટેબલની શોભા માટે, તેની વચ્ચે મૂકવાની પ્રતિમા લઈને જતો હતો. ઉતાવળના રઘવાટમાં તે એના હાથમાંથી પડી ગઈ અને જમીન પર અફળાતાં તેના ટુકડા થઈ ગયા! હવે? બીજી નવી પ્રતિમા લાવવાનો વખત નહોતો. અને શણગાર વગરનું ટેબલ તો કેમ જ રખાય! શેઠ ઠપકો ન આપે?

એવામાં એક બાળ-અવાજ સંભળાયો, 'ફિકર ન કરો; હું તમને અબઘડી બીજી પ્રતિમા ઘડી આપું છું.' તે અવાજ કૅનોવાનો હતો. આવડું નાનું છોકરું તે વળી શું કરી શકવાનું, એમ જ માની કેટલાક નોકર તો હસવા લાગ્યા! કૅનોવા એને ગણકાર્યા વગર પોતાને કામે વળ્યો.

ટેબલ ઉપર એણે સુંદર પીળા રંગના માખણનો એક મોટો લોંદો જોયો. સમયસૂચકતાથી એણે એમાંથી જ પ્રતિમા ઘડવાનું વિચાર્યું, અને પાસે પડેલી છરી વડે તરત જ એણે કામ શરૂ કર્યું. એક વાર તો પેલા હસતા નોકરો પણ થંભી ગયા. બધા શાંતિથી જોવા લાગ્યા. કૅનોવાની નાનકડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગળીઓ નીચે નરમ માખણમાંથી સિંહ-પ્રતિમા જન્મતી ગઈ, અને મહેમાનો આવે તે પહેલાં તો પીળી, આરસના જેવી રૂપાળી પ્રતિમા તૈયાર થઈ ગઈ! સૌના મોંમાંથી હાશની સાથે શાબાશનો અવાજ નીકળી પડ્યો.

ભોજન શરૂ થયું. મહેમાનોની આંખ સિંહના એ તાદૃશ પૂતળા પર ગયા વગર રહી નહિ. 'આ પૂતળું કોણે ઘડ્યું?'—એક મહેમાને પૂછ્યું.

શેઠે નોકરને બોલાવી પૂછ્યું. નોકરે કહ્યું કે એક નાના છોકરાની એ કૃતિ છે, ત્યારે શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો. 'ક્યાં છે એ બાળક?'—શેઠે નોકરને કહ્યું. નોકરે કૅનોવાને બોલાવી આણ્યો. શેઠે પૂછ્યું, 'તું આવી સરસ કળા કોની પાસે શીખ્યો?'

કૅનોવા—મારા દાદા પાસેથી.

આથી તો વળી શેઠને અચરજ થયું, કેમ કે એનો દાદો તો એક સામાન્ય સલાટ માત્ર હતો.

'છોકરા, તને આ કળાની કુદરતી બક્ષિસ હોય એમ લાગે છે. તું હવે મારે ઘેર જ રહે.' પછી તો એ ઉમરાવે કૅનોવા માટે મોટા શિલ્પીઓને શિક્ષક તરીકે રાખ્યા અને તે મોટો થયો એટલે તેને રોમ શહેરમાં આગળ શીખવાને માટે મોકલ્યો. મોટપણે કૅનોવા યુરોપનો એક મહાન શિલ્પી નીવડ્યો અને આજ સુધી એની તે નામના કાયમ છે. એના દાદા તો તેની આ નામના જોવા ન પામ્યા; પણ કૅનોવા પોતાની નામના અને આબાદી પોતાના એ મૂળ-ગુરુને જ આભારી છે એમ માની એમને કદી ભૂલ્યો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ચિત્રકળા અને શિલ્પ વચ્ચે શો ફેર ? માટી લઈ ને તેમાંથી રમકડું કે કશોક આકાર બનાવી જોજો. ચિત્રકળા કાંઈક તો તમે શીખતા હશો.

૨. કૅનોવા શી રીતે ભણ્યો ? શાથી તે ફાવી શક્યો ?

૩. ખંત, મહેનત, ઉમળકો, ઉત્સાહ એ બધામાં જરા જરાક ફેર છે તે સ્પષ્ટ સમજો.

૪૩

કુદરતનું હળ

અળસિયું ન જોયું હોય એવું ભાગ્યે જ કોઈ હશે. ચોમાસામાં સવારે ઊઠીને જરાક બહાર નીકળો કે લાંબા લાંબા લિસોટા ને સેવોની ઢગલી કરતી જતી તેની સર્પાકાર કાયા તમને ક્યાંક ને ક્યાંક નજરમાં આવ્યા વગર નહિ રહે. તેનું શરીર કેવું કોમળ અને લીસું દેખાય છે! જરાક તમે આંગળી અડકાડો કે આંચકો ખાઈને કેવું એ ખમચાય છે અને ગૂંચળું વળે છે! ઇયળની પેઠે એ ચાલે છે અને એના જેવું જ એ રાંક છે. તે કરડતું નથી કે કોઈ રીતે આપણને પજવતું નથી. રાંકપણાની જાણે એ મૂર્તિ જ ન હોય! તેથી કરીને અટકચાળાં છોકરાં એ ગરીબ બિચારા પ્રાણીને ઘણી વાર નાહકનું સતાવે છે.

આખી દુનિયામાં આ પ્રાણી જોવામાં આવે છે. આપણે તો એકાદ જાતનું જ એ જોયું છે. પરંતુ જંતુ-શાસ્ત્રીઓએ ગણી કાઢ્યું છે કે, જગતમાં અળસિયાં લગભગ એક હજારથી વધારે જાતનાં થાય છે. લાંબામાં લાંબું કેવડું અળસિયું તમે જોયું છે? અર્ધા પોણા ફૂટથી લાંબું ભાગ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું હશે! પરંતુ કેટલાક ગરમ દેશોમાં તે ૩થી ૬ ફૂટ લાંબુ થાય છે. જાણે એક જાતનો સાપ જ ન હોય!

સર ચાર્લ્સ ડાર્વિન કરીને એક જગપ્રસિદ્ધ અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રી થઈ ગયો છે. તેણે પોતાની ૭૩ વર્ષની આખી જિંદગી કુદરતના નિરીક્ષણમાં જ ગાળી છે. એ પરથી એણે અનેક નવી વાતો શોધીને જગતને કહી છે. આ તમને નજીવા અને પામર લાગતા અળસિયાનો અભ્યાસ કરવા માટે એ મહાપુરુષે, ૩૦થી વધારે વર્ષો સુધી એનું નિરીક્ષણ કરી, તે ઉપર એક ગ્રંથ લખ્યો છે.

આવા પામર જીવ પર આટલું બધું નિરીક્ષણ અને ધ્યાન શું કામ, એમ આપણને કદાચ લાગશે. આપણને આમ લાગવાનું કારણ એ છે કે, કુદરત નિહાળીને તેનું વિજ્ઞાન શોધવાની શક્તિ આપણે કેળવતા નથી. કુદરતના અનેક ઝીણા ઝીણા જીવો નિહાળી તેમનો અભ્યાસ કરવાની ટેવ આપણે ખોઈ બેઠા છીએ. પરંતુ યુરોપમાં વિજ્ઞાન-શાસ્ત્રીઓ અસંખ્ય જીવોનો ઝીણવટથી અભ્યાસ કરે છે. એમાંથી એમને મળતા અનુભવોનું વર્ણન વાંચતાં ભારે આનંદ અને અદ્ભુત રસ આવે છે. આપણે આવા નિરીક્ષણની ટેવ ખૂબ કેળવવા જેવી છે. તે વગર આપણે વિજ્ઞાનમાં કદી પ્રગતિ કરી શકીશું નહિ.

ડાર્વિને અળસિયા પરના એના ગ્રંથમાં ખરેખર એક અદ્ભુત કથા જ વર્ણવી છે. તેણે એમાં કહ્યું છે કે, અળસિયું તો કુદરતનું હળ છે! ખેડૂતની પેઠે અળસિયું પણ જમીન ખેડનારું પ્રાણી છે, અને તે એવી જગાએ જઈને કામ કરે છે કે જ્યાં ખેડૂત પણ ન ફાવી શકે! આ સમજવાને માટે અળસિયાના જીવન વિષે થોડીક વાતો જાણવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અળસિયાને આંખો કે બીજી કોઈ પ્રકારની ખાસ ઇંદ્રિય હોતી નથી. ઘુવડ કે ઊધઈની પેઠે એ અજવાળાથી નાસે છે; એટલે દિવસ થતાં એ જમીનમાં પેસી જાય છે; તે રાતે ફરનારું—નિશાચર પ્રાણી છે. તેને આપણા જેવી એકે ઇંદ્રિય નથી, છતાં અમુક પ્રકારની સ્પર્શેંદ્રિય એને હશે એમ લાગે છે, કેમ કે પગના ધબકારાને તરત તે સમજી લે છે. પોતાનો ખોરાક મેળવવાને માટે તે પગાળાં પ્રાણીની પેઠે દોડાદોડ નથી કરતું, પણ પોતાની આસપાસ જે કાંઈ મળે તેનાથી સંતોષ પામે છે. તેને શું ખાવા જોઈએ છે? ઘાસ, પાંદડું કે ખડની સળી જે કાંઈ જમીન પરથી મળી આવે તેને એ ખાય છે.

જમીનમાં દર ખોદવાની એની ટેવ વિષે ખાસ જાણવા જેવું છે, કેમ કે તેથી જ તેને કુદરતનું હળ કહેવું જોઈએ. પોતાના માથાથી જોર કરીને તે પાસેની છૂટી માટી હઠાવે છે. એમ કરતાં જો એને જમીનમાં એકાદ તરાડ મળી જાય, તો તે પકડી લઈને ખોદવા માંડે છે. શી રીતે? ખરેખર, તે માટી ખાતું ખાતું માર્ગ કરતું જાય છે; માટીને તે ગળવા જ માંડે છે. ગળેલી માટી તેના પેટમાં જાય છે; ત્યાં તેમાં ચૂનાવાળા અમુક પાચક રસ ભેગા મળે છે. પછી એ મિશ્રણ એના પેટના સ્નાયુઓ રૂપી ઘંટીમાં દળાઈને બારીક થાય છે. એમાંથી વનસ્પતિનો ભાગ અળસિયાને પચી જાય છે. છેવટે રહેતી કચરા જેવી માટી બહાર નીકળે છે. ચોમાસામાં જો તમે જોશો તો અળસિયા પાસે ક્યાંક સેવના આંકડા જેવી માટીની ઢગલી જણાશે. આ ઢગલી અળસિયાએ માટી ખાઈને કાઢેલી અઘાર છે. અળસિયાં આ કામ કર્યા જ કરે છે; કેમ કે એમાં એમનું ભરણપોષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલું છે. ડાર્વિને અળસિયાંના આ કામનો અંદાજ કાઢ્યો છે, તે તમને નવાઈ પમાડે એવો લાગશે; પણ તે એક ચોકસ વિજ્ઞાનશાસ્ત્રીનો કાઢેલો છે એમ જાણજો. ડાર્વિન જણાવે છે કે, એક એકરમાં સરાસરી ૫૩,૦૦૦ અળસિયાં હોય છે; અને એક વર્ષમાં એટલી જમીનમાંથી ૧૦ ટન માટી એ અળસિયાંના પેટમાં જાય છે!

ઉપર આપણે જોયું કે, તે માટી પિસાઈને સાવ ઝીણી થઈ જાય છે. એ જ કામ હળ દ્વારા ખેડૂત પણ કરે છે. હળથી તે માટીને ખોદે છે. તેથી તે તળે ઉપર થાય છે; રોડાં હોય તે ભાંગીને નાનાં બને છે. આથી કરીને માટીના કણે કણે તથા હળ ઊંડે પહોંચે ત્યાં સુધી નીચે ઉપર બધે હવા, પ્રકાશ અને પાણીની અસર જઈ શકે છે. આ અસરથી જ જમીનમાં કસ આવે છે અને તેની ફળદ્રુપતા વધે છે, એટલે પાક સારો ઊતરે છે. એના ગજા પ્રમાણે અળસિયું પણ માટી તોડવાનું જ આ કીમતી કામ કરે છે; એ એનો ધંધો છે. જમીનમાં હળ ન જાય તેટલે ઊંડે સુધી તે જઈ શકે છે, અને ત્યાંથી માટી ખોદી લાવે છે. કેવું ભારે કામ, છતાં એને માટે પ્રભુએ કેવો નાજુક અને રાંક કામદાર બનાવ્યો છે! ખરે જ, ઈશ્વરની સૃષ્ટિમાં આવું પામર પ્રાણી પણ હેતુસર સરજાયું છે.

સ્વાધ્યાય

૧. અળસિયા પેઠે નકામું માનતા હોઈએ, છતાં કુદરતમાં બહુ ઉપયોગી કામ કરતું હોય, એવું બીજું કોઈ પ્રાણી કે જંતુ જાણો છો?

૨. ખેડૂતને મદદ કરનારા બીજા જીવો કયા કયા તે જાણજો. ઊધઈ, કીડી, પક્ષી, સાપ, ઉંદર આદિ ખેડૂતના ખેતરમાં રહે છે. તે કાંઈ મદદ કરતાં હશે?

૩. નાથુની વાડીના ચરુનો પાઠ યાદ આવ્યો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેરણ નીંદડી

[ઢાળ—કાચબા કાચબીના ભજનને મળતો]

आदम, तने नींदडी रे मधराते वेरण थई;
आदम, तने नींदडी वेरण थई. ध्रुव
पींजवा आण्युं बे मण रू ने कपासिया महीं खूब,
उंदरभाई ते खावा रातरे आव्या धूबाधूब;
त्यां घरमां दोटंदोटा थई. आदम० १
छापरामांथी काणुं करी त्यां आव्यां बिल्लीबाई;
जाळवी मार्यो मूसको तोये पडी पथारी मांही;
पींजारण कूदवा लागी गई. आदम० २
दीवासळीनुं न मळे ठेकाणुं, दीवामां दिवेट नहि;
आदम बापडो रतांधळो ने पींजारण तो रघवाई;
नानो त्यारे अलियो ऊठ्यो धाई. आदम० ३
अलिये ऊठी लाकडी लीधी, दोड्यो रसोडा मेर;
चार पैसानी हांडली आणी मेली'ती चूलानी बेड;
अलियाए लाकडी त्यां घुमावी. आदम० ४
उंदर नाठा, बिल्ली नाठी, समकारो ज्यां कीधो;
बेड उपरनी हांडली उपर, अलिये फटको दीधो;
बिचारी हांडली भांगी गई. आदम० ५
हांडली भांगी, घर तो भांग्युं, वासण न रह्युं कंई;
काल शुं मेलवुं रांधवा वासण? चित्तमां चिंता थई;
आदमने नींदरा वेरण थई. आदम० ६

५–११

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. અલિયાએ લાકડી શું કામ લીધી? ચોર માનીને?
૨. અલિયાના ઘરમાં શું લેવા જેવું હતું?
૩. આદમને નીંદર વેરણ થઈ તે કેવી રીતે?
૪. કવિ સુંદરમ્ કૃત 'કોયા ભગતની કડવી વાણી'માંથી આ કાવ્ય છે.

૪૫

હેલન કેલર

ઉત્તર અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં અલાબામા નામે એક રાજ્ય છે. તેના ટસ્કુમ્બિયા નામે ગામમાં ઈ. સ. ૧૮૮૦માં હેલન કેલર નામે એક બાળાનો જન્મ થયો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દોઢેક વર્ષની થઈ ત્યારે એને જીવલેણ તાવ આવ્યો. તેમાંથી એ બચી તો ગઈ, પણ પરિણામે તે આંધળી, બહેરી અને મૂંગી થઈ.

આંખ, કાન અને વાણીની શક્તિ વિનાના માનવીનું જીવન કેવું દુઃખમય થાય? આપણા દેશમાં જન્માંધ તથા જન્મથી મૂગાં-બહેરાં માણસોની દશા કેવી દયામણી હોય છે? પણ હેલનનાં માતાપિતા શ્રીમંત તેમ જ સંસ્કારી હતાં. તેમણે હેલનને આવી સ્થિતિમાંયે કેળવણી આપવા માટે અપાર પરિશ્રમ લીધો અને છૂટે હાથે પૈસો ખર્ચ્યો. તેને પરિણામે હેલને સ્પર્શેંદ્રિયની મદદથી, દેખતાં સાંભળતાં અને બોલતાં બાળકોના જેવી જ કેળવણી લીધી અને તે હાર્વર્ડ યુનિવર્સિટીની બી. એ. થઈ. જે જ્ઞાન આપણે આંખ કે કાનથી જ મેળવી શકીએ છીએ, તેને તે સ્પર્શથી મેળવવા શક્તિમાન થઈ. ઘોડા પર બેસવું, તરવું વગેરે પણ તે શીખી. વળી, તે વિદ્વાન લેખક અને કવિ પણ બની. અને મોટપણે આજ સુધી તે તેના જેવાં અપંગને અર્થે સેવાનાં કામોમાં જ પરોવાયેલી રહી છે.

એણે પોતાનું એક આત્મચરિત્ર લખ્યું છે. તે નાનાં મોટાં બધાંને બોધક અને રસમય લાગે એવું છે. એમાંથી થોડીક રસિક વાતો હવે વાંચીએ.

૧

'મારી માંદગી પછી તરતના થોડા માસ શું બન્યું એ વિષે કાંઈ યાદ આવી શકતું નથી. આટલી જ ખબર છે કે, હું મારી બાના ખોળામાં બેસતી, અથવા ઘરકામ કરતી તે આમતેમ ફરતી હોય તો તેના કપડાને વળગી રહેતી. મારા હાથ દરેક ચીજને સ્પર્શી જોતા અને દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતના હલનચલન પર ધ્યાન રાખતા. આ રીતે હું ઘણી ચીજોને ઓળખતાં શીખી હતી. એમાંથી પછી મેં સામા જોડે વાતચીત કરવા સારુ, ખોટીખરી, સૂઝી એવી નિશાનીઓ કરવા માંડી. માથું હલાવી ના કે હા સૂચવતી. ખેંચવાની ક્રિયા બતાવી 'આવો' અને ધકેલવાની ક્રિયા કરી 'જાઓ' એમ સમજાવતી. રોટી જોઈતી હોય તો તે કાપવાની અને તેને માખણ લગાડવાની ક્રિયાની નિશાની કરતી. આઇસ્ક્રીમ બનાવ એમ બાને કહેવું હોય તો સંચો ફેરવવાની ક્રિયા બતાવીને, ઠંડક સૂચવવા ધ્રૂજતી.

ઉપરાંત, મારી માતાએ પણ મને ઘણું શીખવ્યું હતું. એને ક્યારે શું જોઈએ છે તે હું હમેશ સમજી જતી, અને માળ પર કે બીજે જ્યાં કહે ત્યાં દોડીને તે લઈ આવતી.

પાંચ વર્ષની થઈ ત્યારે, ધોબીખાનેથી કપડાં આવે તે વાળી ગોઠવીને મૂકતાં મને આવડતું, અને એમાંથી મારાં કપડાં હું ઓળખી લેતી. મારી બા ને ફોઈ કપડાં બદલે તેની રીત પરથી હું જાણી જતી કે તે બહાર જાય છે, ને હું અચૂક મને સાથે લઈ જવા એમને આજીજી કરતી.

બીજા લોકોથી હું જુદી જાતનું બાળક છું એ ભાન પ્રથમ મને ક્યારે થયું એ યાદ નથી. પણ મને મારાં ગુરુજી મળ્યાં તે પહેલાં એ મેં જાણેલું. એટલું મારા ધ્યાનમાં આવ્યું હતું કે, કાંઈ કહેવું કરવું હોય ત્યારે મારી જેમ મારી બા કે મારાં મિત્રો નિશાનીઓ નહોતાં કરતાં, પરંતુ મોઢું વાપરતાં. કેટલીક વાર તેઓ વાત કરતાં ત્યારે બે જણ વચ્ચે ઊભી રહી હું એમના હોઠને અડકતી. પણ મને કશી સમજ ન પડે તેથી હું ચિડાતી. હુંય હોઠ હલાવતી ને આવેશમાં આવીને જોરભેર નિશાનીઓ કરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેનું કશું પરિણામ ન આવે તેથી એટલી તો ગુસ્સે થતી કે, થાકી જાઉં ત્યાં સુધી લાતો ફેંકતી ને ચીસો પાડતી.

મારા પિતાની પહેલામાં પહેલી મારી યાદગીરી આ પ્રકારની છે: તેમની બાજૂએ પડેલા છાપાંના ઢગલા વચ્ચે થઈને હું તેમની પાસે જતી ને હાથથી જોતી કે, તે એકલા મોં સામે કાગળનો કટકો રાખીને બેઠા છે. એમ બેઠા બેઠા એ શું કરતા હશે એ જાણવા હું બહુ મગજમારી કરતી. તેમની પેઠે બેસી મોં સામે હું કાગળ રાખતી; એમનાં ચશ્માં પણ પહેરતી;—એમ માનીને કે, તેવી રીતે કર્યાથી આ કોયડો ઊકલશે. પરંતુ કેટલાંય વર્ષો સુધી એ ગુપ્ત કોયડાનો ભેદ હું પામી શકી નહોતી. મારા પિતા એક છાપાના તંત્રી હતા.

આ અરસામાં, કૂંચીનો શો ઉપયોગ થાય, એ મેં ખોળી કાઢ્યું હતું. એક દહાડો સવારે મારી બા કોઠારમાં હતી ને મેં બહારથી તાળું વાસી દીધું! નોકર-ચાકરો ઘરથી દૂરના ભાગમાં હતા, એટલે એને કોઠારમાં ત્રણ કલાક પુરાઈ રહેવું પડ્યું. અંદર રહી મારી બા બારણું તો ઠોક્યા જ કરતી હતી, અને ડેલીનાં પગથિયાં પર બેઠી બેઠી હું એ ઠોકાટનો ધબકારો અનુભવતી આનંદથી હસતી હતી. આ મારા બહુ ભારે તોફાનથી મારાં માબાપને થઈ ગયું કે, હવે મને બનતી ત્વરાએ ભણાવવી જોઈએ.'

૨

'બાળપણમાંથી કિશોરાવસ્થામાં આવતાં, મારાં માતા-પિતાની મૂંઝવણ સવિશેષ વધી. સામા માણસને કાંઈ પણ જણાવવાનું મન મને વધારે ને વધારે થવા લાગતું. પરંતુ, જે થોડીક નિશાનીઓ મને આવડતી હતી, તેનાથી કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતું નહિ. તેથી હું એવી તો ક્રોધવશ થઈ જતી ને પરિણામે રડતી કે, શરીરશ્રમથી જ હું લોથ થઈને પડી જતી. આવા ક્રોધના આવેશના પ્રસંગો દિવસે દિવસે વધતા જતા હતા અને કોઈ વાર તો કલાકે કલાકે પણ બનતા.

અમે કોઈ મોટા શહેરમાં તો રહેતાં ન હતાં. એટલે આંધળાં કે બહેરાંની શાળા તો પાસે હતી નહિ. અને દૂર પડેલા ગામડાગામમાં કોઈ શિક્ષક આવે કે કેમ, એય સવાલ હતો. છતાં મારાં વહાલાં માતાપિતાએ નિરાશ થયા વગર શિક્ષક મેળવવા પ્રયત્ન આદર્યો, અને મારે સદ્‌ભાગ્યે તે ફળ્યો : મને મારાં જીવનદાતા શિક્ષિકા, એની મૅન્સફિલ્ડ સલિવન, મળી ગયાં. મારે મન, તે દિવસ મારી આખી જિંદગીમાં વધારેમાં વધારે મહત્ત્વનો છે. કેમ કે, એ મને જો ન મળ્યાં હોત તો મારું શું થાત, એ હું કલ્પી પણ શકતી નથી. આજ જે કાંઈ હું થઈ કે કરી શકી છું, એ એમને જ આભારી છે. એ મને મળ્યાં ત્યારે મને સાતમું વર્ષ પૂરું થવામાં ત્રણ માસ બાકી હતા.

આવીને બીજે જ દિવસે એમણે મારું શિક્ષણ શરૂ કર્યું. તે મને એમના ઓરડામાં લઈ ગયાં ને મારા હાથમાં એક ઢીંગલી આપી. થોડો વખત હું એની સાથે રમી. પછી કુમારી સલિવને ધીમેથી મારા હાથમાં 'ઢીં. ગ. લી' એમ અક્ષરો લખ્યા. આમ આંગળીઓથી રમવામાં મને મજા પડી અને હું એનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવા લાગી. એમ કરતાં કરતાં મને એ અક્ષરો લખતાં આવડી ગયું, ત્યારે મારા આનંદ અને અભિમાનનો પાર ન રહ્યો. નીચે મા પાસે દોડી જઈને મેં મારો હાથ ઊંચો કર્યો અને ઢીંગલી શબ્દ લખ્યો. પછી કેટલાક દિવસોમાં હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ઘણા શબ્દો એવી જ રીતે લખતાં શીખી. પણ, એ બધું, વાંદરું જેમ વગર સમજ્યે માત્ર અનુકરણ કરે છે, તે જ રીતે. વસ્તુનું નામ એ છે ને હું તે લખું છું, એવું કશું ભાન મને નહોતું. તેવું ભાન કેવી રીતે આવ્યું તે હવે કહું.

એક દહાડો હું મારી ઢીંગલી જોડે રમતી હતી. કુ૦ સલિવને બીજી એક ઢીંગલી લઈને મારા ખોળામાં મૂકી અને 'ઢીં . ગ . લી' એમ લખ્યું. આમ લખીને એમનો ઇરાદો મને એવું સમજાવવાનો હતો કે, 'ઢીંગલી' શબ્દ બેઉ ઢીંગલીને લાગુ પડે છે. આને સારુ એમણે કેટલીય માથાકૂટ કરી, પણ તે ન ફાવ્યાં ને હુંય કંટાળી, ને ચિડાઈને મેં મારી ઢીંગલી ભોંય પર પછાડી. તે ભાંગી ગઈ તેથી મને આનંદ થયો, કેમ કે મને ઢીંગલી પર વહાલ તો નહોતું જ.

પછી કુ૦ સલિવને મને ટોપી આપી. એ પરથી હું સમજી કે, હવે અમારે બહાર સૂર્યપ્રકાશમાં ફરવા જવાનું છે. અને તેના આનંદથી હું નાચવા લાગી.

ફરતાં ફરતાં અમે બેઉ જણ અમારા ઘરની પાણીની ટાંકી તરફ ગયાં. કોઈ પાણી કાઢતું હતું. મારાં ગુરુજીએ પાણીની ધારા નીચે મારો એક હાથ લઈને ધર્યો. પાણી તેના ઉપર પડીને નીચે વહ્યું જતું હતું તે વખતે, બીજા હાથ પર તેમણે પાણી શબ્દની જોડણી લખી. શરૂઆતમાં તે ધીમે ધીમે લખતાં હતાં; પછી તેમણે ઝપાટામાં લખવા માંડ્યું. હું એકાગ્ર બની એમની આંગળીઓ પર ધ્યાન રાખી સ્તબ્ધ ઊભી હતી. ઓચિંતું, કશુંક ભૂલી ગઈ હોઉં ને તે યાદ આવતું હોય, એમ મને લાગ્યું. તેથી કરીને આનંદનો અનુભવ થયો. અને તે વખતે મને ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી કે, 'પા....ણી' લખે છે તેનો અર્થ મારા હાથ પરથી વહેતો ઠંડો ચમત્કારી પદાર્થ છે. અનુભવની જોડે ઓળખાયેલા એ શબ્દે મારા જીવનમાં નવો પ્રકાશ, આશા અને આનંદ રેડ્યાં.

પછી તો ત્યાંથી ઘેર પાછાં જતાં રસ્તામાં જેને જેને અડકું તે દરેક ચીજ અર્થવાળી લાગતી. દરેક પદાર્થ કેવળ વસ્તુ નથી, પણ તેને ખાસ નામ હોય છે એમ સમજી. ઘેર ગઈ ત્યારે મને પેલી ફેંકી દીધેલી ઢીંગલી સાંભરી ને હું તરત ત્યાં દોડી. ભાંગેલા ટુકડા એકઠા કરી ગોઠવી દઈ પાછી ઢીંગલી બનાવવા લાગી. પણ તે વ્યર્થ હતું. ત્યારે મને, મેં શું કર્યું હતું, એનું ભાન થયું ને મારી આંખ આંસુથી ભરાઈ આવી. જિંદગીમાં પહેલી વાર મેં શોક અને પસ્તાવો અનુભવ્યાં તે આજ.

તે દિવસે હું ઘણા નવા શબ્દો શીખી. તે બધામાં આ શબ્દો શીખી હતી તે મને બરોબર યાદ છે: 'માતા, પિતા, બહેન, શિક્ષિકા.' તે ચમત્કારી દિવસે રાતે સૂતી સૂતી કેવો દિવ્ય આનંદ અનુભવતી હતી! તે દિવસે જીવનમાં પહેલી વાર મને થયું કે, નવો દિવસ હવે ક્યારે આવે!'

સ્વાધ્યાય

૧. બાપની પેઠે હેલન ચશ્માં શું કામ પહેરતી?

૨. હેલન તોફાન શું કામ કરતી હતી?

૩. હાથ પર પડતું પાણી અને લખાતો શબ્દ — એ વચ્ચેનો સંબંધ તમે સમજ્યા?

૪. હેલન નવો દિવસ ઊગવાની રાહ આતુરતાથી કેમ જુએ છે? જીવનમાં શો ફેર પડી ગયો? એનો આનંદ કલ્પી શકો છો?

૫. હેલનની આત્મકથા વાંચવા મન થાય તો તેનું નામ 'અપંગની પ્રતિભા' છે. હેલન જેવાં અપંગની શાળા જોવા જજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દકોશ

કોશમાં વાપરેલા વ્યાકરણના સંક્ષેપોની સમજ :

અ૦ અવ્યય
અ૦ક્રિ૦ અકર્મક ક્રિયાપદ
ક્રિ૦વિ૦ ક્રિયાવિશેષણ
ન૦ નપુંસકલિંગનું નામ
(પ.) પદ્યમાં ઘણું કરીને વપરાય છે
પું૦ પુંલ્લિંગનું નામ
બ૦વ૦ બહુવચન
વિ૦ વિશેષણ
સ૦ સર્વનામ
સ૦ક્રિ૦ સકર્મક ક્રિયાપદ
સ્ત્રી૦ સ્ત્રીલિંગનું નામ

અ

અકાર્ય ન૦ ન કરવા જેવું કામ; પાપ

અકાલ વિ૦ કાળ-સમયની મર્યાદા વગરનું; અમર

અગિયારી સ્ત્રી૦ જુઓ આતશબહેરામ

અગ્નિદાહ પું૦ (મડદાને) બાળવું તે

અટક સ્ત્રી૦ મુશ્કેલી

અતિશ વિ૦ (પ.) અતિશય; ખૂબ

અતિસાર પું૦ સંઘરણીનો રોગ. તેમાં ખાધેલું પચે નહિ ને ઝાડા થયા કરે છે.

અદ્વિતીય વિ૦ અજોડ; જેનો જોટો ન મળે એવું

અધ્યક્ષ પું૦ ઉપરી; વડો

અપનાવવું સ૦ક્રિ૦ પોતાનું કરવું

અફસોસ અ૦ અરર!

અબાધ વિ૦ હરકત કે રોકટોક વગર; નિરંકુશ

અરિષ્ટ પું૦ સૂરજ

અવધપુર ન૦
અવધપુરી સ્ત્રી૦ } અયોધ્યા નગરી

અશેષ વિ૦ બધું; સંપૂર્ણ

અસાધ્ય વિ૦ ન સાધી-કરી શકાય એવું; દુષ્કર

અંજલિ સ્ત્રી૦ પોશ; ખોબો

આ

આકર્ષક વિ૦ દિલને આકર્ષે – ખેંચે એવું; મજા પડે એવું

આગંતુક વિ૦ બહારથી આવી ચડતું

આતશ પું૦ અગ્નિ

આતશબહેરામ પું૦ પારસીઓનું દેવસ્થાન; અગિયારી

આત્મચરિત્ર ન૦ આત્મકથા; પોતે પોતાનું લખેલું જીવનચરિત્ર

આદર્શ પું૦ ધ્યેય; લક્ષ

આનંદાશ્ચર્ય ન૦ જેમાં આનંદ આવે એવું — મનગમતું આશ્ચર્ય

આપવીતી સ્ત્રી૦ પોતાનાં વીતક (૨) જુઓ આત્મચરિત્ર

આભારી વિ૦ ઉપકારવશ (૨) –ને લઈને થતું ('હોવું' સાથે)

આમજનતા સ્ત્રી૦ આમ=સામાન્ય, જનતા=લોક

આરત વિ૦ દુઃખી

આશ્રમવાસી પું૦ આશ્રમમાં રહેનાર

આશ્વાસન ન૦ સાંત્વન; દિલાસો

આસાએશ સ્ત્રી૦ આરામ; નિરાંત

આહાર-વિહાર પું૦ ખાનપાન અને હરવુંફરવું તે કે રહેણીકરણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગડી સ્ત્રી૦ અંગરખી

ઇ

ઇજારો પું૦ ઠેકો; કૉન્ટ્રાક્ટ
ઇતબાર પું૦ વિશ્વાસ; ભરોસો
ઇષ્ટ વિ૦ મનગમતું; પ્રિય

ઉ

ઉજેશ પું૦ ઉજાસ; પ્રકાશ
ઉજિઝકા સ્ત્રી૦ ઉઠાવીને બહાર ફેંકી દેનારી [કરવી તે
ઉત્તેજન ન૦ ઉત્સાહ આપી મદદ
ઉદ્‌ગાર પું૦ બોલ (કશી લાગણીનો)
ઉદ્યાનક્રીડા સ્ત્રી૦ ઉદ્યાન—બાગમાં ક્રીડા–ખેલ કે મજા
ઉપનયન ન૦ જનોઈ પહેરાવવાનો વિધિ — એક સંસ્કાર
ઉપરણું ન૦ ખેસ; પિછોડી
ઉરનિધિ પું૦ હૃદયરૂપી દરિયો

ઊ

ઊર્મિ સ્ત્રી૦ મોજું; તરંગ (૨) ભાવ; લાગણી

એ

એકચક્રે અ૦ એકહથ્થુ સત્તાથી; ચક્રવર્તી થઈને
એકાકી વિ૦ એકલું; એકલવાયું

ઓ

ઓધાર પું૦ ઉદ્ધાર [ભક્ત
ઓલિયો પું૦ મોટો પીર કે પ્રભુ-

ક

કમબખ્તી સ્ત્રી૦ કમનસીબ; દુર્ભાગ્ય
કમિટી સ્ત્રી૦ (જેલની તપાસ કરવા નિમાયેલી) સમિતિ
કળ સ્ત્રી૦ તંમર; મૂર્છા (૨) યુક્તિ
કળકળવું અ૦ક્રિ૦ કકળાટ કરવો; રોવું કકળવું
કંદરા સ્ત્રી૦ ગુફા; બખોલ
કાવા કસુંબલા=ઉકાળા ને કસુંબા જેવાં કૉફી કે તેજ પીણાં
કૃતાર્થી વિ૦ પોતાનો ઇરાદો પૂરો થવાથી થતા સંતોષવાળું; પ્રસન્ન
કેર પું૦ મહા ખરાબી; ગજબ
કોપ પું૦ ગજબ; કેર (૨) ગુસ્સો
કોપરનિકસ પું૦ (ઈ. સ. ૧૪૭૩–૧૫૪૩) પોલૅન્ડનો પ્રખ્યાત ખગોળશાસ્ત્રી
કૉલેરા પું૦ અધઓકનો રોગ
ક્ષત્રીવટ સ્ત્રી૦ ક્ષત્રિયનો ગુણ — બહાદુરી, હિંમત, દુખીદુર્બળનું રક્ષણ વગેરે

ખ

ખગ પું૦ પક્ષી
ખસમ પું૦ ધણી; પતિ
ખસૂસ અ૦ ખચીત; જરૂર
ખાસુખા અ૦ ખાસ ઇરાદો કરીને
ખાસિયત સ્ત્રી૦ ખાસ લક્ષણ
ખાંભી સ્ત્રી૦ પાળિયો; યાદગીરી માટે ખોડેલો સ્તંભ
ખુદાવંદ વિ૦ માલિક, સ્વામી (એ અર્થમાં સંબોધન)
ખુશનુમા વિ૦ સુંદર; મજેદાર
ખૂનરેજી સ્ત્રી૦ લોહી રેડવું તે; કતલ
ખેપ સ્ત્રી૦ ફેરો કે ફેરામાં આણેલો સામાન (૨) ધોબીનો કપડાંનો ગાંસડો
ખેપ કરવી—ફેરો ખાવો; કામ કરવું
ખેર સ્ત્રી૦ ક્ષેમકુશળ; ભલું
ખોડ ન૦ મોટું લાકડું કે જૂનું થડિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ

ગળવા (પગ) અ૦ક્રિ૦ પગ ઢીલા થવા; પગનું જોર ઓછું થવું

ગંજાવર વિ૦ ઘણું મોટું; જબરદસ્ત

ગ્રામવ્યવસ્થા સ્ત્રી૦ ગ્રામની વ્યવસ્થા–બધી જાતનો બંદોબસ્ત

ઘ

ઘટના સ્ત્રી૦ બનાવ

ઘન વિ૦ ત્રણે માપવાળું–લાંબું, પહોળું ને જાડું

ઘમસાણ ન૦ જબરું યુદ્ધ

ઘાંટી સ્ત્રી૦ મુશ્કેલીનો–બારીક વખત; કટોકટી

ઘોર સ્ત્રી૦ કબર

ચ

ચકોર વિ૦ તરત ચેતી જાય એવું

ચક્રવર્તી વિ૦ અનેક દેશો પર રાજ્ય કરનાર [દેવું તે

ચાપકો પું૦ દામ; ચપ દઈને ચાંપી

ચિકિત્સા સ્ત્રી૦ રોગની તપાસ

ચોપડીખોર વિ૦ ચોપડીઓમાં દટાઈ રહેનાર (૨) ચોપડી ખાનારું

ચોરાશી સ્ત્રી૦ ચોરાશી લક્ષ અવતારનો–જન્મમરણનો ફેરો

છ

છિન્નભિન્ન વિ૦ ભાંગેલું તૂટેલું

છૂટાબારી સ્ત્રી૦ છૂટવાની બારી; છૂટકાનો રસ્તો

જ

જનમવું સ૦ક્રિ૦ જન્મ આપવો; જણવું

જરા સ્ત્રી૦ વૃદ્ધ દશા; ઘડપણ

જલાંજલિ સ્ત્રી૦ પાણીની પોશ

જલ્લાદ પું૦ વધ કરનાર; મારો

જવાબદાર વિ૦ જુમ્મેદાર; કશાને જવાબ આપવાની ફરજવાળું

જહાંપનાહ પું૦ બાદશાહ

જંગી વિ૦ જબરું; મોટું

જંતુશાસ્ત્રી પું૦ જંતુઓના જીવનનું શાસ્ત્ર જાણનાર

જાફત સ્ત્રી૦ મિજબાની

જીવવિદ્યા સ્ત્રી૦ જીવો-પ્રાણીઓના જીવનવિષેની વિદ્યા; 'બાયોલૉજી'

જેલર પું૦ જેલની વ્યવસ્થા સંભાળનારો અમલદાર

ઝ

ઝઝૂમવું અ૦ક્રિ૦ ઝૂકવું (પા૦ ૯૬ માં ઝૂઝવું અર્થ કલ્પ્યો લાગે છે.)

ટ

ટાઇફૉઈડ પું૦ મુદતિયો તાવ

ટાયલી સ્ત્રી૦ દોઢડહાપણ; ટાયલું

ઠ

ઠલોઠલ અ૦ ઠલવાઈ જાય–બહાર પડી જાય તેમ; ઠેઠ સુધી ભરેલું

ડ

ડગશ સ્ત્રી૦ પથ્થરનું મોટું ડીમચું; મોટી શલ્યા [ઊંચકી જનાર

ડાઘુડો પું૦ ડાઘુ; મડદું બાળવા

ત

તજવીજ સ્ત્રી૦ કોશિશ; પ્રયત્ન

તથ્ય ન૦ સત્ય; સાચું

તમોગુણી વિ૦ ક્રોધી

તંત પું૦ હઠ; મમત

તંત્રી પું૦ છાપું ચલાવનાર; સંપાદક

તાગ પું૦ નિવેડો; ખુલાસો

તાત્કાલિક અ૦ તરતોતરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાદશ વિ૦ મૂળના જેવું જ; આબેહૂબ

તૂત ન૦ મોટી ગપ (પાઠ ૩૭ના કાવ્યમાં, 'ખાલી તોતિંગ' અર્થ લાગે છે. હાથી ભારે જબરો, પણ દરિયા આગળ તો તે 'તૂત' જેવો નકામો છે – એ અર્થ.)

ત્રાસદાયી વિ૦ ત્રાસ, પજવણી કે હેરાનગત કરનારું.

થ

થાળું ન૦ મૂળના ગાંઠાવાળો ઝાડના થડિયાનો ભાગ

દ

દફનાવવું સ૦ક્રિ૦ દાટવું (મુડદાને)

દમવું સ૦ક્રિ૦ પીડવું; દુઃખ દેવું

દાઘ પું૦ ડાઘ; કલંક

દિક્‌ખંડ પું૦ દિક્‌–દિશાનો ખંડ–વિભાગ

દિનચર્યા સ્ત્રી૦ આખા દિવસનો કાર્યક્રમ

દિલ્હી તો હજી દૂર હતું–છેવટે મેળવવાની વસ્તુ મળવાને હજી વાર હતી

દિવ્ય વિ૦ દૈવી; અલૌકિક

દીર્ઘાયુ વિ૦ લાંબા આયુષવાળું; ચિરંજીવી

દુન્યવી વિ૦ દુનિયાનું; સંસારી

દોરિયો પું૦ ગળાનું એક ઘરેણું

ધ

ધડો પું૦ દાખલો; દૃષ્ટાંત

ધનુર્વિદ્યા સ્ત્રી૦ ધનુષ ચલાવવાની વિદ્યા

ધર્મયુદ્ધ ન૦ ધર્મની રક્ષાને સારુ લડાતું યુદ્ધ

ધર્મસંસ્થાપક પું૦ ધર્મને સ્થાપનાર; નવો ધર્મ ચલાવનાર

ધર્મી પું૦ (અમુક) ધર્મનું માણસ

ધારણ ન૦ ધરી રાખવું–ટકાવવું, નભાવવું તે

ધૂબાધૂબ અ૦ ઉપરાઉપરી ધૂબ દઈને પડે એમ

ન

નગાધિરાજ પું૦ નગ=પર્વત તેમનો અધિરાજ=મહારાજ; પર્વતોનો મહારાજા–હિમાલય

નફરતકી નિગાહસે– નાપસંદગી કે તિરસ્કારની નજરથી

નસ્તર ન૦ વાઢકાપ કરવાની છરી

નામદાર વિ૦ માનવંતું

નાવલિયો પું૦ પતિ; ધણી

નિમગ્ન વિ૦ ગરકાવ; ડૂબી ગયેલું

નિરીક્ષણ ન૦ નિહાળવું તે; ઝીણવટથી કરાતી તપાસ

નિર્જન વિ૦ માણસની વસ્તી વગરનું

નિવૃત્તિ સ્ત્રી૦ અંત; છેડો

નિષેધ પું૦ ના પાડવી તે; મના

નિષ્ઠા સ્ત્રી૦ લગની; પ્રેમ; શ્રદ્ધા

પ

પડકાર પું૦ સામાવાળિયાને 'આવી જાઓ' એવું સંબોધન

પરિઘ પું૦ ગોળ–વર્તુળનો ઘેરાવો

પંચાંગ ન૦ કૅલેન્ડર; વાર તારીખ જોવાનું સાધન – તારીખિયું

પારખું ન૦ પરચો, પ્રતાપ (૨) પરીક્ષા

પાલક વિ૦ પાલન કરનારું—ઉછેરી મોટું કરનારું

પુણ્યપ્રભા સ્ત્રી૦ પવિત્ર તેજ

પુરુષપુરાણ પું૦ પ્રભુ; રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષાર્થ પું૦ ઉદ્યમ; મહેનત
પોલીસ-પાર્ટી સ્ત્રી૦ પોલીસની પાર્ટી એટલે ટુકડી
પ્રગટ અ૦ જાહેરમાં; સૌ સાંભળે એમ
પ્રચલિત વિ૦ ચાલુ કે ચાલતું આવેલું
પ્રજાસત્તાક વિ૦ પ્રજાની સત્તા—હકૂમત જેમાં ચાલતી હોય એવું
પ્રતિભા સ્ત્રી૦ પોતાની ખાસ શક્તિ કે સામર્થ્ય [મૂર્તિ
પ્રતિમા સ્ત્રી૦ બાવલું; પૂતળું;
પ્રમાણવું સ૦ક્રિ૦ ખરું માનવું
પ્રાચીન વિ૦ જૂનું; પૂર્વેનું (એથી ઊલટું 'અર્વાચીન')
પ્રાણવલ્લભ વિ૦ પ્રાણપ્રિય; પ્રાણ જેવું વહાલું
પ્રેમકલહ પું૦ પ્રેમનો ઝઘડો; પ્રેમથી હા ના–ખેંચાતાણ કરવી તે

ફ

ફસલ સ્ત્રી૦ પાકની મોસમ
ફંદ પું૦ જાળ; ફાંદો [ખોળવું
ફંફોસવું સ૦ક્રિ૦ જોઈ વળવું;
ફાની વિ૦ નાશવંત; ક્ષણિક
'ફ્રાઇડે' પું૦ શુક્રવાર

બ

બલિદાન ન૦ બલિ–ભોગ આપવો તે; કુરબાની
બાધક વિ૦ બાધ કરનારું; હરકતકર્તા
બાબુ પું૦ ગૃહસ્થ; સજ્જન; ભાઈ
બારું ન૦ બંદર [વગર
બેલાશક અ૦ વગર સંકોચે; અચકાયા
બેવકૂફ વિ૦ મૂર્ખ (૨) અજ્ઞાન
બેહાલ વિ૦ ભૂંડી દશા – દુર્દશામાં આવી પડેલું

ભ

ભજનિક પું૦ ભજન ગાનાર કે કરનાર [કરવાની કુટેવ
ભટકણવેડા પું૦બ૦વ૦ ભટક્યા
ભરથરી પું૦ રાવણહથ્થો કહેવાતું તંતુવાદ્ય લઈ ગાઈને ભીખ માગનાર એક જાતનો માણસ
ભૂમિદાહ પું૦ (મડદાને) દાટવું તે
ભેટ સ્ત્રી૦ કમરપટા પેઠે બંધાતું કપડું
ભેદભાવ પું૦ જુદા છીએ એવો ભાવ
ભોગવતી સ્ત્રી૦ ભોગી — ભોગ ભોગવનારી સ્ત્રી

મ

મનુષ્યાહારી વિ૦ માણસનો આહાર કરનારું; માણસને ખાનારું
મરણપ્રમાણ ન૦ મરવાના ટકા
મરામત સ્ત્રી૦ સમારકામ
મવાલી પું૦ ભિખારી
મહત્ત્વ ન૦ અગત્ય
મહાભિનિષ્ક્રમણ ન૦ મહા-મોટું અભિનિષ્ક્રમણ—બહાર નીકળવું તે; મોટો ગૃહત્યાગ [માણસ
મહાશય પું૦ સદ્ગૃહસ્થ; મોટો
માવો પું૦ માધવ; માવજી; પ્રભુ
મિજાજ પું૦ સ્વભાવ; પ્રકૃતિ
મિત વિ૦ માપસર; મર્યાદિત
મુગ્ધ વિ૦ મોહ પામેલું
મુદતિયો તાવ પું૦ અમુક મુદત રહીને જનારો તાવ–ટાઇફૉઈડ
મુલ્લાં પું૦ મુસલમાનોનો આચાર્ય કે ગોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસીબત સ્ત્રી૦ મુશ્કેલી; તકલીફ
મૂર્છિત વિ૦ મૂર્છામાં પડેલું; બેભાન
મૂંગું-બહેરું વિ૦ બહેરું અને તેથી બોલતાં ન આવડે માટે મૂંગું
મેઘ-મલાર પું૦ (મલાર રાગ ગાતાં પડે એવો) જબરો વરસાદ
મેર પું૦ મીર; અમીર (૨) અ૦ તરફ
મોક્ષસુખ ન૦ મોક્ષ–જન્મમરણના ફેરામાંથી છૂટવું તે, તેનું સુખ
મોબેદ પું૦ પારસીઓનો ગોર
મોરું ન૦ નંગ; ઉત્તમ વસ્તુ
મોલવી પું૦ મુસલમાન પંડિત

ય

યાવચ્ચંદ્રદિવાકરૌ અ૦ જ્યાં સુધી સૂરજચંદ્ર તપે ત્યાં સુધી; હંમેશ
યાહોમ અ૦ આપભોગ આપતી વખતે આ બોલ પોકારાય છે
યુદ્ધમંત્રી પું૦ રાજ્યનું યુદ્ધખાતું સંભાળનારો પ્રધાન

ર

રક્ષિકા સ્ત્રી૦ રક્ષણ કરનારી–સાચવનારી સ્ત્રી [પડવું
રગડાવું અ૦ક્રિ૦ હેરાન થવું; કષ્ટ
રાજદ્રોહી વિ૦ રાજ કે રાજાને વફાદાર નહિ તેવું
રામૈયો પું૦ રામ; બધે રમી રહેલા પ્રભુ
રાવણહથ્થો પું૦ નાની સારંગી જેવું (ભરથરીનું) વાદ્ય
રાહુ પું૦ એક ગ્રહ. તે ચંદ્રને ગળે છે તેથી ગ્રહણ થાય છે એમ મનાય છે.
રીડિયો પું૦ રીડ; બૂમ
રૂમી પું૦ [રૂમ = યુરોપી તુર્કસ્તાન] તેનો વતની — રોમન
રૂંવું ન૦ (પ.) રોમ; રૂંવું [નમાલું
રેઢિયાળ વિ૦ ઠેકાણા વગરનું;
રોટી સ્ત્રી૦ ડબલ રોટી; પાંઉ
રોમાંચક વિ૦ રોમ–રૂંવાં ખડાં કરી દે એવું [નારી સ્ત્રી
રોહિણી સ્ત્રી૦ ઉગાડનારી-વધાર-

લ

લઘુશંકા સ્ત્રી૦ એકી
લાલ પું૦ ફાંકડો માણસ
લોકભાષા સ્ત્રી૦ લોકમાં ચાલતી સામાન્ય ભાષા
લૌકિક વિ૦ લોકમાં ચાલતું

વ

વનચર વિ૦ વનમાં ચરતું–ફરતું એવું; જંગલી [હલાલ
વફાદાર વિ૦ સ્વામીભક્ત; નિમક-
વર્જ્ય વિ૦ છોડવા લાયક; હરામ
વર્ષા સ્ત્રી૦ ચોમાસું
વસાહતી પું૦ નવા દેશમાં આવીને વસવાટ કરનાર
વહાણવટી પું૦ ખલાસી
વહાણવટું ન૦ વહાણ ચલાવવું તે (૨) દરિયાઈ મુસાફરી
વાણિયાઈ સ્ત્રી૦ વાણિયાનો ગુણ–વેપારની કુનેહ, નફો નુકસાનની ગણતરી વગેરે
વાહન ન૦ ગાડી, મોટર જેવું સાધન
વિકાર પું૦ બગાડ (૨) ફેરફાર
વિજ્ઞાન ન૦ કોઈ વિષયનું ખાસ–અનુભવ કે પ્રયોગને આધારે મેળવેલું જ્ઞાન
વિઝિટર પું૦ 'કમિટી'નો સભ્ય (જુઓ 'કમિટી')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિટામિન ન૦ ખોરાકમાં હોતું એક ખાસ પોષક તત્ત્વ. આ તત્ત્વના અનેક પ્રકારો છે ને બધાં ખાદ્યોમાં બધા નથી હોતા—કોઈ હોય ને કોઈ ન હોય.

વિરલ વિ૦ જવલ્લે જ મળે એવું; દુર્લભ [કાબૂ વગરનું

વિવશ વિ૦ પરાધીન; પોતાના

વિષ્ટા સ્ત્રી૦ મળ [પામેલું

વિસ્મિત વિ૦ ચકિત; અચંબો

વૃત્તિ સ્ત્રી૦ મનનું વલણ

વૈદેહી સ્ત્રી૦ વિદેહ દેશના રાજા જનકની પુત્રી—સીતા

વૉર્ડર પું૦ કેદીઓની ટુકડીનો મુકાદમ

વ્યક્ત વિ૦ પ્રગટ; જાહેર; ખુલ્લું

વ્યવસ્થિત વિ૦ વ્યવસ્થાવાળું; બરોબર ગોઠવેલું

વ્યાધિગ્રસ્ત વિ૦ વ્યાધિથી ગ્રસ્ત—પકડાયેલું; રોગી; માંદું

શ

શરીરપ્રકૃતિ સ્ત્રી૦ શરીરની પ્રકૃતિ એટલે તબિયત

શહીદ પું૦ ધર્મને નામે જીવ દેનાર

શાશ્વત વિ૦ સનાતન; હંમેશ ટકનારું; કાયમી

શિકારવી (હૂંડી) સ૦ક્રિ૦ સ્વીકારવી

શિરચ્છેદ પું૦ શિરનો છેદ; માથું કાપવું તે

શિલ્પી પું૦ શિલ્પ—કોતરકામ જાણનાર

શિસ્ત સ્ત્રી૦ નિયમ પ્રમાણે—વ્યવસ્થાથી કરાતું વર્તન

શુશ્રૂષા સ્ત્રી૦ સેવાચાકરી; માવજત

શૃંગવેર પું૦ એક પર્વતનું પ્રાચીન નામ [વિચારવું

શોચવું સ૦ક્રિ૦ શોક કરવો (૨)

શ્રીગણેશ પું૦બ૦વ૦ (દરેક શુભ કામમાં પહેલું ગણેશપૂજન થાય, તે પરથી) પ્રારંભ, શુભ શરૂઆત

સ

સખોસખ અ૦ ઝપાટાબંધ

સમકારો પું૦ સમસમાવીને કરેલો પ્રહાર; સપાટો

સમયસૂચકતા સ્ત્રી૦ સમય જોઈને તરત ઘટતું કરવાનો ગુણ

સમાધિ સ્ત્રી૦ મનને એકાગ્ર કરી તલ્લીન બનવું તે

સર્વસ્વ ન૦ બધી જ છત; બધાં ધન, માલ, શક્તિ વગેરે [કરનાર

સલાટ પું૦ પથ્થર ઘડવાનું કામ

સલામત વિ૦ હયાત અને તંદુરસ્ત (એવું રહો, એ અર્થમાં નામ સાથે, આશિષ દેવા વપરાય છે.)

સહજબુદ્ધિ સ્ત્રી૦ અંતર-પ્રેરણાથી કુદરતી રીતે કામ કરતી બુદ્ધિ, જેવી કે પશુ-પક્ષીઓમાં હોય છે.

સહ્ય વિ૦ સહી શકાય—ખમાય એવું

સંકોચ પું૦ આંચકો; આનાકાની

સંધું વિ૦ (પ.) સઘળું; બધું

સામ્રાજ્ય ન૦ એક ચક્રવર્તી રાજાની અનેક દેશો પરની સત્તા; અનેક દેશોના સમ્રાટ—બાદશાહ હોવું તે

સાયર પું૦ સાગર [જાહેર

સાર્વજનિક વિ૦ સર્વે લોકોને લગતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસવૃત્તિ સ્ત્રી૦ જોખમ ભરેલા કામમાં ઝંપલાવવાની હામ
સાહેબી સ્ત્રી૦ વૈભવ
સાહેબો પું૦ ધણી; નાથ
સાંઢ સ્ત્રી૦ ઉતાવળી ચાલતી ઊંટડી
સાંત્વન ન૦ આશ્વાસન; શાંતિ
સુડોળ વિ૦ શોભીતું
સુષુમણા સ્ત્રી૦ ધ્યાનસમાધિમાં કામ કરતી તે એક ગૂઢ નાડી છે. યોગી લોકો એ વિષે જાણે છે.
સૂત્ર ન૦ ટૂંકું, ધ્યેય બતાવતું વાક્ય
સૌમ્ય વિ૦ હળવું; શાંતિભર્યું
સ્પર્શેંદ્રિય સ્ત્રી૦ સ્પર્શથી જાણવાની ઇંદ્રિય; ચામડી
સ્પેનિશ વિ૦ સ્પેનનું
સ્ફુરવું સ૦ક્રિ૦ એકાએક સૂઝવું કે નીપજવું
સ્મૃતિશાસ્ત્ર ન૦ ઋષિઓએ સ્મૃતિ–યાદદાસ્ત ઉપરથી લખેલું આચારવિચારના નિયમોનું શાસ્ત્ર. દા. ત. મનુસ્મૃતિ
સ્વગત અ૦ મનમાં (નાટકમાં પાત્ર પોતા પૂરતું બોલે એમ. એથી ઊલટું 'પ્રગટ')
સ્વજન પું૦ સગુંસંબંધી
સ્વમાન ન૦ પોતાની ઇજ્જત

હ

હકીમ પું૦ યુનાની ઢબનું વૈદું કરનાર
હજ સ્ત્રી૦ યાત્રા; સફર
હલાલ વિ૦ વાજબી; કાયદેસર
હસ્તીવર પું૦ હસ્તી–હાથીઓમાં વર–શ્રેષ્ઠ; ઉત્તમ હાથી
હાથિયો પું૦ હસ્ત નક્ષત્ર
હિજરત સ્ત્રી૦ વતન–સ્વદેશ છોડવો તે
હિતેચ્છુ વિ૦ હિત ઇચ્છનાર; ભલું તાકનાર
હિંસ્ર વિ૦ હિંસક; મારી નાખે એવું
હીણું વિ૦ હીન; હલકટ
હીનભાગ્ય વિ૦ કમનસીબ
હુતાશન પું૦ હુત = યજ્ઞમાં હોમેલું, તે અશન કરનાર-ખાનાર; અગ્નિ
હૃદયવેધી વિ૦ હૃદયને વેધે એવું–અસરકારક [મજબૂત
હૃષ્ટપુષ્ટ વિ૦ પહું; લઠ્ઠ; જાડું ને
હોશકોશ પું૦બ૦વ૦ ભાન; મનનું ઠેકાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar